વર્ષ : ૪૩ ❖ અંક : ૯
સપ્ટેમ્બર - ૨૦૧૯

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

Retail Price Rs. 10/- Each

# દિવ્યધ્વનિ

"અહમ્ રે અહમ્, તું જાને રે મરી,
પછી બાકી મારામાં રહે તે હરિ !!"



मेरा अहंकार ही मेरा बोझ है।

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના વેળાની તસવીરો
(તા. ૨૬-૦૮-૨૦૧૯ થી ૦૨-૦૯-૨૦૧૯)


પૂજ્યશ્રીની પાવન નિશ્રા


બા.બ્ર. સુરેશજી

## શીઘ્ર વકતવ્ય


શ્રી નવનીતભાઈ મિશ્રા


શ્રી અરવિંદભાઈ કારાણી


શ્રી મિતેશભાઈ શાહ


શ્રી રેખાબેન પરમાર્થી


શ્રી અરવિંદભાઈ પ્રજાપતિ


શ્રી વિપુલભાઈ પટેલ


શ્રી હિતેશભાઈ


શ્રી ધૈર્યભાઈ


સાંવત્સરિક પ્રતિક્રમણ




ભક્તિસંગીત


સાંસ્કૃતિક કાર્યક્રમ

5200 Copy & 2 Photo Positive

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) આત્મલક્ષ દ્વારા આત્માનુભૂતિ પ્રત્યે- ...........
........................ પૂજ્યશ્રી આત્માનંદજી .... ૬

(૩) આત્મદૃષ્ટિ, આત્મનિરીક્ષણ અને આત્મવિશ્લેષણ ......
....................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન...................... .
............. પ્રા. ચંદાબહેન પંચાલી................ ૧૨

(૫) શ્રી સામાયિક પાઠ ........... પૂજ્ય બહેનશ્રી .... ૧૫

(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી ...શ્રી અશોકભાઈ શાહ .... ૧૭

(૭) સમ્યક્ તપ .............. બા.બ્ર. શ્રી સુરેશજી .... ૨૨

(૮) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર .. શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૪

(૯) આત્માની સંબંધ શક્તિ .. શ્રી વલભજી હીરજી .... ૨૭

(૧૦) બાળ સંસ્કરણ ................................ ૨૮

(૧૧) જાગ માનવી જાગ ! .......................... ૩૧

(૧૨) પુસ્તક સમાલોચના .... શ્રી મિતેશભાઈ શાહ ..... ૩૨

(૧૩) બાળ વિભાગ .......... શ્રી મિતેશભાઈ શાહ .... ૩૩

(૧૪) જીવનસુમન : દિવાળી પુસ્તિકા .................. ૩૫

(૧૫) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૭



**વર્ષ : ૪૩ સપ્ટેમ્બર, ૨૦૧૯ અંક - ૯**



-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૯૫૬

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯
૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

mail@shrimadkoba.org, www.shrimadkoba.org



**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

નરસિંહ મહેતાએ ગાયું છે -

"રાત રહે જયાહરે પાછલી ખટ્‌ઘડી,
સાધુપુરુષે સૂઈ ન રહેવું,
જોગીયા હોય તેણે જોગ સંભારવા,
ભોગિયા હોય તેણે ભોગ ત્યજવા"

હે પ્રભુ ! આ વાત તો તદ્દન સાચી જ છે, પણ મનમાં એમ વિકલ્પ થયો કે અમારે આપને કઇ રીતે ઓળખવા જોઇએ ? આપને સંસારમાં રહેતા હોવાથી સંસારી કહેવા કે અશરીરી ભાવ હોવાથી અસંસારી કહેવા ? સાધુપુરુષે તો બ્રહ્મમુહૂર્તમાં ઊઠી જવું જોઇએ, પણ આપની નિદ્રા તો અલ્પ જ હતી ! નિવૃત્તિક્ષેત્રમાં જતા ત્યારે આપ નિર્જન જગ્યાઓમાં જઇને ધ્યાન કરતા. જીવજંતુઓનો ઉપદ્રવ સહન કરતા. કેટલીક વાર તો શ્લોકો બોલવામાં રાત્રિ પસાર થતી. સૂવા માટે ગાદલું પણ રાખતા નહીં ! આપ વૈશ્યવેશે વ્યવસાય કરતા હતા પણ આપની અંતર્વૃત્તિ તો અતિ અતિ ઉદાસીન હતી. આપે કહ્યું છે કે, "આ ઉદય એક ક્ષણ પણ જો અસત્તાને પામતો હોય તો અમે આ બધામાંથી ઊઠીને ચાલ્યા જઇએ એટલી મોકળાશ વર્તે છે !" હે પ્રભુ ! આપને કેવા કહેવા તેની અમને વિમાસણ છે ! તો પણ કહીએ છીએ-

એક તું છે અનેક જેવો, તારી તોલે કોઇ ન આવે રે,
તું મળ્યો પછી જગમાં કોઇ, બીજો મન ન ભાવે રે.
મંત્ર અનેક દીસે જગતમાં, તેમાં શિરોમણી નવકાર રે,
એની તોલે કોઇ ન આવે, એ તો ચૌદ પૂરવનો સાર રે.
નદી, સરોવર, ને ઝરણાં જગમાં, સાગરનો વિસ્તાર રે,
મેઘની તોલે કોઇ નવ આવે, મેઘ તો જલભંડાર રે.
પંખી વસતાં જગમાં વિધવિધ, હંસનો તોલ ન થાય રે,
ચારો ચરે એ મોતી તણો રે, માનસરોવરે સોહાય રે,
એવો મળ્યો છે તું કૃપાળુ ! તારી તોલે કોઇ ન આવે રે,
તું મળ્યો પછી જગમાં, કોઇ બીજો મન ન ભાવે રે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥


# શ્રી સદ્ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

**પત્રાંક ૩૭**

**મુંબઈ બંદર, આસો વદ ૨, ગુરુ, ૧૯૪૪**

**પાર્શ્વનાથ પરમાત્માને નમસ્કાર**



પ્રિય ભાઈ સત્યાભિલાષી ઉજમસી,

રાજનગર.

તમારું હસ્તલિખિત શુભપત્ર મને કાલે સાયંકાલે મલ્યું. તમારી તત્ત્વજિજ્ઞાસા માટે વિશેષ સંતોષ થયો.

જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી. કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છું; અને તેમ કરવામાં જ મારી પ્રવૃત્તિ છે. આ મહા બંધનથી રહિત થવામાં જે જે સાધન, પદાર્થ શ્રેષ્ઠ લાગે તે ગ્રહવા એ જ માન્યતા છે, તો પછી તે માટે જગતની અનુકૂળતા-પ્રતિકૂળતા શું જોવી ? તે ગમે તેમ બોલે પણ આત્મા જો બંધનરહિત થતો હોય, સમાધિમય દશા પામતો હોય તો તેમ કરી લેવું. એટલે કીર્તિ અપકીર્તિથી સર્વ કાળને માટે રહિત થઈ શકાશે.

અત્યારે એ વગેરે એમના પક્ષના લોકોના જે વિચારો મારે માટે પ્રવર્તે છે, તે મને ધ્યાનમાં સ્મૃત છે; પણ વિસ્મૃત કરવા એ જ શ્રેયસ્કર છે. તમે નિર્ભય રહેજો. મારે માટે કોઈ કંઈ કહે તે સાંભળી મૌન રહેજો; તેઓને માટે કંઈ શોક-હર્ષ કરશો નહીં. જે પુરુષ પર તમારો પ્રશસ્ત રાગ છે, તેના ઈષ્ટદેવ પરમાત્મા જિન, મહાયોગીંદ્ર પાર્શ્વનાથાદિકનું સ્મરણ રાખજો અને જેમ બને તેમ નિર્મોહી થઈ મુક્તદશાને ઈચ્છજો. જીવિતવ્ય કે જીવનપૂર્ણતા સંબંધી કંઈ સંકલ્પ-વિકલ્પ કરશો નહીં. ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પ-વિકલ્પને ભૂલી જજો; પાર્શ્વનાથાદિક યોગીશ્વરની દશાની સ્મૃતિ કરજો; અને તે જ અભિલાષા રાખ્યા રહેજો, એ જ તમને પુનઃ પુનઃ આશીર્વાદપૂર્વક મારી શિક્ષા છે. આ અલ્પજ્ઞ આત્મા પણ તે પદનો અભિલાષી અને તે પુરુષનાં ચરણકમળમાં તલ્લીન થયેલો દીન શિષ્ય છે. તમને તેવી શ્રદ્ધાની જ શિક્ષા દે છે. વીરસ્વામીનું બોધેલું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સર્વ સ્વરૂપ યથાતથ્ય છે, એ ભૂલશો નહીં. તેની શિક્ષાની કોઈ પણ પ્રકારે વિરાધના થઈ હોય, તે માટે પશ્ચાત્તાપ કરજો. આ કાળની અપેક્ષાએ મન, વચન, કાયા આત્મભાવે તેના ખોળામાં અર્પણ કરો. એ જ મોક્ષનો માર્ગ છે. જગતના સઘળા દર્શનની-મતની શ્રદ્ધાને ભૂલી જજો; જૈન સંબંધી સર્વ ખ્યાલ ભૂલી જજો; માત્ર તે સત્પુરુષોના અદ્ભુત, યોગસ્ફુરિત ચરિત્રમાં જ ઉપયોગને પ્રેરશો.

આ તમારા માનેલા 'મુરબ્બી' માટે કોઈ પણ પ્રકારે હર્ષ-શોક કરશો નહીં; તેની ઈચ્છા માત્ર સંકલ્પ-વિકલ્પથી રહિત થવાની જ છે; તેને અને આ વિચિત્ર જગતને કંઈ લાગતું વળગતું કે લેવાદેવા નથી. એટલે તેમાંથી તેને માટે ગમે તે વિચારો બંધાય કે બોલાય તે ભણી હવે જવા ઈચ્છા નથી. જગતમાંથી જે પરમાણુ પૂર્વકાળે ભેળાં કર્યા છે તે હળવે હળવે તેને આપી દઈ ઋણમુક્ત થવું, એ જ તેની સદા સઉપયોગી, વહાલી, શ્રેષ્ઠ અને પરમ જિજ્ઞાસા છે; બાકી તેને કંઈ આવડતું નથી; તે બીજું કંઈ ઈચ્છતો નથી; પૂર્વકર્મના આધારે તેનું સઘળું વિચરવું છે; એમ સમજી પરમ સંતોષ રાખજો; આ વાત ગુપ્ત રાખજો. કેમ આપણે માનીએ છીએ, અથવા કેમ

**(અનુસંધાન પાના નં. ૪૨ પર...)**

# આત્મલક્ષ દ્વારા આત્માનુભૂતિ પ્રત્યે

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



લેખનો આ ક્રમ અભ્યાસ અને વૈરાગ્યવાન, સંયમી સાધકો માટે છે. અભ્યાસુ એટલે નવતત્ત્વનો અભ્યાસ. તે તે નવતત્ત્વના અભ્યાસનો સાર એટલો કે આત્માને અને અનાત્માને અલગ કરો. અનાત્માની કિટ્ટા કરી તેનો ત્યાગ કરો અને આત્માની બુચ્ચા કરો. એટલે કે મિત્રતા કરો અને તેને આત્મસાત્ કરો. જગતના પદાર્થોની જેને ઘણી રુચિ છે, તે જગતના પદાર્થો જેને ઘણા ગમે છે તેમના માટે આ વિષય નથી. સંતો માર્મિક ભાષામાં કહે છે કે,

''જહાં કામ તહાં રામ નહીં, રામ તહાં નહીં કામ;
દોહુ સાથ મિલત નહીં, દિન રજની એક સાથ.''

વૈરાગ્યથી જેણે પોતાના આત્માને વિભૂષિત કર્યો છે તે સાધક છે. સાધક નિરંતર વૈરાગ્યનો પુટ આત્મામાં આપ્યા કરે છે. તે પુટ કેવી રીતે આપે છે? ''હું ભગવાનનો સેવક છું, હું સદ્‌ગુરુનો સેવક છું, મને બીજું કાંઈ જોઈતું નથી, હું શુદ્ધ આત્મસ્વરૂપી છું, હું જ્ઞાયક છું.''

હજુ જ્ઞાયક પ્રગટ નથી થયો, પણ તેની ભાવના કરે છે. આવા અભ્યાસમાં કોઈક દિવસ સફળતા મળી જાય તો અંશરૂપ જ્ઞાયક પ્રગટી જાય છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી તેને ''સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ'' કહે છે. સમ્યક્ત્વ થતાં આત્માના બધા ગુણો સમ્યક્‌રૂપ પરિણમિત થાય છે. જો કે તેમને ચારિત્ર નથી તો પણ અનંતાનુબંધી કષાયનો અભાવ થવાથી અંશરૂપ ચારિત્ર પ્રગટ થાય છે, જેને સમ્યક્ત્વાચરણ કહે છે. આપણે તો અહીં એ વિચારવાનું કે હું અભ્યાસસંપન્ન છું ? શું હું વૈરાગ્ય સંપન્ન છું ? હું સાધક છું ? જો ન હોઉં તો મારે સાધક બનવું છે. જો આ બધું ન હોય તો આત્મસ્વરૂપ પ્રગટે નહીં. ભલે, 'ભાવ' સારા હશે તો તેને અનુરૂપ થોડું પુણ્ય મળશે. આ વિશ્વવ્યવસ્થા છે.

પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે,

''પાત્ર વિના વસ્તુ ન રહે,
પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા,
બ્રહ્મચર્ય મતિમાન.''

અહીં બ્રહ્મચર્યનો વિષય છે એટલે બ્રહ્મચર્ય લીધું છે બાકી તો ક્ષમાદિ બધા ગુણો સમજવા.આપણે રોજ ૧૫, ૨૫ કે ૩૫ મિનિટ ધ્યાન કરીએ છીએ તે સારું છે, ઠીક છે; પરંતુ તે વાસ્તવમાં ધ્યાન નથી, સુવિચારનો અભ્યાસ છે અને તે પણ તારા અંતરના અભિપ્રાય અનુસાર. જ્યાં સુધી મિથ્યાત્વ, માયા અને નિદાન નામના ત્રણ શલ્યો છે ત્યાં સુધી વ્રત હોઈ શકે નહીં. એટલે શ્રી તત્વાર્થસૂત્ર સત્શાસ્ત્રમાં શ્રી ઉમાસ્વામી આચાર્યદેવે કહ્યું છે કે,

''નિઃશલ્યો વ્રતીઃ ।''

ચોથા ગુણસ્થાનમાં વ્રત નથી, પરંતુ વ્રતની રુચિ છે, ભાવના છે, વ્રત લેવાની તડપન છે. આપણે પણ વૈરાગ્ય અને અભ્યાસ વધારવો તથા પરમાત્માને જાણીને, મહાપુરુષોને જાણીને તેમની સાથે પ્રીતિ વધારવાથી ઘણા ગુણો પ્રગટ થાય છે. સત્‌દેવ-શાસ્ત્ર-ગુરુ અને તેમની આજ્ઞા પ્રત્યે પ્રચૂર પ્રીતિ કરવાથી જ આગળ જતાં આપણને આપણા આત્માની ઝલક મળશે. આત્મજ્ઞાનની પ્રાપ્તિનો આ જ રામબાણ ઈલાજ છે. આત્મજ્ઞાન થાય ત્યારે આત્માની ઝલક તો થોડી સેકન્ડ જ મળે છે, પરંતુ તે પછીના સમયમાં પણ તેની અસર જોવા મળે છે. જ્યારે આપણે તત્ત્વચિંતન કરીએ ત્યારે તેમાંથી પછી આત્મચિંતન

પર આવવું. તત્ત્વમાં તો આકાશ, કાળ, દ્રવ્યાદિ તથા મૈત્રી આદિ ચાર ભાવનારૂપ હોય છે તે સારું છે, તે કરવું જોઈએ. કારણ કે પ્રથમ આવી ભાવના ભાવ્યા વિના આત્મચિંતન થતું નથી. કષાયોની ઉપશાંતતા આત્મચિંતનની પૂર્વભૂમિકા છે. તે કરતાં કરતાં પછી તમે ભગવાનના સ્વરૂપચિંતન પર આવો ત્યાર પછી એવું ચિંતન કરવું કે આંખ બંધ હોવા છતાં ભગવાન દેખાય છે તે શેમાં દેખાય છે ? ભગવાન જેમાં ઝળકે છે તે જ હું છું. ધ્યાનમાં કોઈ ભગવાનનું ચિંતન કરે, ગુરુના સ્વરૂપનું કે તેમની આજ્ઞાના સ્વરૂપનું ચિંતન કરે તો તે ઠીક છે. સ્થિરતા માટે તથા ભાવોની જમાવટ માટે આ અવલંબનરૂપ સાધન છે, પરંતુ જ્યારે આપણે આત્મચિંતન કરીએ ત્યારે ચિંતન કરવાવાળો અને ચિંતનધારા બન્ને એક થઈ જાય છે. તે કેવી રીતે એક થઈ જાય છે તેનું વર્ણન આચાર્ય ભગવાને જ્ઞાનધ્યાનની મુખ્યતાથી તેની પ્રક્રિયા બતાવી છે. આત્મચિંતન કરવાનું પરમાર્થ ધ્યેય એ છે કે આપણને આત્માનો સ્પર્શ થાય છે. સ્વયંને સ્વયંનો સ્પર્શ થાય. સાચો સ્પર્શ ક્યારે થાય ? કે જ્યારે પર્યાયમાં થતું આત્મચિંતન કે જે નિરંતર બદલાયા કરે છે તે ધીરે ધીરે સૂક્ષ્મ થતું જાય અને અંતે,

“ધ્યાતા ધ્યાન ધ્યેય ગતકામ,
હું સેવકને હું છું સ્વામ.”

આમ, સૂક્ષ્મ આત્મચિંતન કરતાં કરતાં આત્મસન્મુખ કેવી રીતે બનવું તે બતાવતાં આચાર્ય ભગવાન કહે છે કે આત્મચિંતન પર્યાયમાં થાય છે અને ભેદ (લક્ષ્ય) કોનો સાધવાનો છે ? આત્મદ્રવ્યનો. એક વિચાર છે અને બીજો વિચારક છે. આત્મા ધ્યાતા છે, પર્યાય ધ્યાન છે. તે જ્યારે આત્મામાં મળી જાય ત્યારે આત્માનો અનુભવ થાય.

“મૈં જ્ઞાનમાત્ર પરભાવ શૂન્ય,
હું સહજ જ્ઞાનઘન સ્વયં પૂર્ણ,
હું સત્ય સહજ આનંદધામ,
મૈં સહજાનંદ સ્વરૂપી હૂં”

અનુભવના સમયમાં શું થાય છે ? તો આચાર્યદેવ કહે છે કે, પરમાર્થથી અવક્તવ્યં. પણ આમ કહેવાથી શિષ્યનું કલ્યાણ કેવી રીતે થશે ? માટે શિષ્ય કહે છે કે ભગવાન અમને સમજાવો કે અમારે આત્માનો અનુભવ કેવી રીતે કરવો ? ત્યારે આચાર્ય ભગવાન કહે છે કે તું જે આત્મચિંતન કરે છે કે જેમાં તને સમ્મેદશિખર દેખાય છે, બાહુબલી ભગવાન દેખાય છે તેમાંથી આત્મસ્પર્શ કરવાનો છે. તેમ કરવાથી બાહુબલી ભગવાન આપણામાં સમાઈ જશે એમ વારંવાર ચિંતનનો અભ્યાસ કરવાથી ચિંતન અને ચિંતક બન્ને એક થઈ જાય. સાધક પ્રથમ ભગવાન, ગુરુદેવ, બાર ભાવના, ચાર ભાવનાનું ધ્યાન કરે છે. એમ કરતાં કરતાં પછી ચિંતન સૂક્ષ્મ થતું જાય છે. સૂક્ષ્મ કેવી રીતે થાય છે ? તો મારે કાંઈપણ ચિંતન કરવું નથી તેવો પ્રયત્ન કરવો પરંતુ ચિંતન કર્યા વિના રહેવાતું નથી કારણ કે ચિંતન કાંઈને કાંઈ તો થાય જ છે. ત્યારે એવો અભ્યાસ કરવો કે ચિંતનધારા નીકળે છે તે હું છું. આમ, વારંવાર જ્ઞાયક તરફ ઢળવાથી ચિંતન આપોઆપ સૂક્ષ્મ થઈ જાય છે તથા આત્મચિંતનમાંથી આત્મનિમગ્નતા આપણી ભૂમિકા (પાત્રતા) અનુસાર થાય છે. આત્મસ્પર્શ એટલે એમ ન સમજવું કે સ્પર્શ તો પુદ્‌ગલ દ્રવ્યની પર્યાય છે તો અહીં સ્પર્શ શબ્દ કેમ કહ્યો ? તો સ્પર્શનો અર્થ સંસ્પર્શ એટલે કે સમ્યક્ સ્પર્શ પોતે, પોતાનો સ્પર્શ કરવો તેનું નામ આત્મ-સંસ્પર્શ છે. આત્માનુભૂતિનું તાદૃશ વર્ણન કરતાં શ્રી સમયસાર ટીકાના રચયિતા અધ્યાત્મ યોગીશ્વર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્ય કળશ-૧૮૧ માં કહે છે :

प्रज्ञाछेत्री शीतेयं कथमपि निपुणै: पातिता सावधानै:
सूक्ष्मेडन्त: संधिबन्धे निपपति रभसादात्मकर्मोभयस्य।
आत्मानं मग्नमन्त: स्थिर विशद्‌लसद्धाम्नि चैतन्यपुरे,
बन्धं चाज्ञानभावे नियमितमभित: कुर्वति भिन्न भिन्नौ ॥

એટલે જે ચિંતન ચાલે છે તે પણ આત્મા જ છે, તે આત્માની જ પર્યાય છે, કારણ કે પર્યાય વિના આત્મા હોતો નથી. ચાર ગતિ તથા મોક્ષમાં પણ પર્યાય તો હોય જ છે. સિદ્ધ ભગવાનને પણ સમયે-

સમયે નવી-નવી પર્યાયો થાય છે. આવા સ્વરૂપનું માહાત્મ્ય આવવું જોઈએ. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી ભક્તિના વીસ દોહરામાં કહે છે કે,

**"અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;**
**અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ."**

જો તને ભગવાનનું તથા આત્માનું સ્વરૂપ ગમે નહીં તો પણ તેને જ ગમાડ, તેના વિના અનંત આનંદની પ્રાપ્તિનો બીજો કોઈ સાક્ષાત્ માર્ગ નથી. આપણે પરંપરા સાધનને જ ઇતિશ્રી ગણી તેમાં અટકી જઈએ છીએ પરંતુ આપણે એ કરવાનું નથી. પરંપરા સાધન દ્વારા પરમાર્થની પ્રાપ્તિ સુધી પહોંચવાનું છે.

આત્માનં એટલે આપણી અવસ્થા, આપણું ચિંતન. તેમાંથી ચિંતકમાં જવાનું છે. તે કેવી રીતે ? તો ચિંતનમાં એક-એક કરીને ૨૪ ભગવાન આવે તો તેમના પર ઉપયોગ એકાગ્ર ન કરતાં તે ભગવાન શેમાં દેખાય છે ? તેના પર ઉપયોગને એકાગ્ર કરવો. પ્રથમ તો વિચાર ઉપયોગપૂર્વક કરવા પડે, પછી ધીમે-ધીમે તે વિચાર કરવા નહીં પડે પણ સહજ વિચારો આવે છે તે ભગવાનને ચિંતનમાં બોલાવનાર જ્ઞાયક તેની તરફ વિચારધારાને ઝુકાવવી. તે આત્મદ્રવ્ય કેવું છે ? मग्नमंतं-સ્થિર, विशद એટલે સાગર જેવું અનંતગુણોથી ભરેલું છે. लसत् એટલે ઝગઝગાટ જ્ઞાનાનંદ યુક્ત છે. ભગવાન આત્મા તે આ વિશ્વનો સર્વોત્કૃષ્ટ પદાર્થ છે. પંડિત લાલન જ્યારે ઇંગ્લેન્ડની રાણી વિક્ટોરિયાને મળવા ગયા ત્યારે રાણીને એમ થયું કે આને હું પુદ્‌ગલની માયાજાળમાં ફસાવી દઉં ! એમ વિચારી તે કોહિનૂર હીરો લાવી અને પંડિતજીને કહ્યું કે જુઓ, આવો હીરો તમારા જીવનમાં તમે ક્યારેય જોયો છે ? ત્યારે પંડિત લાલને કહ્યું કે ઠીક છે માતાજી. ત્યારે રાણી કહે છે કે શું વાત છે લોકો તો આને જોઈને મોહિત થઈ જાય છે. આ હીરો એક લાખ અબજ પાઉન્ડનો છે તે તમને ખબર છે ? ત્યારે પંડિતજી કહે છે કે આ હીરો આટલો મોંઘો છે તેની કિંમત કોણે કરી ? તે કિંમત કરનાર ભગવાન આત્મા મોટો છે, અમૂલ્ય છે. અમે તો તેનું મૂલ્ય કરનાર આત્માને જ માનીએ છીએ અને તેને જાણવા માટે, અનુભવ કરવા માટે જ અમારું જીવન છે. આત્મા જ્ઞાનાનંદથી ભરેલો સમુદ્ર છે. સમુદ્રમાં ભરતી-ઓટ આવે પણ આત્મદ્રવ્યમાં (પારિણામિકભાવોની અપેક્ષાએ) ભરતી-ઓટ આવતી નથી. પરંતુ પર્યાયોમાં ભરતી-ઓટ આવ્યા કરે છે. मग्नमंत - मग्न એટલે મગન થવું શેમાં ? તો अंत એટલે આત્મદ્રવ્યમાં સ્થિર થવું, विशद એટલે મર્યાદારહિત. लसत् એટલે ઝગઝગાટ. આ બધું પુદ્‌ગલની ભાષામાં સમજવું નહીં પરંતુ આત્માની ભાષામાં ભાવરૂપે સમજવું. આવો ભગવાન આત્મા કેવો છે.

**"હું છું આત્મા સમ પરમાત્મા,**
**હું તો આનંદનું, આનંદનું, આનંદનું ધામ"**

આનંદનું ધામ ત્રણવાર કેમ કહ્યું ? તો હું ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છું અને આગામી અનંતકાળમાં રહીશ, એવું મારું આ આત્મદ્રવ્ય છે. તે દ્રવ્યમાં મારી પર્યાયને નિમગ્ન કરી દઈ સર્વ ઘાતીકર્મોનો નાશ કરી હું અનંતકાળ સુધી અનંત આનંદરૂપ થઈ જનાર છું. એવો હું મારા સ્વામીની આજ્ઞા માનનાર છું, મારા ગુરુની સેવા કરનાર છું અને તેમની વાણીરૂપ જે સત્શાસ્ત્ર છે તેમની આજ્ઞા અનુસાર આચરણ કરનાર છું.

चैतन्यपुरे - આચાર્ય ભગવાન મહાકવિ છે એટલે આવા શબ્દોનો પ્રયોગ કર્યો છે. આપણે જોઈએ છીએ કે દરિયામાં ભરતી-ઓટ આવે છે પણ ધારો કે તે સમુદ્રમાં ભરતી-ઓટ ન આવે ત્યારે શું તે સમુદ્રમાંથી રણ થઈ જાય છે ? ના એવું થતું નથી. તેવી જ રીતે આત્મરત્નાકરમાં પણ જેટલા કષાયોનો અભાવ થયો છે તેટલો આનંદ તો તેમાં હંમેશાં રહે જ છે સ્વયં આચાર્ય અને મહામુનિજન તો કહે છે કે જે આવ-જા કરે તેવો આનંદ અમારે જોઈતો નથી. અમારે તો જે કાયમ રહે એવો આનંદ જોઈએ છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવાળો આનંદ જોઈતો નથી પરંતુ અત્યારે અમારી એટલી પાત્રતા નથી કે શ્રેણી

ચઢી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લઈએ. ભાવના તથા પ્રામાણિક પુરુષાર્થ, વૈરાગ્ય, આજ્ઞાપાલન વગેરે વધતાં જાય તેમ-તેમ આત્મરૂપી ખાતામાં જમા પુંજી વધતી જાય છે અને એક દિવસ એવો આવી જશે કે,

**એમ પરાજય કરીને ચારિત્રમોહનો,**
**આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;**
**શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,**
**અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો.**
**અપૂર્વ૦ ૧૩**

આવા મહાન આચાર્યોનો એક જ ધંધો છે - આત્માનો અનુભવ કરવો તથા આત્માનુભવ કરવા માટે અન્યને પ્રેરણા આપવી. તેઓ મોક્ષપર્યંત ધ્યાન કરે છે.

"જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર,
તે ભાવે શુભભાવના, તે ઉતરે ભવ પાર."

આવા મહાપુરુષોને દુનિયાના પદાર્થો કે વ્યક્તિઓ પ્રત્યે આસક્તિ હોતી નથી. જેમણે આત્માનું અનંત ઐશ્વર્ય પ્રગટ કર્યું છે તેવા મારા સ્વામીનું જ ચિંતન, તેમના જ ગુણગાન, તેમનું જ શરણ લેવું તેને ભક્તિ કહે છે. વળી, આગળ અધ્યાત્મ યોગીશ્વર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્ય-'આત્મખ્યાતિ' કળશ-૧૮૫ માં કહે છે કે

सिध्धांतोऽयमुदात्तचित्तचरितैः मोक्षार्थिभिः सेव्यताम्
शुद्धं चिन्मयमेकमेव एकम् एव परमं ज्योतिः
र्सदैवास्म्यहम्"

सदा एव अस्मि अहं

ચિંતનમાં બેસીએ ત્યારે આવા સહજ જાણનહારનું ચિંતન કરવું. ભગવાન એવી ઇચ્છા કરતાં નથી કે હું આ જોઉં કારણ કે તેઓ તો પૂર્ણ થઈ ગયા છે. મુનિરાજ હજુ પૂર્ણ નથી થયા. જો કે તેઓ કોઈ વિકલ્પ કરતા નથી, પરંતુ ભૂમિકા અનુસાર ભગવાનની સ્મૃતિ આદિરૂપ વિકલ્પો થાય છે. માટે આપણે પણ શું ચિંતન કરવું ? દ્રવ્યકર્મ, નો કર્મ, ભાવકર્મથી રહિત હું છું. આત્મામાં કાંઈ કપાળમાં જ્ઞાન છે, હૃદયમાં શ્રદ્ધા છે, હાથ-પગમાં ચારિત્રગુણ છે એવું નથી. આત્મા જ્યારે જાણે છે ત્યારે શ્રદ્ધા પણ કરે છે અને ત્યારે તે રૂપ પરિણમન પણ કરે છે પણ આપણી સ્થૂળ બુદ્ધિ તેને પકડી શકતી નથી.

**ચિન્મય** - જાન્યુઆરી મહિનાના પહેલા અઠવાડિયામાં શુદ્ધ ઘી કેવું જામી જાય છે ! તેમ ચિન્મય એટલે આત્મમય, આનંદમય, જ્ઞાનમય આદિ સમજવું. પરંતુ અહીં ચિન્મય થવું છે માટે એક-એક ગુણમાં અટકવાનું નથી પરંતુ તે અનંત ગુણોના સમૂહરૂપ જ્ઞાયક આત્માનું જ લક્ષ્ય કરવું અને દેવ, ગુરુ આદિના વિકલ્પોનું પણ વિસ્મરણ કરી દેવું. વિસ્મરણ કરવું એટલે 'નેતિ-નેતિ' કરતાં જે છે તેમાં સ્થિર થવું. 'अहं एको खलु शुद्धो ।' આપણી સ્થિરતા એટલી ન થાય પરંતુ પાત્રતા વધારતા જવું, સંત કબીરદાસજી કહે છે કે,

"બનત બનત બન જાઈ, જાકી પૂરણ કમાઈ,
સાધુ કી સંગત પાઈ, જાકી પૂરણ કમાઈ."

જે જેની સંગતિ કરે તે તેના જેવો થાય છે. જે આત્માની સંગતિ કરે તે શુદ્ધાત્મારૂપ થઈ જાય છે. પરંતુ દેવ, ગુરુ, ધર્મના આશ્રય વિના તેની પ્રાપ્તિ થઈ શકતી નથી. લૌકિક કાર્યમાં ચાર-પાંચ લાખની મિલકત લેવી હોય તો પણ આપણે તેના નિષ્ણાતોની સલાહ વિના લેતા નથી, તો પરમાર્થ તો તેનાથી પણ સૂક્ષ્મ છે. હજુ સુધી જીવને ચૈતન્ય ચમત્કારથી પ્રીતિ થઈ નથી એટલે વ્યવહારમાં તો તું કુશળ છે પણ પરમાર્થમાં 'ઢ' છે.

**एकम् एव** - આચાર્ય ભગવાને 'एव' શબ્દનો આખી ટીકામાં ૭૦૦ વાર પ્રયોગ કર્યો છે, એટલે કે આત્માની જ આ ટીકામાં મુખ્યતા કરી છે. અહીં સ્યાદ્‌વાદને તેમણે ગૌણ કરી દીધો છે પણ આપણા એકત્વ સ્વરૂપની પકડ કરવાથી જ સમાધિ લાગશે. તેનો બીજો કોઈ ઉપાય નથી. પ્રથમ તો ભગવાનને 'પકડવા' પડશે પણ પછી જેણે ભગવાનને પકડ્યા છે તેને પકડવો. કોણે ભગવાનને

**(અનુસંધાન પાના નં. ૨૧ પર...)**

## પરમનો સ્પર્શ - ૧૧૦

# આત્મદૃષ્ટિ, આત્મનિરીક્ષણ અને આત્મવિશ્લેષણ

**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**

જન્મ્યા ત્યારથી જ આપણા પર કેટલા બધા વિચારો લાદવામાં આવ્યા છે. હજી આંખ ખોલીને આ દુનિયા વિશે કંઈક વિચારીએ, તે પહેલાં તો બીજાઓ આપણી આંખને વિચારો, માન્યતાઓ અને ભાવનાઓથી રંગી દેતા હોય છે. આને પરિણામે મૌલિક વિચાર કરવાની ઊર્જા નષ્ટ થવા લાગે છે અને એથી ય વિશેષ આત્મપ્રતીતિ વિનાના વિચારો જીવન પર પ્રાધાન્ય ભોગવે છે.

પરિણામ એ આવે છે કે જીવનમાં આગળ વધવું હોય, સદ્ગુણી બનવું હોય, સારા નાગરિક થવું હોય, નિપુણ ઉદ્યોગપતિ પુરવાર થવું હોય કે પછી આધ્યાત્મિક જગતમાં પ્રગતિ સાધવી હોય, ત્યારે સૌથી પહેલી આવશ્યકતા આત્મદૃષ્ટિની રહે છે. જો બહારથી ભીતર તરફ દૃષ્ટિ જશે તો જ માનવી એના વ્યવહારજગતમાં કે અધ્યાત્મજગતમાં પ્રગતિ સાધી શકશે.

આ રીતે ભીતરની વૃત્તિને જાણીને એને ઓળખવાનો પ્રયાસ કરવો જોઈએ. આંખો મીંચીને એને વિશે સૂત્રો, સૂક્તિઓ કે સુવચનો ઉચ્ચારવાં જોઈએ નહીં. એકવાર બાહ્યજગતમાંથી ભીતર તરફ દૃષ્ટિ કરશો એટલે પ્રચંડ પરિવર્તન આવશે. ફારસીમાં શબ્સતરીએ કહ્યું છે,

'બૂરૌ એ ખ્વાજા ખુદ રા નેક બેશનાસ' એટલે કે 'જા, એ ખ્વાજા પોતાની જાતને સારી રીતે ઓળખી લે'.

આ આત્મદૃષ્ટિ આવે એટલે આત્મનિરીક્ષણ શરૂ થશે અને આત્મનિરીક્ષણ થતાં જ તમે પોતે એમાં સક્રિય થશો. આજ સુધીમાં ગ્રંથોનાં ઉપદેશવચનોમાં જીવ્યા હતા. સદ્ગુરુ કે સંતની વાણીમાં રહ્યા હતા. ધર્મશાસ્ત્રોનો બોધ પામ્યા હતા, પરંતુ આ સઘળી ઘટના એ બહારની ઘટના હતી. બહારથી ભીતરમાં જાય એ યોગ્ય ન કહેવાય. ભીતરમાંથી પ્રગટે અને બહાર નીકળે એ યથાર્થ કહેવાય.

પરિણામે આત્મદૃષ્ટિથી આત્મનિરીક્ષણ કરતાં તમને પોતાને તમારી જાતની ઓળખ સાંપડશે. તમારી મર્યાદાઓ ઓળખાશે અને તમારા દોષોની જાણ થશે. તમને પોતાને એની અનુભૂતિ થશે. તમારી એ પ્રતીતિ પર જ તમારું અધ્યાત્મજીવન ઘડાતું હોય છે.એ નિજસ્વરૂપી ઓળખ અત્યંત આવશ્યક છે અને ઘણીવાર વ્યક્તિ મૂળને બદલે પાંદડા પકડી લેતી હોય છે. એ મૂળનો વિચાર કરતો નથી, અને માત્ર પાંદડાનો વિચાર કરે છે. એ પોતાના મનનો વિચાર કરતો નથી. અને તેથી જ ક્રોધ જાગે એવી ઘટના બનતાં એનું મન સરળતાથી ક્રોધની જ્વાળામાં કૂદી પડે છે.

એક અર્થમાં કહીએ તો આપણે બહાર લાગેલી આગને બૂઝાવીએ છીએ, પરંતુ અંદરની આગને બૂઝાવતા નથી. જો અંદર લાગેલી આગને વ્યક્તિ બૂઝાવે તો એ એની આત્મપ્રતીતિ પ્રમાણે વર્તન કરશે. જો એ માત્ર બહારની જ આગ બૂઝાવતો રહે, તો બનશે એવું કે એણે ક્રોધનાં અનિષ્ટ વિશે અનેક વ્યાખ્યાનો સાંભળ્યાં હશે, કેટલીય કથાઓ જાણી હશે, એના ભયાવહ સ્વરૂપ વિશે પૂરો ખ્યાલ હશે. શ્રીકૃષ્ણના મામા કંસનું ચરિત્ર કે પછી ભગવાન મહાવીરને દંશ દેનારા ચંડકૌશિકની વાત એ જાણતો હશે, પરંતુ જો એનો નોકર કોઈ ગફલત કરે કે જો એની પત્ની કોઈ ભૂલ કરે કે જો કોઈ પ્રતિકૂળ ઘટના બને, તો એના ક્રોધનો જ્વાળામુખી ફાટી નીકળશે. ક્યાં ગયું એનું ક્રોધ વિશેનું સઘળું જ્ઞાન? કારણ એટલું જ કે એ જ્ઞાન હતું. એ માત્ર કોરું, શુષ્ક જ્ઞાન હતું, એના હૃદયમાં કોઈ રૂપાંતર સધાયું નહોતું.

બહુ વિલક્ષણ લાગશે પણ એ હકીકત છે કે આત્મદૃષ્ટિ માટે પીડા સહન કરવી પડે છે, કારણ એટલું જ કે આ પીડાથી વ્યક્તિ પોતાને આળખી શકે છે. એના મનમાં એ પીડા થવી જોઈએ કે મોહગ્રસ્ત બનવાથી એના જીવનની આસપાસ અનિષ્ટોએ કેવો ઘેરો ઘાલ્યો છે. એના હૃદયમાં એવો અહેસાસ થવો જોઈએ કે સંપત્તિની આંધળી ઘેલછાએ એના જીવનના સુખને કેવો જાકારો આપ્યો છે. એણે ક્રોધ કર્યો અને કુટુંબમાં કેવી વેર અને અશાંતિની આગ ફાટી નીકળી. એણે કુટુંબના કેટલા લોકોના સુખ અને આનંદમાં

પલીતો ચાંપ્યો.

આ રીતે એ આત્મદૃષ્ટિ કરશે તો જ એને બોધ મળશે કે હવે પછી મોહ, દ્વેષ કે ક્રોધ કરવો નહીં. આથી તો સંત કબીરના બીજકની ૯૦મી સાખીમાં તેઓ કહે છે,

*મૂલ ગહે તે કામ હૈ, તૈ મતિ ભરમ ભુલાવ,*
*મન સાયર મનસા લહરિ, બહે કતહું મત જાવ //*

અર્થાત્ ' નિજ - સ્વરૂપનો બોધ તથા સ્થિતિ ગ્રહણ કરવાથી જ કલ્યાણ છે. હે માનવ! તું અનેક પ્રકારની વાણી તેમજ માન્યતાઓના ભ્રમમાં પડીને પોતાના સ્વરૂપને ભૂલીશ નહીં. મન સમુદ્ર છે અને તેની ઇચ્છાઓ તરંગ છે. એમાં તણાઈને ક્યાંય ન જવું.'

માણસે એના નિજસ્વરૂપને સમજવું જોઈએ. જો એ સ્વરૂપને સમજે નહીં તો ગમે તેટલા પૂજાપાઠ કરે, રોજેરોજ સત્સંગ કરે, તો પણ એના મનમાંથી મોહ અને ક્રોધના વિકાર જશે નહીં. આ બધા વિકારો અંદર ભરેલા રહે અને બહાર માત્ર પારકાના બોજથી જીવવાનું હોય તો તેનો કશો અર્થ નથી.

આમ, પોતાને ભૂલીને પારકા પાસે જનાર કશું પામતો નથી. બીજી વ્યક્તિ પાસેથી કદાચ સમજ મળે, સારા - નરસાનો ખ્યાલ સાંપડે, થોડી વિચારદૃષ્ટિ પ્રાપ્ત થાય, પરંતુ ભીતરની તપાસ તો વ્યક્તિએ સ્વયં કરવાની હોય છે અને એથી જ જીવનમાં જેમ આત્મવિશ્વાસ મહત્વનો છે, એ જ રીતે સાધનામાં આત્મદૃષ્ટિ મહત્ત્વની છે. આવી આત્મદૃષ્ટિ પામવા માટે હિંદીના કવિ અજ્ઞેયજીએ કહ્યું છે કે આત્મપીડન આત્મદર્શનનું માધ્યમ છે. અહીં પીડા એટલે પોતાની જાતને ઓળખવા માટેની તૈયારી.

માણસની વૃત્તિ બીજાની પીડા જોઈ આનંદ પામવાની હોય છે, પરંતુ પોતાના જીવનમાં જાગેલી પીડાઓને જોઈને આત્મદૃષ્ટિ કેળવવાની હોતી નથી અને એથી જ વ્યક્તિએ કોઈપણ બોધ પ્રાપ્ત કરવા માટે પહેલા સ્વયં પ્રયાસ કરવો જોઈએ. આ સ્વયં પ્રયાસ એટલે આત્મનિરીક્ષણ. પોતાને મોહ જાગે ત્યારે મન કઈ વસ્તુ જોઈને નાચવા લાગે છે ? પોતાને ક્રોધ થયો ત્યારે વાણીમાં અપશબ્દો, ચહેરા પર વિકૃતિ અને અવાજમાં ગુસ્સો કઈ રીતે પ્રગટ થયો હતો? દ્વેષની વૃત્તિ જાગી એટલે મન ક્યાંય પણ બીજાના જીવનમાં પોતાનાથી વધુ સારું કે ચડિયાતું જુએ ત્યારે કેવું અમલાય છે ! પોતાની વૃત્તિની વાત વ્યક્તિ પોતે જ જાણી શકે અને પોતાની વૃત્તિને પણ વ્યક્તિ પોતે જ વશમાં રાખી શકે.

વૃત્તિનું દમન એ સૌથી વધુ જોખમી છે અને વૃત્તિની ઓળખ એ સૌથી સાચો માર્ગ છે. દમનથી રાખેલી વૃત્તિ પ્રસંગ મળતાં જ એકાએક ભભૂકી ઊઠે છે, કોઈ નિમિત્ત મળતાં એ તરત બહાર પ્રગટ થાય છે. આથી જો એ વૃત્તિની ઓળખ હશે તો તરત જ હૃદય જાગ્રત થઈ જશે. જૈન ગ્રંથોએ આથી જ અપ્રમાદની વાત કરી છે. સંત કબીર જેવાએ આને કારણે જ સાવધાનીની વાત કરી અને આવી સાવધાની પ્રગટ્યા પછી વ્યક્તિ આત્મવિશ્લેષણ તરફ જશે.

આથી તો પ્રસિદ્ધ શાયર ઈકબાલે માર્મિક રીતે કહ્યું,

*ઢૂંઢતા ફિરતા હું એ 'ઈકબાલ' અપને-આપકો,*
*આપકો હી ખોયા મુસાફિર, આપ હી મંજિલ હૂં મેં ॥*

અહીં શાયર કહે છે કે અહીં હું જ મુસાફર છું અને હું જ મંઝિલ છું. વ્યક્તિએ પોતે જ ભીતરની સફર શરૂ કરવાની છે અને એ સફર માટેનો માર્ગ પણ એની પાસે છે. આ રીતે પહેલું સોપાન થશે આત્મદૃષ્ટિ, જ્યાં વ્યક્તિ સ્વયંમાં દૃષ્ટિ કરવાનો પ્રયાસ કરશે. બાહ્યજગતમાં દોડતા ચિત્તને આંતરજગત ભણી વાળશે. એ પછીનું એનું બીજું સોપાન આત્મનિરીક્ષણનું છે, જ્યાં એ પોતે સ્વ - દોષોનું આત્મનિરીક્ષણ કરશે. એ નિરિક્ષણ માટે કોઈ સાધક રોજનીશી પણ રાખતા હોય છે, તો કોઈ સાધક પોતાનામાં રહેલા વૃત્તિઓના પ્રાબલ્યનો તાગ મેળવતા હોય છે. કારણ એટલું જ કે ક્રોધ હોય, પણ મોહ ન પણ હોય. એનામાં લોભ હોય, પણ દ્વેષ ન હોય. એવું બને કે એક દુર્વૃત્તિની પાછળ બીજી દુર્વૃત્તિ ધીમે પગલે ચાલી આવતી હોય છે. પરંતુ મુખ્યત્વે તો વ્યક્તિમાં એક વૃત્તિનું પ્રાબલ્ય હોય છે. એ પછી સાધનાનું ત્રીજું સોપાન એ આત્મવિશ્લેષણનું છે. જ્યાં એ વૃત્તિનો ઝંઝાવાત આવતાં પોતાના જીવનમાં, ચિત્તમાં કે આસપાસના કુટુંબ કે જગતમાં કેવાં અવળાં પ્રત્યાઘાત પડે છે એનું એ વિશ્લેષણ કરે છે અને પછી એનું આ જ્ઞાન એને સાચી સમજ આપશે કે હવે મોહ જાગે, ક્રોધ જન્મે એવા પ્રસંગોએ કેવી સાવધાની રાખવી. આ રીતે પોતાની જાતની જાણકારી એ જ વ્યક્તિને માટે સૌથી મોટો બોધ કે ઉપદેશ બને છે.

• • •

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્રનું અમૃતરસપાન (ક્રમાંક-૬૯)

**પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)**

આસ્થાજીતવર, શબ્દજીતવર અને ચારિત્ર જીતવર એવા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી વિશ્વનો અચંબો છે. તેઓશ્રીની જ્ઞાનગિરા પત્રાંક ૭૮૧ વચનામૃતમાં અંકિત છે, ''વ્યવહાર અથવા પરમાર્થ સંબંધી કોઈપણ જીવ વિશેની વૃત્તિ હોય તે તે ઉપશાંત કરી કેવળ અસંગ ઉપયોગે અથવા પરમપુરુષની ઉપર કહી છે તે દશાના અવલંબે આત્મસ્થિતિ કરવી એમ વિજ્ઞાપના છે, કેમકે બીજો કોઈપણ વિકલ્પ રાખવા જેવું નથી. જે કોઇ સાચા અંતઃકરણે સત્પુરુષના વચનને ગ્રહણ કરશે તે સત્યને પામશે. એમાં કોઇ સંશય નથી; અને શરીરનિર્વાહાદિ વ્યવહાર સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે પ્રાપ્ત થવા યોગ્ય છે, એટલે તે વિષે પણ કંઇ વિકલ્પ રાખવા યોગ્ય નથી. જે વિકલ્પ તમે ઘણું કરીને શમાવ્યો છે, તો પણ નિશ્ચયના બળવાનપણાને અર્થે દર્શાવ્યું છે. સર્વ જીવ પ્રત્યે, સર્વ ભાવ પ્રત્યે અખંડ એકરસ વીતરાગદશા રાખવી એ જ સર્વ જ્ઞાનનું ફળ છે. આત્મા શુદ્ધચૈતન્ય, જન્મજરામરણરહિત અસંગ સ્વરૂપ છે; એમાં સર્વ જ્ઞાન સમાય છે; તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્‌દર્શન સમાય છે; આત્માને અસંગસ્વરૂપે સ્વભાવદશા રહે તે સમ્યક્‌ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ અને વીતરાગદશા છે. જેના સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય છે, એ કેવળ નિઃસંદેહ છે; કેવળ નિઃસંદેહ છે. એ જ વિનંતી.'' હૃદયસખા શ્રી સોભાગભાઈને પરમાર્થ સંબંધી સંબોધન કર્યું છે.

આચાર્યશ્રી પૂજ્યપાદસ્વામી વિરચિત 'સમાધિતંત્ર' ગ્રંથનું અમૃતરસપાન કરી રહ્યા છીએ. આપણે શ્લોક ૪૦ માં અભ્યાસ કર્યો કે અન્તરાત્માને ચારિત્રમોહ વશ બાહ્ય શરીરાદિ તથા ઇન્દ્રિયોના વિષયોમાં રાગ થાય તો ભેદવિજ્ઞાન દ્વારા ઉપયોગને હઠાવી શુદ્ધાત્મસ્વરૂપમાં જોડવો. તેમ કરવાથી શરીરાદિ પ્રત્યેનો પ્રેમ-રાગ નાશ પામે છે. ત્યારે આચાર્યદેવને પ્રશ્ન કરે છે કે - રાગ નાશ પામે તો શું થાય છે ? તેનો પ્રત્યુત્તર શ્લોક-૪૧ માં આપે છે,

**आत्मविभ्रमजं दुःखमात्मज्ञानात् प्रशाम्यति ।**
**नायतास्तत्र निर्वान्ति कृत्वापि परमं तपः ॥ ४१॥**

**અન્વય :** आत्मविभ्रमं दुःखं आत्मज्ञानात् प्रशाम्यति तत्र आयताः परमं तपः कृत्वा अपि न निर्वान्ति ॥

**શબ્દાર્થ :** आत्मविभ्रमजं - આત્મવિભ્રમથી ઉત્પન્ન થયેલું, दुःखं = દુઃખ, आत्मज्ञानात् = આત્મજ્ઞાનથી, प्रशाम्यति = (આત્મજ્ઞાનથી) શાંત થાય છે. तत्र = ત્યાં (ભેદજ્ઞાનદ્વારા - આત્મ સ્વરૂપની પ્રાપ્તિ કરવામાં) अयताः જે પ્રયત્ન કરતાં નથી તે परमं = ઉત્કૃષ્ટ तपः = તપ कृत्वा अपि = કરવા છતાં પણ न निर्वान्ति = નિર્વાણ પામતાં નથી.

**ભાષાન્તર :** આત્માના વિભ્રમથી ઉત્પન્ન થયેલું દુઃખ આત્મજ્ઞાનથી શાંત થાય છે. ત્યાં ભેદજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવામાં જે પ્રયત્ન કરતાં નથી તે ઉત્કૃષ્ટ તપ કરે તો પણ નિર્વાણને પામતાં નથી.

**ભાવાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્ય ભેદવિજ્ઞાનની પ્રધાનતાથી મોક્ષમાર્ગનું નિરૂપણ કરે છે. આત્મભ્રાન્તિ સર્વ દુઃખનું મૂળ છે. આત્મભ્રાન્તિનો નાશ ભેદવિજ્ઞાનના ઉપાયથી થાય છે. આત્મા સંબંધી અયથાર્થ કલ્પના તે ભ્રાન્તિ છે. પરમકૃપાળુદેવ 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં નિરૂપે છે,

''આત્મભ્રાન્તિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણઃ
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.''

આત્માની જ ભ્રાન્તિ તે મહારોગ છે. સુજાણ એવા સદ્‌ગુરુની આજ્ઞારૂપ પથ્ય પાળે. વિચાર અને ધ્યાનરૂપ ઔષધ છે. એકબીજાના અભાવે એકબીજાનું કાર્ય ન થાય. વૈદ્ય જોઇએ. પથ્ય (ચરી) પાળવી પડે

અને ઔષધ પણ લેવાય તો આત્મભ્રાન્તિ રૂપી રોગ નાશ પામે છે. જ્ઞાન વિના તપ આદિ અન્યથા ઉપાયો કરવાથી આત્મપ્રાપ્તિ થતી નથી. કર્મભાવ જે જીવે ઉભા કર્યા તે અજ્ઞાનથી કર્યા. અજ્ઞાનનો નાશ આત્મભાવમાં રહેવાથી થાય એટલે કહ્યું **तमसो मा** ज्योतिर्गमय । - તમસ = અંધકારમાંથી જ્ઞાનજ્યોતિ તરફ જવાથી અજ્ઞાન અંધકાર નાશ પામે છે. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

**''ક્લેશ વાસિત મન સંસાર,**
**ક્લેશરહિત મન તે ભવપાર''**

પરમકૃપાળુદેવના અધ્યાત્મવચનો છે, 'સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી, તેમાં કિંચિત્માત્ર સંશય નથી. આરંભ-પરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે; સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે; અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવસ્વરૂપ સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે; એ વાત કેવળ સત્ય છે.''

જેને આત્મભ્રાન્તિ વર્તે છે તે વીતરાગના વચનોને યથાર્થ સ્વીકારી શકતા નથી. તેઓનું આચરણ અંધ સમાન હોય છે. શ્રી પદ્મનંદિ આચાર્ય 'પદ્મનંદિ પંચવિંશતિ' ગ્રંથના અધિકાર-પહેલાના શ્લોક ૧૨૫માં લખે છે, ''જે સર્વજ્ઞના વચનમાં સંદેહ કરીને પોતાની બુદ્ધિથી તત્ત્વના વિષયમાં અન્યથા કાંઇક કલ્પના કરે છે તે અજ્ઞાની પુરુષ નિર્મળ નેત્રોવાળા પુરુષ દ્વારા જોવામાં આવેલ આકાશમાં વિહરતા પક્ષીઓની સંખ્યાની બાબતમાં વિવાદ કરનાર આંધળા સમાન આચરણ કરે છે.'' ભ્રાન્તિમાં જીવનાર મનુષ્ય કોઇપણ ઉપાય કરે તો સફળ થતો નથી. અજ્ઞાન તેને સત્યજ્ઞાન પ્રતિ વિચારમાં વિઘ્ન ઊભા કરે છે. મહાપુરુષો કહે છે કે અખંડ શ્રદ્ધા આત્માની રાખવી. શ્રદ્ધામાં ખંડ ખંડ નથી. શ્રદ્ધા અખંડ એવા નિજ ચૈતન્યસ્વરૂપ આત્માનો સ્વીકાર કરે છે. જ્ઞાનમાં ખંડ ખંડ થાય છે પરંતુ ખંડ ખંડ જ્ઞાન અખંડ એવી શ્રદ્ધાને પુષ્ટ કરે છે. ભેદવિજ્ઞાનના સમ્યક્ ઉપાયથી આત્મભ્રાન્તિનો નાશ થાય છે.

**વિશેષાર્થ :** શ્લોકના શબ્દોમાં રહેલા રહસ્યોને સમજવા વિચાર કરીએ. શ્રી પૂજ્યપાદ આચાર્ય જીવને સમાધિ-આત્મસમાધિ સુધી પહોંચાડવાનો ઉપાય બતાવે છે. તેમાં પ્રથમ છે-

आत्मविभ्रमजं दुःखं - આત્મભ્રાન્તિથી ઉત્પન્ન થતું દુઃખ આત્મભ્રાન્તિ એટલે સ્વ વિષેની વિપરીત માન્યતા. આત્મભ્રાન્તિ એટલે શાસ્ત્રજ્ઞાનનો ક્ષયોપશમ ઘણો હોય પણ આત્માના વેદનસ્થિતિ ન હોય તેને આત્મભ્રાન્તિ કહે છે. અનેક રીતે આ ભાવને પ્રગટ કરી શકાય. આત્મભ્રાન્તિથી ઉત્પન્ન થયેલું દુઃખ અનંત છે, જે મોહને કારણે જાણી શકાતું નથી. દેહાદિમાં આત્મબુદ્ધિ તે મહાન ભ્રમ છે. સામાન્યપણે દેહરોગ આ જન્મ સુધી રહે છે. આત્મભ્રાન્તિથી ઉત્પન્ન થતું દુઃખ ભવોભવ રહે છે.

આત્મભ્રાન્તિને કારણે હું શુદ્ધ ચૈતન્યમય સામર્થ્યશીલ આત્મા છું તે ભાન જીવને રહેતું નથી, જેથી મુક્તિનો પરમાનંદ પ્રાપ્ત થતો નથી. અંધકારમાં પડેલી દોરડી હોય; નહિ જાણનાર જીવ દોરડીને સર્પ માનીને ભ્રમિત થાય છે, તેમ અવિદ્યાના બળે દેહાદિમાં આત્મબુદ્ધિ માની લે છે અને દુઃખી થાય છે પણ જ્ઞાનરૂપી પ્રકાશ થતાં દોરડીની ભ્રાન્તિ દૂર થાય છે તથા નિર્ભયપણે રહી સર્પની ભ્રાન્તિમાંથી નીકળી જાય છે. ખરેખર ભ્રાન્તિ દૂર થતાં આનંદનો આવિર્ભાવ થાય છે.

એક બાળકે માતાને કહ્યું ''બા રૂમમાં સાપ છે. મને ભય લાગે છે.'' માતા કહે, ''સાપ ! હું આવું છું.'' કામ પૂરું કરી બાળક સાથે માતા જાય છે. રૂમમાં પ્રવેશ કરતાં પહેલા અંદરની લાઇટ કરે છે. પ્રકાશ પાથરે છે. બાળકને પૂર્વ છે, ''બેટા ! ક્યાં સાપ છે ?'' જુએ તો દોરડી વાંકીચૂકી પડી હતી. અજ્ઞાનને કારણે દોરડીમાં સર્પની ભ્રાન્તિ થઇ હતી. પ્રકાશ થતાં યથાર્થતા જણાઇ અને ભ્રમ દૂર થયો. જ્ઞાની સત્પુરુષ વારંવાર પ્રેમ, કરુણા અને વાત્સલ્યભાવથી બોધ આપે છે કે દેહાદિમાં આત્મબુદ્ધિ થવી તે ભ્રાન્તિ છે, જે ભવોભવનું ભ્રમણ તેમાં નિમિત્ત છે. માટે જ્ઞાન પ્રાપ્ત

કરી આત્મભ્રાન્તિથી મુક્ત થતાં અનુક્રમે મોક્ષની પ્રાપ્તિ થાય છે. પરમકૃપાળુદેવની દેવગિરા છે,

**“કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;**
**તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.”**

આત્મજ્ઞાન તે ભ્રાન્તિનાશનો શ્રેષ્ઠ ઉપાય છે. મિથ્યાભાવ, મિથ્યાપ્રવૃત્તિ, મિથ્યામાન્યતાથી આત્મભ્રાન્તિ ઉત્પન્ન થાય છે. સદ્‌ગુરુના કરુણામય ઉપદેશથી મિથ્યા માન્યતા ટળે છે. સદ્‌ગુરુબોધનો વિચાર કરતા વિચારની ભૂમિકામાં દેહ એ મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાન, દર્શન, સુખ આદિ અનંતગુણમય તત્ત્વ છું. દેહભાવમાં મિથ્યાભાવમાં રહીને ભ્રાન્તિમાં અનાદિકાળથી જીવ્યો છું. ખરેખર હું સ્વાધીન સુખમય પરમ પદાર્થ છું. માયા, મમત્વભાવ, તૃષ્ણા આદિથી દેહાદિમાં લોભાયો છું. આત્મજ્ઞાનના પરમ પુરુષાર્થથી મિથ્યાભાવ નાશ પામે છે. સર્વ ક્લેશથી અને સર્વદુઃખથી મુક્ત થવાનો ઉપાય આત્મ જ્ઞાન છે.

પરસ્પર લક્ષણોથી ભિન્ન એવા તત્ત્વોને અન્યોન્ય શો ઉપકાર છે ? કશો જ નથી. દેહ અચેતન જડ તત્ત્વ છે. આત્મા જ્ઞાનાદિ અનંત ગુણસંપન્ન તત્ત્વ છે. પરસ્પરનો સાંયોગિક સંબંધ માત્ર છે. ત્રણેય કાળને માટે અબાધિત નિયમ છે કે શુદ્ધ ધ્યાન દ્વારા શુદ્ધ યોગ કરવાથી આત્માનું ઐશ્વર્ય પ્રગટ થાય છે. શ્રી શીતલપ્રસાદજીના શબ્દભાવો પ્રેરક છે. “मिथ्याबुद्धिजीव दुर्गतिमें जाकर जो जो महान कष्ट उठाता है, ये सर्व दुःख आत्मा का सच्चा स्वरुप जानने से अर्थात् अनुभव करने से दूर हो जाते है ।”

**आत्मविभ्रमजं** આત્મભ્રાન્તિથી જે દુઃખ ઉત્પન્ન થાય છે તે અનંતસંસારમાં પરિભ્રમણનું કારણ બને છે. ખરેખર દુઃખ તો અજ્ઞાનથી ઉત્પન્ન થયું છે. દેહાદિ જડ પદાર્થોને મારા માની તેમાં જોડાઇ જાય છે. પરભાવમાં જોડાતા રાગભાવ થતાં જડકર્મો સ્વયં આત્મપ્રદેશોએ ચોંટી જાય છે. તે ભોગવવા ચારગતિ -મનુષ્ય, તિર્યંચ, નારક અને દેવગતિમાં જન્મ ધારણ કરવા પડે છે. આત્મભ્રાન્તિને કારણે જે ગતિમાં જીવ જન્મધારણ કરે છે તે ગતિમાં જે દેહ મળે તેમાં મમત્વબુદ્ધિ ઉત્પન્ન કરે છે. દેહ તે હું એ માન્યતા વર્તતી હોવાથી નવા કર્મો બંધાય છે. આમ ભવચક્ર ચાલુ રહે છે. જીવનો કાંઇ આરો ઓવારો થતો નથી. દેહાદિ અર્થાત્ દેહ અને દેહની સાથે સંબંધિત માતા, પિતા, પુત્ર, પુત્રી, પતિ, પત્ની, સંપત્તિ, સત્તા વગેરેમાં અહંબુદ્ધિ જીવ કરે છે. જેની સાથે જેટલા મમત્વથી જોડાય છે તેટલા રસથી કર્મ બંધાય છે અને તે ભોગવવા જીવ પરિભ્રમણ કરે છે.

પૂ. બેનશ્રી ચંપાબહેનની દેવગિરા કહે છે, “જીવ પોતે આખો ખોવાઇ ગયો તે જોતો નથી ને એક વસ્તુ ખોવાણી ત્યાં પોતે આખો ખોવાઇ ગયો, રોકાઇ ગયો રૂપિયા, ઘર, શરીર, પુત્ર, આદિમાં તું રોકાઇ ગયા. અરે તું વિચાર તો કર કે તું આખો દિવસ ક્યાં રોકાઇ ગયો, ત્યાં ભાઇ ! આત્મપ્રાપ્તિ કેવી રીતે થાય ? ..... આખા દિવસમાં આત્માર્થને પોષણ મળે તેવાં પરિણામ કેટલા છે ને બીજા પરિણામ કેટલા છે તે તપાસી પુરુષાર્થ તરફ વળવું. ચિંતવન ખાસ કરવું જોઇએ. કષાયમાં વેગમાં તણાતાં અટકવું, ગુણાગ્રાહી બનવું.” આ વચનામૃતોમાં સૂક્ષ્મ ભાવ રહસ્યો સમાયેલા છે. (ક્રમશઃ)

### વીણેલા મોતી

★ “બહિર્યુદ્ધનું શું પ્રયોજન છે ? અંતર્યુદ્ધ કરવું ઉચિત છે. જ્ઞાનરૂપ આત્મા વડે ક્રોધાદિક આત્માને જીતનાર સ્તુતિપાત્ર છે. જેણે મનોયોગાદિક જીત્યું, તેણે સર્વ જીત્યું.

★ જ્ઞાની પુરુષ જ એક એવો સંયોગ છે, મૂળ નિમિત્ત છે જે શુદ્ધાત્માનું ઉપાદાન કરાવે અને અહંકાર તથા મમતાનું - “હું અને મારું” નું અપાદાન કરાવે - એટલે કે પોતાનું સ્વરૂપ ગ્રહણ કરાવડાવે અને અહંકાર અને મમતાનો ત્યાગ કરાવે.

★ સંપત્તિ પેદા કરવાનો આપણને હક્ક છે, પણ એના માલિક થવાનો હક્ક નથી !

★ માણસનું મોટામાં મોટું બળ શુભ સંકલ્પ છે.

★ પ્રભાવના એટલે ઉદાર ભાવ અને ઉદાર અભિગમ. બીજાને ઉપયોગી થવાની ભાવના અને આપણી પાસે જે કંઇ સારું છે તે ઉદારદિલે આપવાની તૈયારી અને ત્યાગની અંતરની ઇચ્છા એટલે પ્રભાવના.

परम पूज्य श्री अमितगति आचार्य विरचित

# શ્રી અમિતગતિ સામાયિક પાઠ

### એક અનુચિંતન

પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી

(શ્લોક - ૧૧)

**यः स्मर्यते सर्व मुनीन्द्रवृन्दैः**
**यः स्तूयते सर्वनरामरेन्द्रैः ।**
**यो गीयते वेदपुराण शास्त्रैः**
**स देवदेवो हृदये ममास्ताम् ॥**

**अन्वयार्थ :** यः = જે, सर्वमुनीन्द्र वृन्दैः = સર્વ મુનિસંઘો દ્વારા स्मर्यते = સ્મરણ કરવામાં આવે છે, यः = જે, सर्वनरामरेन्द्रैः = સર્વ નરેન્દ્રો અને દેવેન્દ્રો દ્વારા स्तूयते = સ્તુત્ય છે તથા यः = જે, वेदपुराण शास्त्रैः = વેદ, પુરાણ અને શાસ્ત્રો દ્વારા, गीयते = ગાવામાં આવે છે. सः = તેવા, देवदेवः = અરિહંત (દેવાધિદેવ), मम = મારા, हृदये = હૃદયમાં, आस्ताम् = વિરાજમાન રહો.

**● પદ્યાનુવાદ :**

સ્મરણ કરે યોગી જનો જેનું ઘણા સન્માનથી,
વળી ઈન્દ્ર નર ને દેવ પણ સ્તુતિ કરે જેની અતિ;
એ વેદને પુરાણ જેનાં ગાય ગીતો હર્ષમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં.

**● ભાવાર્થ :**

આત્માની સાધના કરવામાં નિરત્ત એવા યોગીપુરુષો જેમનું અંતરના આદર સહિત સ્મરણ-ચિંતન કરે છે, દુનિયામાં મહાન ગણાતા એવા ઈન્દ્રાદિક દેવો અને અન્ય મહાપુરુષો પણ જેમની અતિશયપણે સ્તુતિ-ભક્તિ કરે છે, જગતનાં પ્રસિદ્ધ એવાં વેદ-પુરાણ વગેરે અનેક મોટા શાસ્ત્રો પણ જેમનો સહર્ષ મહિમા ગાય છે તેવા સર્વ દેવોના દેવ સિદ્ધ પરમાત્માને હું મારા હૃદયમાં નિવાસ કરે તેવી વિનંતી-પ્રાર્થના કરું છું.

**● વિશેષાર્થ :** युज्–योजयति-To unite, To communicate. એમ युज् ધાતુ પરથી યોગ શબ્દ બન્યો છે. જે પોતાના આત્માને સમ્યક્પણે પરમાત્મપદ સાથે જોડવાનો ઉદ્યમ કરે છે તેને યોગી કહે છે.

"આત્માનું પરમાત્મા સાથે મિલન
તેને કહે છે યોગ"

અષ્ટાંગ યોગ - યમ, નિયમ આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ-એમ આઠ અંગ છે. તેમાં મુખ્યતા ધ્યાન-સમાધિની છે કારણ કે આત્મધ્યાન દ્વારા સમાધિ તે જ સમ્યકત્વનું મુખ્ય સાધન છે. સમાધિની સિદ્ધિ અર્થે જ અષ્ટાંગ યોગની સાધના કરવામાં આવે છે. યોગની સાધના દ્વારા આપણો ઉપયોગ નિર્મળ થાય છે. તેને વિશેષ નિર્મળ કરવા યોગી પુરુષો, મુનિજનો પરમાત્માનું વારંવાર સ્મરણ કરે છે - ચિંતન કરે છે - મનન કરે છે અને સદ્વાંચન - સ્વાધ્યાય આદિ દ્વારા નિરંતર તેમનો જ પરિચય રહે તેવો અભ્યાસ કર્યા કરે છે.

યોગીજનો જેમનું સ્મરણ-ચિંતન કરે છે તે પરમાત્મા કેવા છે ?

● "તમે નીરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્ય પ્રકાશક છો"

- શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ-૫૬

"છે અષ્ટકર્મ વિનષ્ટ અષ્ટ મહાગુણે સંયુક્ત છે,
શાશ્વત પરમ ને લોક-અગ્ર વિરાજમાન શ્રી સિદ્ધ છે.

**- શ્રી નિયમસાર**

"ઘનઘાતીકર્મ વિહીનને ચોત્રીસ અતિશય યુક્ત છે;
કૈવલ્યજ્ઞાનાદિક પરમગુણ યુક્ત શ્રી અરિહંત છે."

**- શ્રી નિયમસાર**

શાસ્ત્રમાં પરમાત્મા દેહસહિત હોય તો તેને જિન-અરિહંત-તીર્થંકર-વીતરાગ ભગવાન કહેવામાં આવે છે. જ્યારે તે દેહનો ત્યાગ કરી નિર્વાણ પધારે છે - સિદ્ધશિલા ઉપર સ્થિર થઇ જાય છે તેમને સિદ્ધ-વિકલ-અશરીરી પરમાત્મા કહે છે. આ બન્ને પ્રકારોમાંથી ગમે તે પ્રકારે પરમાત્માનું ધ્યાન થઇ શકે છે કારણ કે પરમાર્થગુણો તો સરખા જ છે. નમસ્કારમંત્રમાં અરિહંત પરમાત્મા પ્રથમ છે કારણ કે તેમની મૂર્તિના દર્શન એ સાધકને માટે શ્રેષ્ઠ અવલંબન કહ્યું છે.

"દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસે ભર્યો,
ભાસ્યું આત્મસ્વરૂપ, અનાદિનો વિસર્યો હો લાલ."

**- શ્રી દેવચંદ્રજી મહારાજ**

દર્શનં દેવદેવસ્ય દર્શનં પાપ નાશનં,
દર્શનં સ્વર્ગ સોપાનં, દર્શનં મોક્ષ સાધનં.

**- દેવવંદન**

અબ કાલલબ્ધિ બલતેં દયાલ,
તુમ દર્શન પાય ભયો
મન શાંત ભયો મિટિ સકલ દ્વદ્વ,
ચાખ્યો સ્વાતમરસ દુઃખ નિકંદ

**- શ્રી દર્શનસ્તુતિ**

## ઉપસંહાર - આત્માર્થ-બોધ

આવા દેવાધિદેવ પરમાત્મા જે અનંત ગુણોથી ભરેલો છે, તેઓ નારાયણ, પ્રતિનારાયણ, સૌધર્મેન્દ્ર, અહમિન્દ્ર સૌ દ્વારા પૂજ્ય છે તથા જેમના ગુણોની યશોગાથા મોટા મોટા આચાર્યો અને ઋષિમુનિઓએ વેદપુરાણ આદિ અનેક પ્રસિદ્ધ શાસ્ત્રોમાં પણ કરેલી છે તેમને હું મારા હૃદય સિંહાસન ઉપર અત્યંત પ્રેમથી બિરાજમાન કરું છું, જેથી મારા સર્વ દોષોનો નાશ થઇ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ થઇ ત્વરાથી મોક્ષપદની પ્રાપ્તિ થાય.

मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्म भूभृतां,
ज्ञातारं विश्व तत्त्वानां वंदे तद्गुण लब्धये ।

**- श्री तत्त्वार्थसूत्र टीका**

**શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ**

**સમ્યક્ તપ .....**

(પાના નં. ૨૩ પરથી ચાલુ...)

અર્જિત કરી શત્રુને હરાવવાનો પ્રયત્ન કરે છે તથા જ્યાં સુધી તે એવું ન કરી લે ત્યાં સુધી તે નિરંતર દુઃખી રહે છે અને ક્યારેક તો પોતાના કષાયની પૂર્તિ ન થવાથી આત્મઘાત પણ કરી લે છે. આજકાલ જે આત્મહત્યાઓ થાય છે તે આનું જ પરિણામ છે. જેમકે કોઇ યુવકને તેની મનપસંદ યુવતીથી લગ્ન કરવું હતું પણ તે ન બન્યું અને તેનો વિરહ અસહ્ય થઇ ગયો તો તેણે આત્મહત્યા કરી લીધી. પોતાના દેહ કરતા પણ કામેચ્છા પ્રભાવી થઇ ગઇ. કોઇ નિર્દોષ સ્ત્રી પર ચારિત્રહીનતાનો કલંક લગાવ્યો તો તેની અપકીર્તિને તે સહન ન કરી શકી અને આત્મહત્યા કરી લીધી. 'હું નિર્દોષ છું તો પણ મારા ઉપર મિથ્યાદોષારોપણ કર્યું.' મૂળમાં આ દુઃખ તેને ઓછું છે પરંતુ લોકનિંદાનું દુઃખ વધારે છે અને આ દુઃખનું મૂળ લોકોમાં તેની સદાય સારી છબી બનાવી રાખવાની ઇચ્છા છે, જે માન ખુશાલ, કષાયનો જ એક પ્રકાર છે. આ સ્ત્રી લોકોમાં સારી છબી બનાવીને માન કષાયને પોષિત કરી શકી નહીં તેથી તેણે આત્મહત્યા કરી લીધી.

આ પ્રકારે આ ઇચ્છા છદ્મ રૂપમાં ઘણું કામ કરે છે. તેનો વિસ્તાર ઘણો છે. સમસ્ત સંસાર તેને આધીન છે. આ ઇચ્છાની પૂર્તિ થવી દુર્નિવાર છે કારણ કે કષાય તો જીવ કરી શકે છે પરંતુ તે પૂરા થવા તેને આધીન નથી, માટે તે સદાય દુઃખી જ રહે છે. આ ઇચ્છાનું પૂરું થવાનું વિજ્ઞાન પણ પૂર્વવત્ જ જાણવું જોઇએ. આવું જાણીને જીવે શું કરવું જોઇએ? "કષાયોની પૂર્તિ કરવા કરતા તેનો ઉપશમ કે ક્ષય કરવાના ઉદ્યમમાં લાગવું જોઇએ." આમાં જ આત્માનું અને સર્વ જગતનું હિત છે કારણ કે એક વ્યક્તિની ઇચ્છા પૂરી થવાનો અર્થ એ છે કે તેના પ્રતિપક્ષની ઇચ્છા પૂરી ન થવી. આ રીતે તો સર્વત્ર અશાંતિનું સામ્રાજ્ય થશે. તેથી "પરમશ્રેયસ્કર તો એ જ છે કે કષાયમાત્ર ત્યાગ કરીને સ્વરૂપસ્થ થઇ જવું. કોઇ અન્યની ભાવનાઓની હત્યા કરીને તો પોતાના કષાય ન જ ઠાલવવા જોઇએ." એવો કષાયવિજયી સત્પુરુષોનો સદ્બોધ છે. (ક્રમશઃ)

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

## પંદરમા તીર્થંકર
## શ્રી ધર્મનાથજિન સ્તવન પ્રારંભ

**ભૂમિકા :** ગણિશ્રી દેવચંદ્રજીએ ચૌદમા તીર્થંકર શ્રી અનંતનાથ ભગવાનના સ્તવનમાં પ્રભુની પ્રતિમાનું માહાત્મ્ય અને તેના દર્શન-પૂજનનું ફળ બતાવ્યું. એક ભક્તને તો પ્રભુની પ્રતિમાને પ્રત્યક્ષ સમાન નીરખતાં જ તેમના અનેકવિધ ગુણોનું દર્શન થવા લાગે છે. તેમાં પણ શ્રી દેવચંદ્રજી જેવા ભક્ત સામે હોય ત્યારે તેમની ભક્તિ જોઈને પ્રભુ જાણે પોતાના નવીનતાભર્યા ગુણો ઠાલવી-ઠાલવીને દેવચંદ્રજીના હૃદયમાં ભરે છે, જે દેવચંદ્રજી સ્તવનમાં પ્રગટ કરે છે.

આવું જ કંઈક પ્રસ્તુત ધર્મનાથ સ્તવનમાં બની રહ્યું છે. શ્રી ધર્મનાથ ભગવાનની સ્તવના કરતાં એવા અનેકવિધ વૈવિધ્યપૂર્ણ ભગવાનના ગુણોનું દેવચંદ્રજી દર્શન કરે છે કે જેની આપણે કલ્પના પણ ન કરી હોય અથવા કહો તો મારા જેવા અલ્પજ્ઞે કદી તેનો અભ્યાસ જ કર્યો ન હોય. પ્રભુના અનંત ગુણોમાંથી આપણે તો અનંતજ્ઞાન, દર્શન, વીર્ય, સુખ આદિ ગણતરીમાં આવે તેટલા ગુણો માત્રથી જ પરિચિત હોઈએ, પરંતુ દેવચંદ્રજી જેવા મહાપુરુષો પોતાના બહોળા શાસ્ત્રજ્ઞાન અને અનુભવજ્ઞાનના આધારે નવીન ગુણો ખોળી લઈ પ્રભુભક્તિ દ્વારા આપણને તેનો પરિચય કરાવે છે. સ્તવનનો વિષય તેમજ તેમાં કહેલા ગુણો સમજવામાં ઘણા કઠિન લાગે તેવી સંભાવના છે અને આ લખનારને પણ તેવો અનુભવ થયો છે. તેથી મારી બુદ્ધિને હાલપૂરતી બાજુએ મૂકી સ્તવનની યથાર્થ સમજણ માટે મહદ્અંશે પૂજ્ય આચાર્યશ્રી વિજય કલાપૂર્ણસૂરિજી મહારાજના વિવેચન 'પરમતત્ત્વની ઉપાસના' અને પૂજ્યશ્રી રાકેશભાઈના પ્રવચનોનો આધાર લીધો છે. તેથી તેમનો હું ઋણી છું. વાચકવર્ગને મારી નમ્ર વિનંતી કે જિજ્ઞાસા અને ધીરજને જ્વલંત રાખીશું તો કઠિન લાગતી વાત સરળ બની જશે. આ સ્તવનમાં ધર્મનાથ ભગવાનના સામાન્ય અને વિશેષ ગુણોનું વર્ણન છે, જે શાસ્ત્રોક્ત છે અને 'સંમતિતર્ક', 'દ્રવ્યગુણપર્યાયનો રાસ' આદિ ગ્રંથોમાં તેનું વિસ્તૃત વર્ણન છે એવો ઉલ્લેખ પૂજ્યશ્રી વિજયકલાપૂર્ણસૂરિજીએ કર્યો છે. આટલી ભૂમિકા સાથે આપણે હવે સ્તવનમાં પ્રવેશીએ :

**ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ,**
**આપણો આતમા તેહવો ભાવિયે;**
**જાતિ જસુ એકતા તેહ પલટે નહીં,**
**શુદ્ધ ગુણ પજજવા વસ્તુ સત્તામયી.** ॥૧॥

**શબ્દાર્થ :-** જગતના નાથ એવા ધર્મનાથનો શુદ્ધ ધર્મ ગાઈને આપણો આત્મા પણ તેવો જ છે એમ ભાવીએ.વસ્તુને (આત્માને) સત્તાગતપણે જોઈએ તો તેમની અને મારી 'જીવત્વ' જાતિ એક જ છે, તે પલટાતી નથી. તેમની પર્યાયમાં શુદ્ધ ગુણ પ્રગટ્યો છે. (એટલો જ ફરક છે.) (જગનાથ = જગતના નાથ, ત્રિલોકનાથ; શુચિ = શુદ્ધ; તેહવો = તેવો; જસુ = જેની; પજજવા = પર્યાય; સત્તામયી = મૂળ સ્વરૂપ, અસ્તિત્વપણું)

**વિશેષાર્થ :-** સ્તવનનો પ્રારંભ શ્રી દેવચંદ્રજી મહારાજ શ્રી ધર્મનાથ ભગવાનના ગુણગાનનું પ્રયોજન દર્શાવીને કરે છે. જગતનાથ એવા ધર્મનાથ ભગવાનના 'શુચિ ધર્મ' અર્થાત્ શુદ્ધ ગુણોને ઓળખીએ, સમજીએ અને તેનું ભાવપૂર્વક ગાનકરતાં **"આપણો આતમા તેહવો ભાવિયે"** - એવી ભાવના કરીએ કે આપણો આત્મા પણ સત્તાગતપણે, મૂળ સ્વરૂપે તેમના જેવો જ છે. **"જાતિ જસુ એકતા"** - જેની જાતિ એક છે એવા હું અને ધર્મનાથ ભગવાન એક જ 'જીવત્વ' જાતિના છીએ. અમે બન્ને વસ્તુપણે જ્ઞાયકસત્તામય છીએ, ચૈતન્યસ્વભાવી છીએ, જે સ્વભાવ કદી પલટાતો નથી. અનાદિ અનંતકાળ સુધી આ ચૈતન્યસ્વભાવ પલટાઈને જડ થઈ જતો નથી એવો વસ્તુનો ત્રિકાળ 'અસ્તિત્વ' ગુણ છે. માત્ર ફરક એટલો છે કે **"શુદ્ધ ગુણ પજજવા"** - પ્રભુની પર્યાયમાં તેમના ગુણો શુદ્ધરૂપે પરિણમે છે અને મારી

પર્યાયમાં મારા અજ્ઞાનથી થતા કર્મબંધનને લીધે શુદ્ધરૂપ હજુ પ્રગટ્યા નથી. તેમ છતાં જેમ જેમ સાધક ધર્મનાથ પ્રભુના શુદ્ધ ગુણોનું ગાન કરે છે, સ્તુતિ કરે છે, ચિંતન, મનન કરે છે, તેમ તેમ તે પ્રભુના સ્વરૂપ સાથે એકત્વ સાધી પોતાના સ્વરૂપ તરફ સરકતો જાય છે. પ્રભુની જાતિનો જ હોવાથી ધીમે ધીમે કર્મબંધનનો ઉપશમ થતાં, ક્ષીણ થતાં તે સ્વરૂપનું અનુસંધાન કરતો સ્વરૂપમાં સ્થિર થતાં આવરિત થયેલા પ્રભુ જેવા ગુણો પ્રગટ થતા જાય છે. પ્રભુના સ્વરૂપચિંતનમાં સહાયક એવા પ્રભુના સામાન્ય અને વિશેષ ગુણો કે જે દરેક આત્મામાં પણ શક્તિપણે વિદ્યમાન છે તેનું વર્ણન દેવચંદ્રજી આ સ્તવનમાં કરવાના છે.

બીજી ગાથામાં સામાન્ય અને વિશેષ ગુણોની વ્યાખ્યા કરે છે. ત્યારપછી ત્રીજી અને ચોથી ગાથામાં સામાન્ય ગુણોનું વર્ણન છે અને પાંચમી ગાથામાં વિશેષ ગુણોનું વર્ણન છે. આમ, પાંચમી ગાથા સુધી તત્ત્વજ્ઞાન અથવા સિદ્ધાંતનું પ્રરૂપણ છે. છઠ્ઠી ગાથાથી સાધનામાર્ગ અથવા ભક્તિમાર્ગનું પ્રરૂપણ થશે. આમ, તત્ત્વજ્ઞાન અને ભક્તિના સમન્વયરૂપ દેવચંદ્રજીની આગવી શૈલીના દર્શન ફરીથી આ સ્તવનમાં થાય છે. પહેલા કહ્યું તે પ્રમાણે કઠિન લાગે તો પણ ઉપરોક્ત બે વિવેચનના અવલંબનથી ધીરજપૂર્વક સમજવાનો પ્રયત્ન કરીશું, કારણ કે માત્ર ધર્મનાથના નહીં, આપણા જ ગુણોની આ વાત છે.

**નિત્ય નિરવયવ વળી એક અક્રિયપણે,**
**સર્વગત તેહ સામાન્ય ભાવે ભણે;**
**તેહથી ઈતર સાવયવ વિશેષતા,**
**વ્યક્તિ ભેદે પડે જેહની ભેદતા. ॥૨॥**

**શબ્દાર્થ :** જે નિત્ય, નિરવયવ અર્થાત્ અંશરહિત, એક, અક્રિય અને સર્વગત હોય તેને સામાન્ય સ્વભાવ કહે છે અને તેનાથી જુદા, વિપરીત સાવયવ આદિ ગુણો જેનો વ્યક્તિભેદે ભેદ પડે છે તેને વિશેષ ગુણો કહે છે. (નિત્ય = અવિનાશી; નિરવયવ = અવયવ વગરનો, અંશરહિત, વિભાગરહિત અખંડ; અક્રિય = હલનચલનાદિ ક્રિયા રહિત; સર્વગત = સર્વ પ્રદેશ, ગુણ, પર્યાયમાં વ્યાપક; ભણે = કહેવાય છે; ઈતર = જુદા, પ્રતિપક્ષી, વિપરીત; સાવયવ = અવયવ સહિત, વિભાગ સહિત, ખંડખંડ; વ્યક્તિભેદે = જુદા જુદા વ્યક્તિમાં; ભેદતા = જુદાપણું, ભિન્નતા).

**વિશેષાર્થ :** શ્રી દેવચંદ્રજી પ્રથમ તો દ્રવ્યના સામાન્ય ગુણ અને વિશેષ ગુણના લક્ષણ દર્શાવે છે. આ ગુણો જો કે સર્વ દ્રવ્યમાં છે, પરંતુ અહીં આત્મદ્રવ્યને મુખ્ય રાખી વાત કરીશું. અહીં દેવચંદ્રજી ફરમાવે છે કે સામાન્ય સ્વભાવ તેને કહેવાય કે જે **(૧) નિત્ય** અર્થાત્ અવિનાશી હોય, જે શાશ્વતપણે દ્રવ્યમાં હોય **(૨) નિરવયવ** અર્થાત્ અવયવ વિના, અંશ વિના અખંડપણે હોય (૩) **'એક'** હોય કારણ કે નિરવયવ હોવાથી વિભાગરહિત હોય **(૪) અક્રિય** હોય અર્થાત્ હલનચલન રહિત હોય કારણ કે આત્માના સર્વ પ્રદેશોમાં તે ગુણ હોવાથી એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં જવાનો સંભવ નથી. વળી, પરમશુદ્ધ નિશ્ચયનયથી આત્મા અક્રિય છે, કૂટસ્થ છે કારણ કે આ નય માત્ર ધ્રુવ સ્વભાવને લક્ષમાં લે છે અને **(૫) સર્વગત** હોય અર્થાત્ આત્માના સર્વ પ્રદેશમાં તે વિદ્યમાન હોય.

વિશેષ ગુણોના લક્ષણ સામાન્ય સ્વભાવથી બિલકુલ ઈતર અર્થાત જુદા, પ્રતિપક્ષી, વિપરીત છે. જેમ કે, (૧) અનિત્ય અર્થાત્ ઉત્પાદ, વ્યયરૂપ પર્યાયાત્મક હોય (૨) સાવયવ (અવયવ સહિત) હોય અર્થાત્ ખંડખંડ વિભાગરૂપે હોય. જેમકે જ્ઞાનગુણ અખંડ હોવા છતાં ક્ષાયોપશમિક જ્ઞાન ખંડખંડ રૂપે હોય અથવા અખંડ દ્રવ્યમાં ગુણ-પર્યાયના ખંડ, ભેદ પડે છે. (૩) અનેકતા હોય અર્થાત્ જુદા જુદા દ્રવ્યોમાં અનેકરૂપે જોવામાં આવે. જેમકે, કર્મનો જેવો પ્રભાવ તેમ કોઈમાં જ્ઞાનનો વિશેષ ઉઘાડ (ક્ષયોપશમ) હોય તો કોઈમાં શ્રદ્ધા ગુણ વિશેષ ખીલ્યો હોય. (૪) સક્રિયતા હોય અર્થાત્ કોઈ સ્વભાવપણે પરિણમે તો કોઈ વિભાવપણે પરિણમે - એ રીતે પ્રયોજનભૂત ક્રિયાસંપન્નતા, સક્રિયપણું છે. (૫) દેશગત હોય અર્થાત્ આ ગુણ સર્વત્ર, સર્વકાળે વિદ્યમાન ન હોય - જેમકે ક્રોધ થયો ત્યારે જ તે ક્રોધી હોય. તેથી તે વિભાવ પરિણતિ આંશિકપણે છે. આવા લક્ષણવાળા વિશેષ ગુણોની ખાસિયત એ છે કે **"વ્યક્તિભેદે પડે જેહની ભેદતા"** - કર્મના પ્રભાવથી જુદી જુદી વ્યકિતઓમાં આ વિશેષ ગુણો ભિન્ન ભિન્નપણે દેખાય છે. જ્ઞાનાદિ ગુણોમાં જે

ભેદ વિભિન્ન વ્યક્તિઓમાં દેખાય છે- જેમકે, કોઈમાં માત્ર મતિ-શ્રુતજ્ઞાન હોય તોકોઈમાં અવધિ, મનઃપર્યય જ્ઞાન પણ હોય - આમ જે ભેદ પડે છે તે વિશેષ સ્વભાવને લીધે. વળી જ્ઞાનના ક્ષયોપશમમાં ભેદ પડે છે તે પણ વિશેષપણું કહેવાય છે. વસ્તુમાં આમ સામાન્ય અને વિશેષ - એમ બંન્નેનું સાથે હોવાપણું તે જ જિનેશ્વરનો સ્યાત્પદ અંકિત અનેકાંત ધર્મ છે. સામાન્ય તે કે જે બધામાં સરખું છે અને વિશેષ તે કે જે બધામાં જુદું જુદું છે. હવે ઉપરોક્ત લક્ષણવાળા સામાન્ય અને વિશેષ ગુણો કયા કયા છે તેનો ઉલ્લેખ ગાથા ૩, ૪ અને ૫ માં છે. પહેલા ગાથા-૩ માં દ્રવ્યના છ સામાન્ય સ્વભાવ કયા કયા છે તે કહે છે :

**એકતા પિંડને નિત્ય અવિનાશતા,**
**અસ્તિ નિજ ઋદ્ધિથી કાર્યગત ભેદતા;**
**ભાવ શ્રુત ગમ્ય અભિલાપ્ય અનંતતા,**
**ભવ્ય પર્યાયની જે પરાવર્ત્તિતા. ॥૩॥**

**શબ્દાર્થ :** અખંડ પિંડરૂપ એકતા, નિત્યતા, અસ્તિતા, ભેદતા, ભાવશ્રુતજ્ઞાનથી ગમ્ય એવી અભિલાપ્યતા અને પર્યાયની પરાવર્તનારૂપ ભવ્યતા આ છ સામાન્ય સ્વભાવો છે. (પિંડ = અખંડ વસ્તુ, જેમ કે માખણનો પિંડ; ભાવશ્રુત = શ્રુતજ્ઞાનથી ઉત્પન્ન થતા ભાવ; ગમ્ય = જાણી શકાય એવું; અભિલાપ્ય= વચનથી કહી શકાય તેવું; ભવ્ય પર્યાય .... = જુઓ વિશેષાર્થ)

**વિશેષાર્થ :** છ સામાન્ય સ્વભાવને હવે ટૂંકમાં સમજીએ :

**(૧) એકતા :** આત્માના અસંખ્યાત પ્રદેશ, અનંતા ગુણો અને તેની પર્યાયો આત્મદ્રવ્યના એક અખંડ પિંડમાં સમુદાયપણે એક સાથે રહીને પ્રવર્તે છે, એકબીજાથી છૂટા પડતા નથી તે અખંડ પિંડરૂપ 'એકતા'. **(૨) નિત્યતા :** દરેક દ્રવ્યમાં શાશ્વતતા છે. પર્યાય બદલાય છતાં દ્રવ્ય સદાકાળ ધ્રુવપણે રહે છે, નાશ નથી થતું એવો અવિનાશી સ્વભાવ તે 'નિત્યતા'. યથા ''આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય.'' ''ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ.'' (શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર - ગાથા ૬૮, ૭૦). **(૩) અસ્તિતા :** સર્વ દ્રવ્ય સ્વભાવથી સત્ છે. તેઓ કદી પણ પોતાની ગુણપર્યાયની ઋદ્ધિને છોડતા નથી તે 'અસ્તિ' સ્વભાવ છે. જેમ કે જ્ઞાનગુણ કદાપિ પોતાની ઋદ્ધિ અર્થાત્ જાણવાપણું છોડશે નહીં. તેમ પુદ્ગલનો અસ્તિ ધર્મ જડત્વ છે. તે કદાપિ જડત્વ છોડશે નહીં કારણ કે જડ, ચેતન બન્ને સત્રૂપ છે. **(૪) કાર્યગત ભેદતા :** આત્મદ્રવ્યમાં જ્ઞાનગુણ જાણવાનું, દર્શનગુણ જોવાનું અને ચારિત્રગુણ રમણતાનું કાર્ય કરે છે. આ પ્રમાણે ચૈતન્ય દ્રવ્ય ભલે એક અભેદરૂપ છે, છતાં જુદા જુદા ગુણોનો કાર્યભેદ છે તે અપેક્ષાએ દ્રવ્યનો ભેદ સ્વભાવ છે. **(૫) અભિલાપ્યતા :** દ્રવ્યશ્રુતજ્ઞાન અને ભાવશ્રુતજ્ઞાનના આધારે (કેવળી ભગવાન દ્વારા) વચનમાં મૂકી શકાય છે, વચન દ્વારા કહી શકાય છે. દ્રવ્યના ઘણા ભાવો એવા હોય છે કે જે છદ્મસ્થ જીવો પણ શ્રુતજ્ઞાન દ્વારા જાણીને અને ભાવશ્રુત દ્વારા ભાવભાસન કરીને પછી વાણીમાં વ્યક્ત કરી શકે છે - આ જ છે દ્રવ્યનો 'અભિલાપ્યતા' નામનો સ્વભાવ. તેથી જ પરમકૃપાળુદેવ પત્રાંક - ૪૩૬ માં ફરમાવે છે કે *''જે તીર્થંકરદેવે સ્વરૂપસ્થ આત્માપણે થઈ* ***વક્તવ્યપણે*** *જે પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો છે, તે તીર્થંકરને બીજી સર્વ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ.''* આ જ છે *''ભાવશ્રુત ગમ્ય અભિલાપ્યતા!''* **(૬) ભવ્યતા :** ભવ્યતા અહીં શોભાના અર્થમાં છે. **''પર્યાયની જે પરાવર્તિતા''** એ દ્રવ્યનો ભવ્ય સ્વભાવ છે. આત્મામાંથી હરપળે નવી નવી પર્યાય, નવા નવા ભાવો નીકળતા જ જાય છે તે આત્માની ભવ્યતા છે.

હવે ઉપરોક્ત છ સામાન્ય સ્વભાવના પ્રતિપક્ષી એવા છ સામાન્ય સ્વભાવનું સ્વરૂપ બતાવે છે. આ જ તો વીતરાગનો સ્યાદ્વાદ ધર્મ છે જેમાં વિરુદ્ધ ભાવો અવિરોધપણે એકસાથે દરેક દ્રવ્યમાં પરિણમે છે. માટે એકાંત ન પકડાઈ જાય તે હેતુથી સ્યાદ્વાદમય વસ્તુનું સ્વરૂપ ગીતાર્થ જ્ઞાની પાસે સમજવું. આત્માના અનંત ગુણો અને તે પણ આવા વિરોધાભાસી સ્યાદ્વાદ સહિત - તે જોઈને મુમુક્ષુને પોતાના જ આત્માનું અચિંત્ય માહાત્મ્ય ભાસે છે. તો ચાલો હવે એ છ પ્રતિપક્ષી સ્વભાવ જોઈએ :

**ક્ષેત્ર ગુણ ભાવ અવિભાગ અનેકતા,**
**નાશ ઉત્પાદ અનિત્ય પરનાસ્તિતા;**
**ક્ષેત્ર વ્યાપ્યત્વ અભેદ અવક્તવ્યતા,**
**વસ્તુ તે રૂપથી નિયત અભવ્યતા. ॥૪॥**

**વિશેષાર્થ :** અહીં વિશેષાર્થમાં જ શબ્દોના અર્થને સમાવી લીધા છે. તેથી શબ્દાર્થ જુદા મૂક્યા નથી. હવે બીજા છ સામાન્ય સ્વભાવ જે ગાથા-૩ માં જણાવેલ છ સામાન્ય સ્વભાવના પ્રતિપક્ષી છે તેનું સ્વરૂપ સમજીએ :

**(૧) અનેકતા :** ક્ષેત્ર, ગુણ, ભાવ (પર્યાય) ના અવિભાગ વડે અનેકતા છે. અવિભાગ એટલે જેનો વધુ વિભાગ ન થઈ શકે એવો અંશ, જેમ કે આત્માના પ્રદેશ. આત્મા અસંખ્યાત પ્રદેશી છે - અર્થાત્ આ છે ક્ષેત્રના અવિભાગ અંશની અનેકતા. પ્રદેશ અસંખ્ય છે માટે અનેકતા. એ જ રીતે ગુણ અને પર્યાયો અવિભાગી હોવા છતાં અનેક છે માટે અનેકતા સ્વભાવ. **(૨) અનિત્યતા :** પર્યાયની ઉત્પત્તિ, વિનાશની અપેક્ષાએ દ્રવ્યમાં 'અનિત્યતા' રૂપ સામાન્ય ગુણ. **(૩) નાસ્તિતા :** એક દ્રવ્યના ધર્મ બીજા દ્રવ્યમાં ન હોય તેથી નાસ્તિતા. જેમ કે પુદ્ગલનું જડત્વ જીવમાં કદાપિ ન હોય અને જીવનું ચેતનત્વ જડમાં ન હોય. **(૪) અભેદતા :** સર્વ ગુણ-પર્યાયોનો આધાર અભેદરૂપે એક દ્રવ્ય જ છે. દ્રવ્યના સર્વ ક્ષેત્રે તે અભેદપણે વ્યાપેલા છે માટે તે દ્રવ્યનો ક્ષેત્ર વ્યાપ્યત્વ 'અભેદ' સ્વભાવ. **(૫) અવક્તવ્યતા :** અભિલાપ્યતાથી આ પ્રતિપક્ષી ધર્મ. દ્રવ્યમાં અનંતા ભાવો એવા છે કે જે વચનથી અગોચર છે, અવક્તવ્ય છે (માત્ર કેવળીગમ્ય છે) તે દ્રવ્યની 'અવક્તવ્યતા.' યથા - *"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો."* (શ્રીમદ્જી રચિત 'અપૂર્વ અવસર' - ગાથા ૨૦) **(૬) નિયત અભવ્યતા :** દ્રવ્યમાં અનેક પર્યાયોનું પરાવર્તન થવા છતાં તે વસ્તુનું મૂળ સ્વરૂપ બદલાતું નથી. જીવ અજ્ઞાનીમાંથી જ્ઞાની થાય કે ક્રોધિત દશામાંથી શાંત થાય તે સર્વ અવસ્થામાં નિયતપણે, નિશ્ચિતપણે, તેનું મૂળ સ્વરૂપ એવો જ્ઞાયકભાવ તેનો તે જ રહે છે. તે છે 'અભવ્યતા' સ્વભાવ. (અહીં અભવ્ય જીવની વાત નથી. અહીં અભવ્યતા એટલે ભવ્યતા વગરનું વસ્તુનું સહજ, સામાન્ય, મુળ સ્વરૂપ. પહેલા જણાવેલ ભવ્યતા સ્વભાવનો આ પ્રતિપક્ષી ગુણ છે.)

આ રીતે બારેય પ્રકારના સામાન્ય સ્વભાવ, નિત્યતા-અનિત્યતા, એકતા-અનેકતા આદિ એક જ સમયે દ્રવ્યમાં વર્તે છે, જેનું વિસ્તૃત વર્ણન 'સ્યાદ્વાદ રત્નાકર' આદિ ગ્રંથોમાં છે. હવે વિશેષ સ્વભાવના વર્ણનમાં પ્રયોજનભૂત એવા માત્ર જીવ દ્રવ્યના કેટલાક વિશેષ સ્વભાવોનું સ્વરૂપ શ્રી દેવચંદ્રજી બતાવે છે :

**ધર્મ પ્રાગ્ભાવતા સકલ ગુણ શુદ્ધતા,**
**ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામતા;**
**શુદ્ધ સ્વપ્રદેશતા તત્ત્વ ચૈતન્યતા,**
**વ્યાપ્ય-વ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહક ગતા. ॥૫॥**

**વિશેષાર્થ :** (અહીં પણ વિશેષાર્થમાં શબ્દાર્થ સમાવી લીધા છે.) અહીં ફરી એકવાર યાદ કરી લઈએ કે વિશેષ સ્વભાવ તેને કહીએ કે જે વ્યક્તિભેદે જુદા જુદા હોય અર્થાત્ કર્મની અસરને લીધે જુદી જુદી વ્યક્તિઓમાં આ ગુણો ભિન્ન ભિન્ન પ્રકારે હોય, જેની વાતો ગાથા-૨ માં થઈ હતી. જીવ દ્રવ્યના કેટલાક વિશેષ સ્વભાવોનું સ્વરૂપ દેવચંદ્રજી આ પ્રમાણે કહે છે :

**(૧) ધર્મ પ્રાગ્ભાવતા :** અર્થાત્ આત્માના જ્ઞાનાદિ ધર્મોનો, ગુણોનો આવિર્ભાવ થવો, પ્રગટ થવું. ધર્મનાથ ભગવાનમાં **"સકલ ગુણ શુદ્ધતા"** ને લીધે બધા ગુણો પૂર્ણપણે પ્રગટ છે અને આપણામાં સર્વ ગુણ વિદ્યમાન હોવા છતાં અપ્રગટ છે અથવા તો જ્ઞાનના ક્ષયોપશમ પ્રમાણે વ્યક્તિભેદે વધતા ઓછા અંશે પ્રગટ છે. આ છે પ્રાગ્ભાવતા અથવા આવિર્ભાવતારૂપ વિશેષ સ્વભાવ. **(૨) ભોગ્યતા :** પ્રભુને જે જે ગુણો પ્રગટ્યા તેનો ભોગવટો પણ કરે છે, તેનો અનુભવ કરે છે, તેનો આસ્વાદ માણે છે. વળી છદ્મસ્થ જીવો કર્મ પ્રમાણે જુદા જુદા પરિણામોનો ભોગવટો કરે છે. આ છે ભોગ્યતા અથવા ભોક્તૃતા નામનો વિશેષ સ્વભાવ. **(૩) કર્તૃતા :** આત્મા કર્તૃત્વ સ્વભાવવાળો છે. શ્રીમદ્જીએ 'છ પદના પત્ર' માં 'કર્તા પદ' માં આ વાત લીધી છે કે આત્મા પ્રયોજનભૂત ક્રિયાસંપન્ન છે. ધર્મનાથ પ્રભુ તો શુદ્ધ

ભાવોના કર્તા છે અને છદ્મસ્થ જીવો શુભ,અશુભ, શુદ્ધ ભાવોના કર્તા છે. નિશ્ચયનયથી સર્વ જીવ નિજપરિણામના કર્તા છે. (ઉપરોક્ત 'ભોગ્યતા' પણ 'છ પદના પત્ર' માં 'આત્મા ભોક્તા છે' એ પદમાં સમાવી છે.) 'આત્મા ભોક્તા છે' (૪) **રમણતા :** સ્વગુણ-પર્યાયમાં રમણ કરવું તે આત્માનો રમણતા સ્વભાવ છે. (૫) **પરિણામતા - શુદ્ધ સ્વપ્રદેશતા :** પ્રભુના સર્વ આત્મપ્રદેશ કર્મમળથી રહિત થવાથી શુદ્ધ પરિણામને પામ્યા છે એવો પરિણામતા સ્વભાવ. (૬) **તત્ત્વચૈતન્યતા :** તત્ત્વ એટલે આત્મા, તેમાં ચૈતન્યતા એ તેનો વિશેષ સ્વભાવ છે. (૭) **વ્યાપ્ય - વ્યાપકતા :** આત્મદ્રવ્ય તેના ગુણોમાં વ્યાપે છે માટે આત્મા વ્યાપક છે અને જ્ઞાનાદિ ગુણો વ્યાપ્ય છે.આમ, આત્મામાં વ્યાપ્ય - વ્યાપક ભાવ છે. (૮) **ગ્રાહ્ય ગ્રાહકતા :** સ્વગુણો ગ્રાહ્ય છે અર્થાત્ કોઈ અપેક્ષાએ તે આત્મા દ્વારા ગ્રહણ થયેલા છે. માટે આત્મા ગ્રાહક છે. આમ, ગ્રાહ્ય ગ્રાહકતા ભાવ છે.

ગણિશ્રી દેવચંદ્રજીએ આમ આત્માના સામાન્ય-વિશેષ ગુણો શાસ્ત્રોક્ત પદ્ધતિથી રજૂ કર્યા. તેમનો આશય તો તે દ્વારા પ્રભુના ગુણગાન કરી ખૂબ ભક્તિમય રહેવું તે જ છે. આ ગુણોને સમજવાનું પ્રયોજન આખરે શું છે તે હવે પછીની ગાથાઓમાં બતાવીને સ્તવનને સાધના અને ભક્તિમાર્ગનો નવો વળાંક આપશે તે યથા અવસરે જોઈશું.

---

## આત્મલક્ષ દ્વારા આત્માનુભૂતિ ....

(પાના નં. ૯ પરથી ચાલુ...)

પકડ્યા છે ? 'આત્માના ભાવે.'

★ परमं ज्योतिः सदा एव अस्मि अहं - આચાર્યશ્રી અહીં મહાકવિ હોવાથી નિશ્ચયનયની ભાષામાં કહ્યું છે પરંતુ આવી ભાવના જ્યારે જામશે ત્યારે જ કેવળજ્ઞાન થશે.

"આઉં ઉતરું રમલૂં નિજમેં,
નિજ કી નિજ મેં દુવિધા હી ક્યા;
નિજ અનુભવ રસસે સહજ તૃપ્ત,
મૈં સહજાનંદ સ્વરૂપી હૂં. મૈ દર્શન."

**- ક્ષુલ્લકશ્રી સહજાનંદજી વર્ણીજી**

જ્યાં સુધી પૂર્ણતાની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આવી ભાવનાઓનો અભ્યાસ કરવાનો છે. પાગલ થયા વિના પરમાત્મા થવાતું નથી માટે પરમાત્માના સ્વરૂપને સમજીને તેમનાથી પ્રેમ કરવો. વ્યવહારિક સાધનાનું માર્ગદર્શન આપતા આચાર્યદેવ કહે છે કે પ્રથમ આસનસિદ્ધિનો અભ્યાસ કરવો. 'મોક્ષપાહુડ' માં અધ્યાત્મયોગીશ્વર આચાર્યશ્રી કુંદકુંદસ્વામીએ કહ્યું છે કે આસન, ઈન્દ્રિયાદિનો વિજય કરો, શ્રી સદ્‌ગુરુનું શરણ લો, શુદ્ધાત્માનું સ્વરૂપ જાણો અને તેની સિદ્ધિ માટે બીજા પણ અનેક પ્રયત્નો કરો. સ્થિર આસન લગાવીને પરમાત્માની લગન લગાડવી પડશે. 'તમે અનંતજ્ઞાની, અનંતદર્શી, ત્રૈલોક્ય પ્રકાશક છો અને હું પણ આપના જેવો જ છું' એમ અંતરથી માનવું. સદ્‌ગુરુ એટલે સંવર-નિર્જરા અને પુણ્યાનુબંધી પુણ્ય.

"સદ્‌ગુરુ પદ મેં સમાત હૈ, અરિહંતાદિ પદ સર્વ;
તાતૈ સદ્‌ગુરુ ચરણ કો, ઉપાસો તજી ગર્વ."

આવા ભગવાન અને ગુરુનું ચિંતન કરવાથી આત્માનું ચિંતન થશે કારણ કે ભગવાન પૂર્ણ શુદ્ધાત્મા છે અને સદ્‌ગુરુ એકદેશ શુદ્ધાત્મા છે. તેમનું ચિંતન કરવાથી તેમનો ચેપ લાગે છે અને જો સાચી રીતે તેમનું ચિંતન કરીશું તો તે જેવા છે તેવા થઇ જઇશું. વિના પ્રયત્ને જે જાણે છે તે ભગવાન આત્મા છે. 'હું જ્ઞાયક છું' તેવા વિકલ્પ પણ કરવાની જરૂર નથી પરંતુ તે જ્ઞાયકભાવનો અનુભવ માત્ર કરવાનો છે. આવો દીર્ઘકાળ સુધી અભ્યાસ કરવાથી બોધબીજની પ્રાપ્તિ થાય છે, જે નિશ્ચય સમ્યક્‌ત્વરૂપ છે. જેને પ્રાપ્ત કરવાથી અનંતભવ રૂપ સંસારસમુદ્રથી ક્રમે કરીને પાર ઉતરાય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# સમ્યક્ તપ (ક્રમાંક-૨)

**બા.બ્ર. સુરેશજી**

આમ તો ઇચ્છાઓ અનંત છે, કારણ કે જીવના ભાવ અનંત છે પરંતુ તે સર્વનું કથન કરવું અસંભવ છે. તેથી આપણા પૂર્વકાલીન મનીષીઓએ આપણી સુવિધા માટે તેને સામાન્યરૂપથી ચાર શ્રેણીઓમાં વિભક્ત કરી આપણને સમજાવી છે :-

**(૧) વિષયસેવનની ઇચ્છા :-** આ જીવને અનાદિકાલીન અવિદ્યાથી ઉત્પન્ન પરદ્રવ્યોમાં સુખબુદ્ધિ હોવાથી જે પરદ્રવ્ય (પંચેન્દ્રિયોના વિષય) તેને તૃપ્ત કરાવીને સુખાભાસ કરાવે છે, તેના સેવનમાં તે લાગેલો રહે છે, તે વિષય સેવનની ઇચ્છા છે. આમાં દુઃખ એ છે કે જ્યાં સુધી તેનો અભીષ્ટ વિષય તેને ન મળે ત્યાં સુધી તે વ્યાકુળ રહે છે અને જ્યારે તે વિષય તેને પુણ્યોદયથી મળી જાય તો તે અત્યંત મોહિત થઇને આસક્તિપૂર્વક તેને ભોગવે છે અને જ્યારે તેની ભોગની ઇચ્છા તાત્કાલિક પૂરી થઇ જાય અથવા શક્તિ સમાપ્ત થઇ જાય ત્યારે તે ઇચ્છા પૂરી થઇ જવાથી તેને પ્રસન્નતા થાય છે. તે પ્રસન્નતાથી તેનો પરદ્રવ્યમાં સુખબુદ્ધિરૂપ અજ્ઞાનભાવ વધારે દૃઢ થઇ જાય છે; જેનું ફળ તે વિષયસેવનના કારણે આગામી અતિગાઢ કર્મબંધ છે, જે તેને અનંત સંસારમાં પરિભ્રમણ કરાવી દુઃખસાગરમાં નિમગ્ન કરાવે છે. વિષયસેવનની ઇચ્છાથી ત્રણ પ્રકારે હાનિ છે. પ્રથમ તો તેની અપ્રાપ્તિ સુધી વ્યાકુળતા બની રહે છે, બીજું તેમાં સુખાનુભૂતિ કરવાથી તેનો અજ્ઞાનભાવ પુષ્ટ થાય છે તથા ત્રીજું આસક્તિપૂર્વક ભોગવવાથી નવીન કર્મોનો બંધ થાય છે.

**શંકા :-** જો ઇન્દ્રિય વિષયોમાં સુખ નથી તો પછી વિષયસેવન કરવાથી સુખાનુભૂતિ પ્રત્યક્ષ અનુભવમાં આવે છે તે શું છે ?

**સમાધાન :-** પ્રશ્ન ઘણો માર્મિક છે. તેનું સમાધાન એ છે કે વાસ્તવમાં સુખ તે વિષય-સામગ્રીથી ઉત્પન્ન થતું નથી પરંતુ તે સુખ (સુખાભાસ) પણ પોતાના આત્માથી જ ઉત્પન્ન થાય છે, જેનું કારણ પોતાની ઇચ્છાની પૂર્તિ થવી તે છે. તમે જે વિષય પ્રત્યે આસક્ત હતા તેનાથી જે વ્યગ્રતા ઉત્પન્ન થતી હતી એ તે વિષય મળી જવાથી અને તેને ભોગવી લીધા પછી તે સમાપ્ત થઇ ગઇ કારણ કે વ્યગ્રતાનું કારણ તે ઇચ્છા હતી અને તે ઇચ્છાની સમાપ્તિ થવાથી વ્યગ્રતા પણ સમાપ્ત થઇ ગઇ અને તે વ્યગ્રતાની સમાપ્તિ થઇ જવી તે જ તમારું સુખ છે, જેને તમે તે વિષયથી ઉત્પન્ન થયું તેમ કહો છો. તે તમારા અંદરથી જ ઉત્પન્ન થયું છે. જેવી રીતે કૂતરો જ્યારે હાડકું ચાવે છે ત્યારે તેના મોઢાની ચામડી છોલાઇ જવાથી તેમાંથી લોહી નીકળે છે. જે લોહીનો સ્વાદ તેને આવે છે તે ભ્રમથી તેને તે હાડકામાંથી નીકળેલો માને છે અને તેની આસક્તિ તે હાડકાં પ્રત્યે વધે છે તેથી તે તેને વધારે જોરથી ચાવે છે તથા અંતે તેનું આખું જડબું છોલાઇ જાય છે અને તે મરણને પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે વિષયો પ્રત્યે રાગાદિ રૂપ ઇચ્છા પૂરી થઇ જવાથી જીવને સ્વયં જ તે હાડકામાંથી નીકળતા લોહીની જેમ વિષયના નિમિત્તથી ઉત્પન્ન રાગ-રસથી સુખાભાસ થાય છે; જેને તેણે રાગાદિ દ્વારા પોતાના આત્માનો ઘાત કરીને પોતાની અંદરથી જ પ્રાપ્ત કર્યો છે અને ભ્રમથી તે કાલ્પનિક સુખના જનકનો આરોપ તે નિર્જીવ ઇન્દ્રિય વિષય ઉપર લગાવે છે. આ જ જીવની મહામૂઢતા છે.

**શંકા :-** જો તમારા કહ્યા અનુસાર વિષયોમાં સુખ ન હોઇને જીવની ઇચ્છાપૂર્તિના કારણે સુખ થાય છે તો કોઇ જીવની બધી ઇચ્છાઓ પૂરી થઇ જાય ત્યારે તો તેને સુખી કહી શકાયને ?

**સમાધાન :-** ના, તો પણ તેને સુખી ના કહી શકીએ કારણ કે ઇચ્છાની પૂર્તિ માટે પહેલા ઇચ્છા ઉત્પન્ન કરવી પડે છે અને ઇચ્છા પેદા થવી તે સ્વયં જ સાક્ષાત્

દુઃખ છે કારણ કે ઇચ્છાનું લક્ષણ જ આકુળતા છે એવું પૂર્વમાં સિદ્ધ કરી દીધું છે. તેથી પહેલા તો ઇચ્છા કરીને દુઃખી થવું અને પછી તેની પૂર્તિ કરીને સુખી થવું. આ તો એવું જ થયું કે પહેલા તો શરીર પર કીચડ લગાવીને તેને મલિન કરી તેમાં ઘૃણા ઉત્પન્ન કરી પછી સારા સુગંધિત સાબુથી તેને ધોઇને પ્રસન્ન થવું અથવા પહેલા તો જ્વરાદિ રોગ પેદા કરીને દુઃખી થવું પછી ઔષધિ આદિનું સેવન કરી પ્રસન્ન થવું. આ નિતાન્ત મૂઢતાપૂર્ણ કૃત્ય છે, જેને કોઇ પણ વિવેકી કરશે નહીં. પ્રશ્નનું પ્રથમ સમાધાન આ છે. બીજું સમાધાન એ કે ઇચ્છાની પૂર્તિ માટે પુણ્ય હોવું આવશ્યક છે અને તે પુણ્ય સતત રહેતું નથી, એવો જ તેનો સ્વભાવ છે. તેથી સતત પુણ્યાધીન સુખ પણ રહેતું નથી.

**શંકા :-** પરંતુ શ્રી ભરતાદિના સતત પુણ્ય પણ જોવામાં તો આવે છે?

**સમાધાન :-** ના, તેમના પણ સતત પુણ્યોદય જોવામાં આવ્યા નથી. હા, પુણ્યસામગ્રીનો યોગ સતત કદાચ રહી શકે છે પરંતુ અંતરંગમાં પાપોદય થતાં તે પુણ્યસામગ્રી જ તેમના માટે પાપરૂપ અર્થાત્ દુઃખરૂપ પ્રત્યક્ષ જોવામાં આવે છે. જેમ કે ઇચ્છિત ભોજન મળવું પુણ્યસામગ્રી છે પરંતુ અંતરંગ પાપોદય થતાં તે જ ભોજન અનિષ્ટરૂપ થતું જોવામાં આવે છે. તેથી શ્રી ભરતાદિને પણ સતત પુણ્યસામગ્રી તો કદાચ હોય છે પણ પુણ્ય નહીં કારણ કે તે પુણ્યના રહેવા છતાં પણ તેમને ક્ષુધા, તૃષા, નિદ્રા, કામાદિ પાપભાવ જોવામાં આવે છે અને આ બધા દુઃખરૂપ જ છે, ભલે તેમની યોગ્ય સાધનો દ્વારા પૂર્તિ થઇ જાય. તેથી સિદ્ધ થાય છે કે પુણ્ય પણ સતત રહેતું નથી, તેથી ઇન્દ્રિયસુખ પણ સતત રહેતું નથી. તમારા પ્રશ્નનું ત્રીજું સમાધાન એ છે કે જો કદાચ જીવને ઇચ્છિત સામગ્રીનો યોગ પણ સતત રહે તો પણ તે તેને સતત ભોગવી શકતો નથી કારણ કે સતત ભોગવવા માટે નિરંતરાય સામર્થ્ય જોઇએ, જે અનંતવીર્ય પ્રગટ્યા વિના થઇ શકે નહીં કારણ કે ઇન્દ્રિયોનું સામર્થ્ય સીમિત છે તેથી ભોગ સામગ્રી હોવા છતાં પણ સામર્થ્યના અભાવમાં તેને સતત ભોગવી શકતા નથી અને ભોગવવાની ઇચ્છા સતત રહ્યા કરે છે તેથી તે દુઃખી જ રહે છે. તેની વિશેષ ચર્ચા ચોથા પ્રકારની ઇચ્છામાં કરીશું. વધારે શું કહીએ ? બીજા પણ ઘણા કારણો છે પરંતુ વિસ્તારભયથી અને આપની થોડામાં વધારે સમજવાની બુદ્ધિમત્તાને જોઇને અમે કહેતા નથી. "આશય એ છે કે ઇન્દ્રિય વિષયોને ભોગવવાની ઇચ્છા એકાંતથી દુઃખરૂપ જ છે એમ જાણીને આ 'ઇચ્છા' રૂપી નાગણને હાથ પર ચડી ગયેલ સર્પની જેમ તુરત જ ત્યાગી દેવી જોઇએ. આ જ પરમ શ્રેયસ્કર છે એવું શ્રી ગુરુ કહે છે."

**(૨) કષાય કરવાની ઇચ્છા :-** મોહોદયથી જીવમાં જ્યારે ક્રોધાદિ કષાયભાવ ઉત્પન્ન થાય છે ત્યારે તે કષાયભાવો અનુસાર પ્રવર્તન કરવાની ઇચ્છાને કષાય કરવાની ઇચ્છા કહે છે અથવા તે કષાય ભાવોને પોષિત કરવાની ઇચ્છાને કષાય કરવાની ઇચ્છા કહે છે. જેમકે કોઇ વ્યક્તિને ક્રોધનો ઉદય થયો, હવે જ્યાં સુધી તે વ્યક્તિ તે ક્રોધ કોઇ ઉપર કાઢે નહીં ત્યાં સુધી તેને શાંતિ થતી નથી. એવી જ રીતે કોઇને માન કષાયના ઉદયથી રાજા બનવાની ઇચ્છા થઇ, હવે જ્યાં સુધી તે રાજા ન બને ત્યાં સુધી એ અત્યંત વ્યાકુળ રહે છે તથા પોતાની માનેચ્છાને પૂરી કરવા માટે તે નૈતિક - અનૈતિક સર્વ પ્રકારના કૃત્યો કરતો રહે છે. ઇચ્છાનો આ બીજો પ્રકાર પહેલા પ્રકારથી થોડો સૂક્ષ્મ છે પરંતુ છે તો તે પણ મહાભયંકર કારણ કે આ જ બધા અનર્થોનું મૂળ છે અને શેષ બધી ઇચ્છાઓ આની જ સંતતિ છે. વ્યક્તિ આ કષાય-ઇચ્છાની પૂર્તિ માટે વિષયસેવનાદિ અન્ય ઇચ્છાઓનો પણ ત્યાગ કરી શકે છે તથા બહારમાં વ્યક્તિ સંત-મહંતપણું બતાવીને છદ્મરૂપથી તેના પોષણમાં લાગેલો રહે છે. જેમકે કોઇ વ્યક્તિને પોતાના શત્રુને પરાજિત કરવાની ઇચ્છા થઇ પરંતુ તેનો શત્રુ શક્તિશાળી હોવાથી તે તેને પરાજિત કરવામાં સક્ષમ નથી, જો કે પરાજિત કરવાની ઇચ્છા તીવ્ર છે. આ ઇચ્છાની પૂર્તિ કરવા માટે તે ઉપવાસ, બ્રહ્મચર્ય આદિનું પણ અનિચ્છાથી પાલન કરતો થકો મંત્ર - તંત્ર આદિ સાધનાની સિદ્ધિ કરીને યોગ્ય શક્તિ

**(અનુસંધાન પાના નં. ૧૬ પર...)**

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (ક્રમાંક-૪)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## આચાર્યશ્રીની લઘુતા-૨

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**मोहक्षयादनुभवन्नपि नाथ ! मर्त्यो,**
**नूनं गुणान् गणयितुं न तव क्षमेत ।**
**कल्पान्तवान्तपयसः प्रकटोऽपि यस्मान् -**
**मीयेत केन जलधेर्ननु रत्नराशिः ।।४।।**

● **અન્વયાર્થ :**

**हे नाथ ! मर्त्यः तव गुणान् मोहक्षयाद्**
**अनुभवत् अपि गणयितुं नूनं न क्षमेत् ।**
**यस्मात् कल्पान्त वान्त पयसो जलयेः**
**प्रकटोऽपि रत्नराशि ननु केन मीयेत् ? ।।४।।**

● **શબ્દાર્થ : मोहक्षयाद्** -મોહનીય કર્મના ક્ષયથી, **अनुभवत्** - અનુભવવા, જાણવા, **अपि** - છતાં, **नाथ !** - (હે) નાથ !, **मर्त्यः** - મનુષ્ય, **नूनं** - ખરેખર, **गुणान्** - ગુણોને, **गणयितुं** - ગણવાને, **न** - નથી, **तव** - તમારા, **क्षमेत्** - સમર્થ, **कल्पान्त** - કલ્પના અંતે, પ્રલયકાળે, **वान्त** - વાયુથી (ઉછળેલા, ઉલેચેલા, ખાલી થયેલા), **पयसः** - પાણી, જળ, **प्रकटः** - પ્રગટ થયેલા, **अपि** - છતાં, **यस्मात्** - જેવી રીતે, જે કારણથી, કારણ કે, **मीयेत्** - માપી (ગણી) શકાય, **केन** - કોના વડે (?), **जलधेः** - સમુદ્રના, **ननु** - ખરેખર, **रत्नराशिः** - રત્નોનો સમૂહ.

● **સમશ્લોકી ગુજરાતી પદ્યાનુવાદ :**

(હરિગીત)

**અનુભવ કરે તુજ ગુણતણો જન મોહના ટળવા થકી,**
**નહિ પાર પામે નાથ ! તે પણ આપ ગુણ ગણતા કદી;**
**જેમ પ્રલયકાળ વડે ખસેલા જળ થકી સમુદ્રના,**
**ખુલ્લા થયેલા રત્નઢગલા કો'થી માપી શકાય ના.(૪)**

(મંદાક્રાંતા)

**પ્રાણી જો કે અનુભવી થઈ મોહનાશે કદાપિ,**
**ગાઈ તારા ગુણ નવ શકે નાથ તારા તથાપિ;**
**કલ્પો કેરા પ્રબળ બળથી ઉછળેલો જણાય,**
**તોયે કો'થી જલનિધિ તણો રત્નરાશિ ગણાય ? (૪)**

● **ભાવાર્થ :** હે પ્રભુ ! મોહનીય કર્મનો ક્ષય થવાથી (કેવળજ્ઞાનમાં) આપના ગુણોને પ્રત્યક્ષ દેખતા - અનુભવતા છતાં પણ તમારા ગુણોને ગણવા કે તેનું કથન કરવાને કોઈ મનુષ્ય (કેવળી) સમર્થ નથી (ગુણો અનંત છે માટે); જેવી રીતે (કારણ કે) કલ્પાંતકાળ (પ્રલયકાળ) ના સમયે (ભયંકર મહાસંવર્તક) વાયુ ફૂંકાય ત્યારે સમુદ્રનું પાણી દૂર થઈ જાય (ઉલેચાઈ જાય) છે, અને દરિયાની અંદરની રત્નરાશિ (રત્નોનો સમૂહ) પ્રત્યક્ષ દેખાય છે, પરંતુ એ રત્નરાશિનું માપ કાઢવા કોણ સમર્થ થઈ શકે ? અર્થાત્ તેને કોઈ ગણી શકે નહીં.

● **વિશેષાર્થ / પરમાર્થ :** ત્રીજા શ્લોકમાં આપણે જોયું કે જેને કર્મના પડળ, મોહના દળિયા નડતા હોય છે તેને તો પ્રભુની ઓળખ જ થતી નથી. દિનઅંધ ઘુવડના બચ્ચાની દશા સૂર્યના રૂપને જાણવા માટે જેવી થાય છે તેવી કર્મથી ઘેરાયેલા જીવની દશા પ્રભુને જાણવા બાબત થાય છે. તે પ્રભુના રૂપને જરા પણ જાણી કે અનુભવી શકતો નથી.

આ ચોથા શ્લોકમાં, જેનો મોહ નાશ પામ્યો હોય તેવા જીવની વાત આચાર્યશ્રી કરે છે. જે જીવે પ્રભુના શરણમાં આવી પોતાને નડતો મોહ તોડ્યો છે તે જીવ પ્રભુની ઓળખ અને પ્રભુના ગુણોનો અનુભવ કરે છે, તથા પ્રભુમાં કેવા કેવા ગુણો છે તેની ઝાંખી તેને થાય છે. એટલેકે પેલા કર્મોથી ઘેરાયેલા જીવ (શ્લોક - ૩) ની અપેક્ષાએ મોહ તોડેલો જીવ પ્રભુના ગુણ સમજવા, અનુભવવામાં વધુ સમર્થ છે. પરંતુ જ્યારે પ્રભુના ગુણ ગણવા માગે ત્યારે આ મોહરહિત જીવની પણ કેવી દશા થાય છે તેની વિવક્ષા અહીં છે. પ્રભુની ઓળખ અને પ્રભુના ગુણોનો પરિચય પામેલો આ જીવ જ્યારે પ્રભુના ગુણો ગણવા બેસે છે ત્યારે

તેને પોતાની મર્યાદાનું ભાન થાય છે અને અસમર્થતા અનુભવે છે.

ભક્તની આ પરિસ્થિતિ સમજાવવા માટે સિદ્ધસેન દિવાકરસૂરિજી સમુદ્રના રત્નરાશિનું ઉદાહરણ આપે છે. પ્રલયકાળ વખતે જળ-સ્થળના ઘણા ફેરફાર થઈ જાય છે. જ્યાં જમીન હોય ત્યાં સમુદ્ર થઈ જાય છે અને જ્યાં સમુદ્ર હોય ત્યાં જમીન થઈ જાય. પ્રાચીનકાળથી એક એવી કવિકલ્પના ચાલી આવે છે કે અનેક રત્નો અને કિંમતી પથ્થરો દરિયાના પેટાળમાં રહેલા છે. પ્રલયકાળ વખતે જળ-સ્થળના ફેરફારથી સમુદ્રનો આ રત્નખજાનો પ્રગટ દ્રષ્યમાન તો થાય છે, પરંતુ એ રત્નખજાનો ગણવાનું કામ અશક્ય છે. આવું જ કંઈક આચાર્યશ્રી પાર્શ્વપ્રભુના ગુણ ગાવાની બાબતમાં પોતા માટે અનુભવે છે.

પ્રારંભથી જ આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજી પોતાના અસામર્થ્યના પ્રદર્શનની સાથે સાથે ભક્તિભાવનું ઉદ્ગાન કરતા આવ્યા છે. ભિન્ન ભિન્ન ઉપમાઓના અવલંબનથી આખ્યાન કરી રહ્યા છે. છતાં પોતાને અયોગ્ય અને અસમર્થ બતાવીને "ઔચિત્ય - અનૌચિત્ય" અલંકારની ઝલક આપે છે. આ ભાવનાથી ભક્તિસોપાન પર આરૂઢ થઈ રહ્યા છે. દરેક સોપાનમાં કાવ્યકલાની ઝલક વેરી રહ્યા છે. આ શ્લોક (નં. ૪) ભક્તિના મર્મભાવોને સ્પર્શ કરે છે. નમ્રતાના અંતિમ બિંદુ સુધી પોતાને નીચે લઈ જઈને મહાનતાનું પ્રદર્શન કરીને "લઘુમહદ્" અલંકાર દર્શાવેલ છે.

આચાર્યશ્રી પાર્શ્વપ્રભુના ગુણસાગરનું અવલંબન લઈને પોતાના સાહસનો પરિચય આપે છે. અલ્પ બુદ્ધિવાળી મારા જેવી વ્યક્તિ શું આપ પ્રભુના ગુણસાગરના અસંખ્ય ગુણોનું વિવરણ કરી શકે ? આવો તેમનો ભાવ છે. પોતાને માટે અસામર્થ્ય ભાવોનું કથન કરીને ભગવાનના અસંખ્ય ગુણોનું અન્યથા કથન કરી રહ્યા છે. પ્રાચીન ભક્તયોગી કવિઓની આ એક પરંપરા રહી છે કે સ્વયંને પ્રભુ સમક્ષ ભિન્ન ભિન્ન રૂપે અસમર્થ બતાવીને નમ્રતાની અભિવ્યક્તિ કરવી.

ભગવાનને '**નાથ**' સંબોધન કર્યું છે. ભારતવર્ષમાં પ્રાચીનકાળથી જ નાથ પરંપરા ચાલતી આવી છે. ભગવાનને નાથ કહીને સ્વામીના રૂપમાં સ્વીકાર કર્યો છે. જૈન પરંપરામાં 'નાથ' શબ્દ એટલો વ્યાપક બની ગયો છે કે આપણા ૨૪ માંથી ૧૭ તીર્થંકરોના નામમાં નાથ શબ્દ છે : અજિતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, નેમીનાથ, પાર્શ્વનાથ વગેરે. મહાવીર સ્વામીએ '**ઉત્તરાધ્યયન સૂત્ર**' ના ૨૦મા અધ્યાયમાં, અનાથી મુનિની કથામાં, અનાથ સનાથ વગેરે સમજાવ્યા છે. ભૌતિક દૃષ્ટિએ જે નાથ છે તે ખરેખર અનાથ છે અને વિષયભોગથી વિરક્ત થાય તે સાચા અર્થમાં નાથ અને સનાથ છે.

આત્મામાં અનંત ગુણો શક્તિરૂપે રહેલા છે અને તે કર્મથી આવરિત છે. આત્મા જ્યારે સાધનામાર્ગે પુરુષાર્થ કરીને કર્મોના આવરણ દૂર કરે ત્યારે ગુણોને પ્રગટ કરતો જાય છે. મિથ્યાત્વનો ક્ષય થતા ક્ષાયિક સમકિત ગુણ પ્રગટ થાય. મોહનો ક્ષય થવાથી વીતરાગતા પ્રગટે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મ ક્ષય થતાં કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય અને અવ્યાબાધ સુખરૂપે અનંત ચતુષ્ટય પ્રગટ થાય. પછી જ્યારે બાકીના ચાર અઘાતીકર્મોનો ક્ષય થાય ત્યારે જીવ અશરીરી બની સિદ્ધક્ષેત્રે જઈ સિદ્ધ પરમાત્મા બને. તેના અનંતગુણો પ્રગટ થાય, જે માત્ર અનુભવી જ શકાય. સિદ્ધ પરમાત્મા તે અનંતગુણોનો સમયે સમયે અનુભવ કરે છે (ભોગવે છે). કેવળજ્ઞાની તેના જ્ઞાનમાં તે અરૂપી આત્મગુણોને પ્રત્યક્ષ જાણે છે, દેખે છે, અનુભવે છે. છતાં તેનું કથન કરી શકતા નથી, કારણ કે ભાષા સીમિત છે, સમય સીમિત છે, શબ્દો સીમિત છે અને વાણી ક્રમિક છે. તે અસીમિત ગુણોનું વર્ણન કઈ રીતે કરી શકે ! આ બાબત વધુ સ્પષ્ટ કરવા સ્તુતિકાર આચાર્યશ્રી દૃષ્ટાંત આપીને સમજાવે છે.

કલ્પાંતકાળનો મહાસંવર્તક વાયુ વાય ત્યારે જળ સ્થળ બની જાય અને સ્થળ જળમાં પલટાઈ જાય. પાણી દૂર થતાં સમુદ્રના પેટાળમાં રહેલા ચંદ્રકાંત, સૂર્યકાંત વગેરે રત્નો પ્રગટ દેખાઈ તો જાય, પરંતુ એ રત્નસમૂહને કોણ ગણી શકે ? કોઈપણ વ્યક્તિ એ રત્નરાશિને ગણવા શક્તિમાન ન થાય એટલો તે અમાપ હોય છે. બસ, એ જ રીતે આત્મગુણોની સંખ્યા અનંત છે અને તે માત્ર અનુભવનો વિષય છે, કથનનો

નહીં. તર્ક ત્યાં પહોંચી શકતો નથી અને બુદ્ધિની ફૂટપટ્ટી કામ લાગતી નથી. શ્રીમદ્ રાજચંદ્રજીએ **'આચારાંગ સૂત્ર'** આગમની આ વાત : **'અપૂર્વ અવસર'** માં કહી છે :

**જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. (૨૦)**

આ શ્લોક (નં. ૪) માં **મોહક્ષયાત્** કહીને જૈનધર્મના હાર્દ સમાન કર્મપ્રકૃતિનું સ્વરૂપ પ્રગટ કર્યું છે. સઘળા સંસારી જીવોને ભવાટવીમાં ભ્રમણ કરાવનારા મુખ્ય ૮ કર્મો **'ઉત્તરાધ્યયન સૂત્ર'** ના ૩૩ મા અધ્યાયમાં કહ્યા છે : (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય કર્મ (૬) નામ કર્મ (૭) ગોત્ર અને (૮) અંતરાય.

પરિણામોની અપેક્ષાએ કર્મોના ૮ વિભાગ છે. તેમાં સૌથી પ્રબળ સત્તા, પ્રબળ સામર્થ્ય, પ્રબળ કાળસ્થિતિ અને પ્રબળ રસતીવ્રતા એક માત્ર મોહનીય કર્મની જ છે. મોહનીય એટલે આત્માની પોતાની જ પોતાના સ્વરૂપ વિષેની ભ્રાંતિ-ભ્રમણાથી ઉત્પન્ન થયેલ કર્મ. તે કર્મ મદિરાની જેમ ભાન ભૂલાવનારું એવું તો પ્રબળ છે કે આત્મા પોતાના જ સાચા સ્વરૂપનું ભાન ભૂલી જાય છે. તેથી જ શ્રીમદ્જીએ **'આત્મસિદ્ધિ શાસ્ત્ર'** માં કહ્યું :

**આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;**
**શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. (૫૮)**

આત્મા પોતે જ પોતાના જ સ્વરૂપની શંકા કરે છે તેને અત્રે દુનિયાનું મોટું આશ્ચર્ય કહ્યું. તેનું મુખ્ય કારણ કર્મોમાં મોહનીય કર્મની - મોહરાજાની પ્રબળતા છે અને તે પણ ઘણા લાંબા સમય સુધી (ઉત્કૃષ્ટ સાડા ત્રણ કાળચક્ર). રાગ અને દ્વેષ એ મોહરાજાના મુખ્ય સરદારો છે, જેને સિદ્ધર્ષિ ગણી **'ઉપમિતિ ભવપ્રપંચા'** માં રાગકેસરી અને દ્વેષગજેંદ્ર કહે છે ! આ સુભટોના પ્રભાવથી આયુષ્ય-નામ-ગોત્ર આદિ કર્મો બાંધી જીવાત્મા નવા નવા દેહ ધારણ કરી ૪ ગતિ - ૨૪ દંડક - ૮૪ લાખ જીવાયોનીના ચક્કરમાં રખડે છે.

અજ્ઞાનદશામાં રહેલા (ત્રીજા શ્લોકમાં કહેલા) ઘુવડ જેવા બાળજીવ પ્રભુના ગુણ વર્ણવવા સમર્થ ન થાય તે તો હજુ પણ સમજી શકાય, પણ તેથી આગળ વધીને આચાર્યશ્રી અત્રે પરમાર્થથી કહે છે કે ઉપરોક્ત મોહનીય કર્મની સર્વ પ્રકૃતિઓ ખપાવીને જે જિનેશ્વર પ્રભુના અનંતા ગુણોનો અનુભવ કરી રહ્યા છે તેવા સયોગી કેવળી ભગવંત પણ તે કહેવાને સમર્થ નથી. આ પ્રમાણે તીર્થંકર પરમાત્માનું અનન્ય માહાત્મ્ય બતાવ્યું છે. આ જ ભાવ ભક્તામર સ્તોત્રના શ્લોક-૪ માં પણ છે.

કેવળી ભગવાન પોતે અનુભવે છતાં પણ શુદ્ધાત્માના સર્વ ગુણોને કહી શકે નહીં તેનું રહસ્ય, તેમની શક્તિ તે ગુણોનું વર્ણન કરવા જેટલી નથી એમ નથી. શક્તિ તો છે પણ જે ભાષાના માધ્યમ વડે ગુણો કહી શકાય તે ભાષાની મર્યાદા છે. કહેવાય છે કે હજારો જીભ વડે લાખો વર્ષ સુધી કોઈ વર્ણવે તો પણ પ્રભુના ગુણોનો પાર આવતો નથી. આથી જ કોઈ કવિએ કહ્યું કે,

**સાત સમંદર સ્યાહી કરું, કલમ કરું વનરાય;**
**ધરતી કો કાગજ કરું, પ્રભુ ગુણ લીખ્યો ન જાય.**

● **ઉત્થાનિકા :** હવે પછીના શ્લોક સાથેનું અનુસંધાન. પરિપૂર્ણ જ્ઞાની શુદ્ધ પરમાત્માનું સ્વરૂપ સદાકાળને માટે શબ્દાતીત અને અવર્ણનીય જ રહ્યું છે. આમ કહીને પ્રભુના ગુણગાન કરવા તે કેટલું બધું કઠિન કાર્ય છે તે પરમાર્થથી બતાવ્યું છે. તો હવે આ થશે કેમ ? તેનું રહસ્ય આગળના શ્લોક ૫ અને ૬ માં પ્રગટ કરે છે કે આ કલ્યાણમંદિર સ્તોત્ર - સ્તવન પ્રભુભક્તિની શક્તિ વડે રચાશે.

અંતમાં સર્વ જીવ પ્રભુભક્તિથી પોતાનું આત્મકલ્યાણ સાધે તેવી મંગલભાવના સાથે શ્રી જિનાજ્ઞાથી વિપરીત કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ
॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

# આત્માની સંબંધ શક્તિ (૪૭)

વલભજી હીરજી 'કેવલ'

જ્ઞાનસ્વરૂપ આત્માને પોતાના સ્વભાવ સાથે સ્વ-સ્વામિપણાનો સંબંધ છે, બીજા કોઇ સાથે તેને સંબંધ નથી. જ્ઞાનાદિ અનંત ગુણોને તેમની નિર્મળ પર્યાયોરૂપ જે સ્વભાવ તે આત્માનું સ્વ છે. એટલે કે તે જ આત્મા છે ને તેનો જ આત્મા સ્વામી છે. આત્માના સ્વાનુભવમાં કાંઇ 'આ સ્વ ને આ સ્વામી' એવા ભેદનું લક્ષ રહેતું નથી. આત્માને પોતાના સ્વભાવ સાથે જ સંબંધ છે. પોતાના અનંત ધર્મચક્રને આત્મા ધારણ કરે છે પણ બીજા પદાર્થો સાથે તેને જરાય સંબંધ નથી. સંબંધશક્તિ પરથી વિભક્તપણું બતાવીને સ્વભાવ સાથે એકતારૂપ અભેદ સંબંધ કરાવે છે. જે ભાવનો જે સ્વામી હોય તે જ જાતનો તે હોય. જડ ભાવનો સ્વામી જડ હોય. ચેતન તો ચેતન ભાવનો સ્વામી હોય. ચેતન કાંઇ જડનો સ્વામી ન હોય. જડની ક્રિયા આત્મા કરે એમ માને, તેના અભિપ્રાયમાં આત્મા અને જડ ભિન્ન રહેતા નથી. જ્યારે જીવ આવો અનુભવ કરે ત્યારે જ વિકલ્પનું સ્વામિત્વ તેને છૂટે છે.

"મારો સુશાશ્વત એક દર્શન-જ્ઞાનલક્ષણ જીવ છે,
બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે."

જેટલો પોતાનો નિજ ભાવ તેટલું જ પોતાનું સ્વ, ને તેનો આત્મા સ્વામી. જે પોતાનું નથી તેની સાથે આત્માને સ્વામીપણાનો સંબંધ નથી. આમ, માત્ર ચેતનમય નિજસ્વભાવનો જ સ્વામી રહે એવું આત્માની સંબંધ શક્તિનું કાર્ય છે. સંબંધશક્તિ પોતાના ભાવ સાથે સંબંધ રાખે છે, પર સાથે સંબંધ નથી રાખતી. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે

'કોના સંબંધે વળગણા છે ? ..... એનો હે જીવ ! તું શાંત ચિત્તે વિચાર તો કર.' આત્મા ચેતનસ્વરૂપ છે. તેને જડ સાથે વળગણ નથી. આ ચૈતન્યવસ્તુમાં એવો સ્વભાવ નથી કે રાગનું કે પરનું સ્વામીપણું કરે. ચૈતન્યવસ્તુને પોતાના ગુણ-પર્યાયરૂપ નિર્મળભાવોમાં જ સ્વામીપણું છે. એ સિવાય બીજામાં સ્વામીપણું કલ્પે તેણે ચૈતન્ય વસ્તુને જાણી નથી. આમ, પોતામાં જ સ્વ-સ્વામી સંબંધ જાણતા પર સાથેનો સંબંધ તૂટે ને અંતર્મુખ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટે, તેનું નામ ધર્મ છે. આત્માને જેની સાથે એકતા હોય તે જ આત્માનું સ્વ કહેવાય. જેની સાથે એકતા ન હોય તો સ્વ એટલે કે પોતાનું ન કહેવાય આ રીતે 'એકત્વ-વિભક્ત' શુદ્ધાત્મા જણાશે.

કર્તા-કર્મપણું, સ્વ-સ્વામીપણું તે એક જ વસ્તુમાં હોય છે, ભિન્ન વસ્તુમાં નથી હોતું. આત્માથી જુદું હોય તેનો આત્મા સ્વામી નથી. આત્મા આત્મભાવોનો સ્વામી છે. આત્મસ્વભાવના આશ્રયે પ્રગટેલા એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ભાવો તે જ આત્માના ભાવો છે, અને તેમની સાથે જ આત્માને સ્વ-સ્વામી સંબંધરૂપ એકતા છે. શુદ્ધોપયોગ જ આત્માનું સ્વ છે. સાધકભાવ તે શુદ્ધોપયોગરૂપ છે. પૂર્વે નહીં પ્રગટેલી એવી નિર્મળ પર્યાયો આપનાર અને પ્રગટેલી શુદ્ધપર્યાયની રક્ષા કરનાર આવો સ્વામી આત્મા પોતે જ છે. આવી દિવ્યશક્તિવાળા પોતાના આત્માને જે જાણે છે તે પોતે પોતાનો અચિંત્ય આત્મવૈભવ પ્રગટ કરીને સિદ્ધપદને પામે છે. કથનમાં ક્રમની અપેક્ષાએ આ છેલ્લી શક્તિ છે પણ અંદર અનંતશક્તિમાં કઇ પહેલી ને કઇ છેલ્લી એવા ક્રમ નથી. બધી શક્તિઓ એકસાથે જ જ્ઞાનભાવમાં પરિણમી રહી છે. શક્તિના વર્ણન દ્વારા આવા જ્ઞાન માત્ર આત્મસ્વભાવનો અનુભવ કરાવવો તે તાત્પર્ય છે. 'જિનવાણી મુજ માત છે રત્નત્રયદાતાર'. (સંપૂર્ણ)

## અમૃતવાણી

અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ વિશ્વને બે મહાન અને અજોડ સૂત્રો આપ્યા છે : (૧) અહિંસા પરમો ધર્મ (૨) જીવો અને જીવવા દો.

આ બન્ને સૂત્રોને જીવનમાં ઉતારી શકાય તો સ્વ અને પરનું કલ્યાણ સાધી શકાય.

તેઓ કહે છે -

"આરોગ્ય-માંદગી, શાંતિ-અશાંતિ, કીર્તિ-બદનામી, સુખ-દુઃખ, માનવપણું - પ્રાણીપણું - આ બધાનું કારણ પોતાના કર્મો જ હોય છે. સર્વ આત્માઓ કર્મોથી મુક્ત બનીને પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરી શકે છે."

# બાળ સંસ્કરણ

આપણા પ્રાચીન શાસ્ત્રોમાં કહ્યું છે કે નદી જ્યારે સમૃદ્ધ હોય ત્યારે એ બધાને પાણી આપે છે, વૃક્ષ જ્યારે સમૃદ્ધ હોય ત્યારે એ બધાને ફળ આપે છે અને વાદળા જ્યારે સમૃદ્ધ હોય ત્યારે એ બધાને વરસાદ આપે છે. **परोपकाराय सतां समृद्धय....** સજ્જનોને જે સમૃદ્ધિ મળે તેનો ઉપયોગ પરોપકાર માટે થાય છે.

સંસ્કારસિંચન માટે મુનિરાજશ્રી બાળકો સહેલાઈથી સમજી શકે એ માટે અંગ્રેજી બારાખડીના ABCD અક્ષરોનો ઉપયોગ કરીને ચાર અમૂલ્ય જીવનસંદેશ આપે છે. જેનો સારાંશ આ મુજબ છે - A for Art of Living. જીવનનો સાચો આનંદ આપણે ત્યારે મેળવી શકીએ, જ્યારે આપણને જીવન જીવવાની કળા આવડતી હોય. પરિસ્થિતિ એ આપણા હાથની વાત નથી, પણ મનઃસ્થિતિ એ આપણા હાથની વાત છે. જો તમે તમારા મન પર તમારો કમાન્ડ રાખી શકો, તો દુનિયામાં કોઈની તાકાત નથી કે તમને દુઃખી કરી શકે. વિશ્વપ્રસિદ્ધ ચિંતક સોક્રેટીશની પત્ની ખૂબ જ ઝગડાખોર હતી. એક વાર સોક્રેટીશ ઘરે આવ્યા ને વિના કારણે એ ઝઘડવા લાગી. કલાક સુધી એ બોલતી રહી, સોક્રેટીશ શાંતિથી સાંભળી રહ્યા. આખરે પત્ની થાકીને ઉપર રસોડામાં જતી રહી. સોક્રેટીશ બહાર ઓટલા પર બેસી ગયા. પત્નીનો ગુસ્સો હજી શાંત થયો ન હતો. તેણે ઉપરથી પતિ પર એંઠવાડનું ગંદુ પાણી ફેંકી દીધું.સોક્રેટીશ હસી પડ્યા, ને ધીમેથી બોલ્યા, ''વાહ, પહેલા મેઘ ગરજ્યા ને પછી વરસ્યા.'' સોક્રેટીશ સુખી હતા, કારણકે એમને A = Art of Living આવડતું હતું. Take it easy. તમે ઈઝી લેશો તો પહાડ જેવું દુઃખ પણ ફૂલ જેવું હલકું બની જશે. તમે ઈઝી નહીં લો , તો ફૂલ પણ પહાડ બની જશે.

B for Bare - આપણી સંસ્કૃતિ સામનો કરતાં નહીં પણ સહન કરવાનું શીખવે છે. તમારા માતા - પિતા- શિક્ષક વગેરે તમારા હિત માટે તમને ઠપકો આપે કે શિક્ષા કરે, તો એને તમારે સહન કરવું જોઈએ. તમારી સાથે કોઈ ખરાબ વ્યવહાર કરે અને તમે પણ સામો ખરાબ વ્યવહાર કરો, તો પછી તમારામાં ને એનામાં ફરક શું રહ્યો ? એક કૂતરો પણ ઝગડી શકે છે અને એક ગધેડો પણ મારામારી કરી શકે છે. આપણે માનવ છીએ, આપણા દુશ્મનને પણ સહાનુભૂતિ અને પ્રેમ આપીએ એમાં આપણી માનવતા છે. સુખી એ થાય છે, જે સહનશીલ છે. મોટા થયા પછી તમને ધંધા- નોકરીમાં કે લગ્નજીવનમાં દુઃખો આવે, તો તમે તેને સમતાથી સહન કરતાં શીખો. આપઘાત એ કોઈ સુખનો રસ્તો નથી. આપઘાત કરવો એટલે આ જન્મના દુઃખોને બીજા જન્મમાં સાથે લઈ જવા. દુઃખોથી મુક્ત થવાનો સાચો રસ્તો આ છે - B for Bare. અંગ્રેજી લેખક શેક્સપિયરે મજાની વાત કરી છે - A robbed that smiles, steals something from the theif. જે માણસ લૂંટાઈ જવા છતાં હસતો રહે છે, એ ચોરનું કંઈક ચોરી લે છે.

C for Care - આપણા સંસ્કાર ડગલે ને પગલે બીજાનો વિચાર કરવાનું અને બીજાની કાળજી લેવાનું શીખવે છે. ભગવાન હરેક પળે આપણી પરીક્ષા લે છે કે તે બીજાનો વિચાર કેટલો કર્યો. રિસેસમાં તમે લંચબોક્સ ખોલો, તમને ખબર પડે કે તમારી બાજુમાં બેઠેલો છોકરો લંચબોક્સ ભૂલી ગયો છે. એ ભૂખ્યો રહે ને તમે તમારો નાસ્તો કરી લ્યો, તો તમે ભગવાનની પરીક્ષામાં ફેઈલ થઈ જશો. રસ્તા પરથી તમે પસાર થતો હો, તમને કોઈ વૃદ્ધ દેખાય, એને રસ્તો ક્રોસ કરવો હોય, ને તમે એને મદદ નહીં કરો, તો તમે ભગવાનની પરીક્ષામાં ફેઈલ થઈ જશો. તમને

જે કાંઈ પણ મળે સમય, શક્તિ, સંપત્તિ - એનો ઉપયોગ તમે બીજાનું ભલું કરવામાં કરો. તમને એક કલાક મળે, એને તમે ટી.વી. જોવામાં વેડફી પણ શકો છો અને એ કલાકમાં તમે કોઈ વૃદ્ધ, બીમાર કે ઘાયલ પશુની સેવા પણ કરી શકો છો. તમને પપ્પા ૫૦ રૂા. આપે એને તમે હોટલનું - લારીનું ખાવામાં ઉડાવી પણ શકો છો અને એ પૈસાથી કોઈ ગરીબને દૂધ - દવા વગેરેની મદદ પણ કરી શકો છો. એક વાત યાદ રાખજો કે આપણે ખાઈએ એનો સ્વાદ બે - પાંચ મિનિટ સુધી જ રહે છે, જ્યારે આપણે ખવડાવીએ એનો સ્વાદ જીવનપર્યંત રહે છે. જે મજા ખવડાવવામાં છે, તે મજા ખાવામાં નથી. સંતો કહે છે, **- આંખ બને કરુણાની પ્યાલી, હૈયું ઝંખે સૌની ખુશાલી, તેને ઘરે રોજ દિવાળી.**

D for Dicipline - ચાર પ્રકારની શિસ્તને સમજો. (૧) **હોમ ડિસિપ્લીન :-** શ્રી રામ - શ્રી કૃષ્ણ - શ્રીમહાવીર એ મંદિરના ભગવાન છે. આપણા મમ્મી - પપ્પા એ આપણા ઘરના ભગવાન છે. આપણે આપણા મમ્મી - પપ્પાને રોજ પ્રણામ કરવા જોઈએ. તેમની સેવા કરવી જોઈએ અને તેમને ઘરકામમાં મદદ કરવી જોઈએ. **પુરાણો**માં કહ્યું છે - પુત્ર માટેનું કોઈ મહાતીર્થ હોય, તો એ તેના માતા - પિતાના ચરણકમળ છે. **મનુસ્મૃતિ**માં કહ્યું છે - માતા - પિતાએ જન્મ આપીને જે ઉપકાર કર્યો છે તેનો બદલો તેમની સો વર્ષ સુધી સેવા કરવાથી પણ ન વળી શકે. **આગમો**માં કહ્યું છે - **दुष्प्रतिकारौ मातापितरौ** - માતા - પિતાના ઉપકારનો બદલો વાળવો ખૂબ જ મુશ્કેલ - અશક્યપ્રાયઃ છે.**કુરાન**માં કહ્યું છે - તારું સ્વર્ગ તારી માતાના ખોળામાં છે. **બાઈબલ**માં કહ્યું છે - તારા માતા - પિતાની શીખ તારા માથાનો મુગટ બનશે. **ગ્રંથસાહેબ** માં કહ્યું છે - 'માતા - પિતા એ ભગવાન સમાન છે.' જે માતા - પિતાને દુઃખ આપે છે, તે જીવનમાં કદી સુખી થઈ શકતો નથી. **મહાભારત**માં કહ્યું છે કે જીવનનું સુખ માતા - પિતાની સેવા કરીને તેમના આશીર્વાદ લેવાથી જ મળી શકે.

(૨) **સ્કુલ ડિસિપ્લીન :-** માતા - પિતા જેમ ઘરના ભગવાન છે, તેમ તમારા આચાર્ય-શિક્ષક-શિક્ષિકાઓ એ સ્કુલના ભગવાન છે. કદી તેમની નિંદા કે મશ્કરી ન કરવી. જ્યારે પણ એ વર્ગમાં આવે કે બહાર ક્યાંય પણ મળે, ત્યારે હાથ જોડીને તેમને **નમસ્તે** કહેવું. જે શિક્ષકો માટે આદર રાખે છે તેની યાદશક્તિ ખૂબ વધી જાય છે. તે પરીક્ષામાં ખૂબ સારું પરિણામ લાવે છે અને જીવનમાં ખૂબ આગળ વધે છે. શાસ્ત્રો કહે છે - **गुरुर्ब्रह्मा गुरुर्विष्णु** - ગુરુ જ બ્રહ્મા-વિષ્ણુ-મહેશ્વર સ્વરૂપ છે. તમારે શિક્ષકોનો જન્મદિવસ યાદ રાખવો જોઈએ અને જન્મદિવસની શુભેચ્છા આપીને બધાએ મળીને તેમને કોઈ ભેટ આપવી જોઈએ. દુનિયામાં જે જે લોકો પણ મહાન બન્યા છે, તેઓ પોતાના ગુરુ પ્રત્યેના આદરથી જ મહાન બન્યા છે.

(૩) **સોસિયલ ડિસિપ્લીન :-** જે સમાજે તમારા જીવનઘડતરમાં આટલો ફાળો આપ્યો છે એ સમાજની તમારે સેવા કરવાની. કાલે તમારામાંથી ડૉક્ટર/ એન્જિનિયર/ વકીલ/ બિઝનેશમેન/ શોપકિપર/ ઓફિસર વગેરે બનશે. તમારો જીવનમંત્ર આ જોઈએ કે મને પૈસા ઓછા મળશે તો ચાલશે, પણ હું મારા દેશને / સમાજને દગો નહીં દઉં. હું કોઈ ખોટું કામ નહીં કરું.

(૪) **સ્પિરિચ્યુઅલ ડિસિપ્લીનઃ-** અહીં આપણે અલગ નામો પાડ્યા છે. ઉપર તો એક જ ભગવાન છે. માટે સંતો પ્રત્યે આપણે આદર રાખવો જોઈએ. કોઈના પણ પ્રત્યે આપણે વેરભાવ ન રખાય. બધા જ ધર્મો પ્રેમ અને શાંતિનો સંદેશ આપે છે. કોઈ ધર્મ ઝઘડવાનું કહેતો નથી. માટે ભગવાન અને સંતોને આપણે આદરપૂર્વક વંદન કરવાં જોઈએ.

સંતોના પવિત્ર પ્રયત્નોથી આપણા સમાજમાં ગુણાત્મક વસંત આવશે. હદ સુધી જાય અને સમાજ એને જોવા ભેગો થાય ? એને તાળીઓથી વધાવે ? સજ્જનો ટિકિટો લઈ લઈને એનું સ્વાગત કરે ? ૨૫-૫૦ રૂા.ની તમે લીધેલ ટિકિટના પૈસા ફિલ્મ ઈન્ડસ્ટ્રી

સુધી પહોંચે છે, એનો તમને ખ્યાલ ખરો ? હજારો હત્યાઓ અને લાખો બળાત્કારોના સૂત્રધારોને તમે સપોર્ટ કરી રહ્યા છો, એનું તમને ભાન ખરું ? ધર્મની વાત તો ઘણી ઊંચી છે, તમે માત્ર સજ્જનતાની ભૂમિકાએ પણ ઊભા રહો તો તમે કોઈ અભિનેતા કે અભિનેત્રીનું નામ લેવા પણ તૈયાર ન થાઓ. જેમના જીવનના કોઈ જ ઠેકાણા નથી. એક - એક રાતના ૧/૨/૩ લાખ રૂપિયા લઈને જેઓ સામે ચાલીને પોતાનું શીલ વેચવા તૈયાર છે, જેઓ રોજ પથારી બદલે છે, માંસ ને દારૂ જેમના જીવનનો ભાગ છે. જેમનું પારિવારિક જીવન સાવ જ ખાડે ગયું છે. એક સજ્જન તરીકે તમને એમનું નામ લેવામાં કે એમની સામે જોવામાં પણ શરમ ન આવવી જોઈએ ? બીભત્સ દેખાવો ને નખરા કરતી એક હિરોઈન દેશની કરોડો કન્યાઓને ભયંકર ગેરમાર્ગે દોરી રહી છે. એમના રવાડે ચડીને એ કન્યાઓ હજારો વર્ષોથી ચાલી આવેલ મર્યાદાના કવચને ફગાવી રહી છે. શહેરોના રસ્તા પર એક સજ્જનને ચાલવું પણ મુશ્કેલ થઈ જાય, એ સ્થિતિ આવી છે. વાસનાના ભૂખ્યા વરૂઓ જાતજાતની જાળો બિછાવીને આપણી એ કૂમળી કન્યાઓના જીવન બરબાદ કરી રહ્યા છે. તમારું ચાલે તો આ બધું અટકાવજો, પણ પોતે ય એ વરઘોડામાં નગારું લઈને જોડાઈ જવાનું પાપ કદી કરતાં નહીં. આજે કોઈ ભગતસિંહ હોય તો આ ફિલ્મ ઈન્ડસ્ટ્રી દૂર કરે, જે આ દેશને પાયમાલ કરી રહી છે. સંત તો વિશ્વશાંતિ ઇચ્છે, સહુને સદ્‌બુદ્ધિ મળો. મને તો નિર્માતા-નિર્દેશકો-હીરો-હિરોઈનો કરતા વધારે ફરિયાદ તમારી છે. જે લોકોને ગુંડાઓ સાથે સંબંધો છે, આતંકવાદ સાથે સંબંધ છે, જેમનાં જીવન છેલ્લી કક્ષાએ ભ્રષ્ટ થયેલા છે, એમના તમે ફોટા રાખ્યા હોય, તમે પૈસા આપીને એને જોવા જાવ !! જે હીરોનું સ્થાન જેલના સળિયા પાછળ હોવું જોઈએ, જે હિરાઈનનું સ્થાન રેડ લાઈટ એરિયામાં હોવું જોઈએ, જેનું મોઢું જોવામાં પણ પાપ લાગે, આર્ય સંસ્કૃતિનું જેણે ક્રૂરતાથી ખૂન કર્યું છે, કરોડો પુરુષોને જેણે વાસનાથી સળગાવ્યા છે, લાખો વ્યભિચારોના જેઓ આડકતરા પ્રેરક છે, જેમણે સેંકડો ઘરોનો ભાંગીને ભુક્કો કર્યો છે એની પાછળ તમે પાગલ બનો ! એના વ્યવસાયને તમે પુષ્ટ કરો ! તમારા સ્વજન સાથે કોઈ દુર્ઘટના બને, કેસ ચાલે, આરોપી કહે કે ''ફલાણી ફિલ્મ જોઈને મને જે ઉશ્કેરાટ થયો, તેમાં મારાથી આવું થઈ ગયું છે,'' સાચું બોલો, તમને એ ફિલ્મ પર કેટલો ગુસ્સો આવે ? તમારાથી શક્ય બને તો તમે એ ફિલ્મની સામે ન પડો ? એના પર તમને ભયંકર નફરત ન થઈ જાય ? એના નિર્માતાથી માંડીને નાયક - નાયિકા પર તમને ભયંકર ક્રોધ ન આવે ? એ ફિલ્મની ટિકિટ લેવાનો તમને વિચાર પણ આવે ખરો ? તો મારે તમને સ્પષ્ટ કહેવું છે કે તમારી દીકરી માટે તમને આ લાગણી હોય, તો બીજાની દીકરી માટે કોઈ જ લાગણી નહીં ? ફિલ્મ ઈન્ડસ્ટ્રી વ્યભિચારોના અખાડા જેવી હોય, એ સ્થિતિમાં તમે કઈ ફિલ્મને સારી કહી શકશો? કે જેનાથી તમારી દીકરી જેવી હજારો કન્યાઓના/બહેનોના જીવન બરબાદ ન થયા હોય ? પ્લીઝ, એવા સ્વાર્થી ન બનતા, નહીં તો રેલો તમારા પગ નીચે પણ આવશે. એ દિવસે કદાચ તમે ટી.વી. ને ફોડી નાખશો અને કદાચ થિયેટરને સળગાવી દેવાના વિચારો કરશો, પણ ત્યારે બાજી હાથમાંથી જતી રહી હશે. Please say no to any how entertainment. આજે પ્રતિજ્ઞા લેજો કે અમારું ચાલે તો શીલ, સદાચાર અને સંસ્કૃતિના સંસ્કારોનો પ્રસાર કરશું. એ માટે અમારા તન-મન-ધનના ભોગ આપશું. પણ કમ સેકમ એ સુસંસ્કારોના લીરેલીરા ઉડાવતા તાંડવમાં સામેલ તો નહીં જ થઈએ.

એક વાત મનમાં બરાબર સમજી રાખજો કે જે આનંદ બીજાને સહાય કરવામાં છે, એ આનંદ કમાવામાં નથી.જે આનંદ બીજાને ખવડાવવામાં છે, એ ખાવામાં નથી. જે આનંદ દેવ - ગુરુની ભક્તિમાં છે, એ દુનિયાના કોઈ થિયેટર કે ટી.વી.માં નથી.

• • •

# જાગ માનવી જાગ ! અવસર આવ્યો રે

પંચમહાવ્રત પાળવાં ત્યાગ કરવો, પરિષહ સહન કરવા ઇત્યાદિ કષ્ટ સહન કરીએ એટલા માત્રથી ધર્મ થાય અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય એમ વસ્તુસ્થિતિ નથી; પણ આત્મામાં એકાગ્ર થતાં એમાં આનંદ આવે એ ધર્મ છે. વસ્તુ તો સહજાનંદ સ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદને વેદતાં વેદતાં કેવળજ્ઞાન થાય છે. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. સાધ્યની સિદ્ધિ એ રીતે થાય છે, બીજી રીતે થતી નથી. તારો આત્મા જ જ્ઞાનમાત્ર છે. જાણવું-જાણવું જાણવું એવા જાણક સ્વભાવના તત્ત્વનું તું સત્ત્વ છે. જ્ઞાનમાત્ર કહેતાં રાગ નહિ પણ તેમાં અનંત આનંદ, શાંતિ, પ્રભુતા ઇત્યાદિ અનંત શક્તિ આવી જાય છે. સાવધાન થા. રાગ તારી ચીજ નથી. તે છોડીને સ્વરૂપમાં સાવધાન થા. હું જ્ઞાનસ્વભાવી, અનંત ગુણનું ગોદામ અને અનંત શક્તિઓનું સંગ્રહાલય-ધામ છું સ્વપરને જાણવાના સામર્થ્યવાળો તું ભગવાન છે. લોકો બહારના ક્રિયાકાંડમાં પડીને અજ્ઞાનમાં જિંદગી કાઢે છે. વ્રત, તપ, ભક્તિ વગેરે ક્રિયાકાંડના વિકલ્પ છે, એ આત્માના સ્વરૂપની ચીજ નથી. પુણ્ય-પાપના સ્થાનમાંથી ખસી જઇને તારા જ્ઞાનાનંદ વીતરાગ સ્વરૂપમાં આવી જા; તારા સ્વરૂપમાં રમણ કરી લીન થઇ તેમાં ઠરી જા. શાંત રસનો સમુદ્ર તારો આત્મા છે તેમાં નિમગ્ન થઇ શાંતરસને પ્રાપ્ત થા. 'શુદ્ધ ચૈતન્ય સ્વભાવમય અમૃતનો સાગર હું છુ' એમ અનુભવવાને બદલે 'હું શરીર છું' એમ તું મૂર્છાઇ ગયો. આત્મા તો અવિનાશી તત્ત્વ છે. ચાર ગતિ અને ચોરાસીના ચક્કરમાં આત્માને કોઇ શરણ નથી એવું જેને ભાન થયું છે તે ભવ્ય જીવ આત્માનું જ, શુદ્ધ ચૈતન્યનું જ શરણ શોધે છે. તે એક જ જીવને શરણરૂપ છે, પરદ્રવ્ય કે પરદ્રવ્યની પર્યાયને આત્મા અડતો નથી.

બહારની મોટપ આડે તને આત્માની મોટપ ભાસતી નથી. અનુકૂળ સંયોગો મળતા બહારની મોટપની અધિકતા આવી ગઇ છે. આત્માનું માહાત્મ્ય તને કેમ આવતું નથી ? પરનો મહિમા મટાડીને અનંત મહિમાવંત નિજ સ્વરૂપનો મહિમા કર. આવું દુર્લભ મનુષ્યપણું પામીને ભવના અભાવની વાત જાણ્યા વિના ભવના ભાવો કર્યા જ કરીશ તો આ અવતાર એળે જશે. સમય બદલાતા વસ્તુનું સ્વરૂપ કાંઇ બદલાતું નથી. વીતરાગનો પંથ તો સદાય એક જ છે. આત્મા પરનો અકર્તા છે, કેમ કે તે પરથી ભિન્ન છે. સ્વરૂપને સમજ્યા વિના કર્તા કર્મની પ્રવૃત્તિ ઊભી જ રહે છે અને ત્યાં સુધી જન્મમરણની પરંપરા ઊભી જ રહે છે. સ્વરૂપ સમજ્યે જ જન્મ-મરણનો અંત આવે છે. તું તો અમૃતસ્વરૂપ આનંદનો નાથ વિજ્ઞાનઘન પ્રભુ છો. જાગૃત થા અને સ્વરૂપનું ભાન કરી એમાં ઠરી જા. શરીરની સર્વ ચિંતા છોડીને જ્ઞાનાનંદ વીતરાગ સ્વરૂપ આત્માનું ભાન કર. આ મનુષ્યભવના ટૂંકા આયુષ્ય પૂરા કરીને જીવ ચોરાસીના અવતારમાં ક્યાંય ચાલ્યો જશે. ત્રસની સ્થિતિ તો કેવળ બે હજાર સાગરની છે. બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના ભવ કરવાની સ્થિતિ બે હજાર સાગરની છે. જો જીવ-અજીવ અને જ્ઞાન-રાગ વચ્ચે ભેદજ્ઞાન પ્રગટ ન કર્યું તો તે સ્થિતિ પૂરી થતાં જીવ નિગોદમાં જશે. નિગોદવાસ તો અનંતકાળ અને અપાર દુ:ખથી ભરેલો છે. વિચાર કર !

ત્રણલોકનો નાથ ચૈતન્યઘન પ્રભુ આત્મા અંતરમાં બિરાજમાન છે તેનું શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવું એ મોક્ષનો એટલે જન્મ-મરણના ક્ષયનો ઉપાય છે. આ મનુષ્યભવમાં ધ્રુવધામ આત્માને ધ્યેય બનાવી તેનું ધ્યાન કરીને ધન્ય થઇ જા. રાગથી લાભ થાય એમ માનવું એ અહિતનો માર્ગ છે, અજ્ઞાન છે.

આ ભવના દુ:ખથી છૂટવું હોય તો અંદર રાગથી ભિન્ન શુદ્ધ ચૈતન્યમૂર્તિ બિરાજે છે તેની દૃષ્ટિ કર. તેનો જ અનુભવ કર. શુદ્ધ ચૈતન્યઘન આત્માને પકડ, તેથી તારું કલ્યાણ થશે. નિજઘર-આત્મા એકલું ચૈતન્ય-ચૈતન્ય-ચૈતન્ય આનંદનું ધામ છે. બસ એમાં જા, જેથી તને ભવનો અભાવ થશે.

દિવાળીના પર્વે ચોવીસમાં તીર્થંકર પ્રભુ મહાવીરના નિર્વાણને યાદ કરી એમના પગલે અનેકાંતમય જ્ઞાનાનંદ વીતરાગી ચૈતન્યઘન આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયનો આવિર્ભાવ કરતાં મુક્તિના પંથે પ્રયાણ કરીએ.

●●●

# પુસ્તક સમાલોચના

**મિતેશભાઇ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી)

(૧) **પુસ્તકનું નામ : પાકિસ્તાનનાં જૈન મંદિરો - વિસરાયેલા વારસાની વાતો**

**અનુવાદક :** ગુણવંત બરવાળિયા

**આવૃત્તિ :** પ્રથમ, જુલાઇ-૨૦૧૯ **પૃષ્ઠ :** ૨૩૬ **મૂલ્ય :** રૂા. ૩૦૦/-

**પ્રકાશકો : (૧)** શ્રી અર્હમ્ સ્પિરિચ્યૂઅલ સેન્ટર, ઘાટકોપર, મુંબઇ (૨) ઇન્સ્ટિટ્યુટ ઓફ જૈનોલોજી, અમદાવાદ,

**પ્રાપ્તિસ્થાનો : (૧)** ગુર્જર એજન્સીઝ, ગાંધીરોડ, અમદાવાદ. ફોન (૦૭૯) ૨૨૧૪૪૬૬૩ **(૨) શ્રી મુંબઇ જૈન યુવક સંઘ,** (મો) ૯૮૬૭૫૪૦૫૨૪

પાકું બાઈન્ડિંગ, સારા કાગળનો ઉપયોગ, મંદિરો તથા ભગવાનના રંગીન ફોટાઓ પુસ્તકને આકર્ષક બનાવે છે. આ પુસ્તકમાં મહેન્દ્રકુમાર મસ્તની 'विरान विरासतें' પુસ્તકનો ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં પાકિસ્તાનમાં જૈન ધર્મ અને જૈન મંદિરોનો ઇતિહાસ રસપ્રદ રીતે પ્રસ્તુત કરવામાં આવ્યો છે. પાકિસ્તાનમાં રહેલા હિન્દુ અને જૈનોની સંઘર્ષકથા પણ પ્રસ્તુત કરવામાં આવી છે.

(૨) **પુસ્તકનું નામ : આપણા આરોગ્યતીર્થ**

**સંપાદક :** પ્રવીણચંદ્ર ઠક્કર (મો) ૯૪૨૬૪૬૧૦૯૦

**પ્રકાશક :** વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ, બગસરા, જિ. અમરેલી (ફોન) (૦૨૭૯૬) ૨૨૨૪૭૯

**આવૃત્તિ :** દ્વિતીય, જુલાઇ-૨૦૧૯ **પાના :** ૧૨૮ **મૂલ્ય :** રૂા. ૭૦/-

આ પુસ્તકમાં ગુજરાતના ૪૮ જેટલા આરોગ્યધામનો પરિચય આપવામાં આવ્યો છે. લોકભારતી, સણોસરાના પૂર્વ નિયામક શ્રી પ્રવીણભાઈ ઠક્કરે જરૂરી સંપર્કો કરી, માહિતી મેળવી પ્રેમપરિશ્રમપૂર્વક સંપાદનકાર્ય કર્યું છે.

(૩) **પુસ્તકનું નામ : સુપરડુપર આત્મા**

**લેખક :** પૂજ્યશ્રી ધીરજમુનિ મ.સા., **આવૃત્તિ :** દ્વિતીય, એપ્રિલ-૨૦૧૮, **પાના :** ૪૬૪

**મૂલ્ય :** રૂા. ૨૫૦/-

**પ્રાપ્તિસ્થાનો :** (૧) શ્રી ઈન્દ્રપ્રસ્થનગર સ્થાનકવાસી જૈન સંઘ, રાજકોટ (ફોન) (૦૨૮૧) ૨૨૨૭૪૭૨ (મો) ૯૯૭૯૨૩૨૩૫૭ (૨) આશાબેન ઉદાણી, ચેમ્બુર, મુંબઇ (મો) ૦૯૯૨૦૧૨૬૧૫૧

પાકું બાઈન્ડિંગ, સારા કાગળનો ઉપયોગ થયેલ છે. રાંદેર રોડ, સૂરત મુકામે પૂજ્યશ્રી ધીરજમુનિ મ.સા. નું ચાતુર્માસ થયું હતું. તે સમય દરમિયાન 'ઠાણાંગ સૂત્ર' ના આધારે તેઓશ્રીએ હૃદયસ્પર્શી પ્રવચનો આપ્યા હતા તેનું આ પુસ્તકમાં સંકલન કરવામાં આવ્યું છે.

(૩) **પુસ્તકનું નામ : અમૃતનું આચમન**

**લેખક :** જ્યોત્સનાબેન દેસાઇ **આવૃત્તિ :** પ્રથમ, મે-૨૦૧૯ **પાના :** ૧૦૮ **મૂલ્ય :** લખેલ નથી.

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાનો :** (૧) જ્યોત્સનાબેન દેસાઇ, પરમ પ્રકાશન નં. ૨ રોલેન્ડ રોડ, આનંદ એપાર્ટમેન્ટ, કોલકત્તા (મો) ૯૮૩૦૧૪૦૬૧૪ (૨) શ્રી અર્હમ્ સ્પિરિચ્યુઅલ સેન્ટર, ઘાટકોપર, મુંબઇ (મો) ૯૮૨૦૨૧૫૫૪૨.

પાકું બાઈન્ડિંગ, સારા કાગળનો ઉપયોગ કરેલ છે. આ પુસ્તકમાં સાધક આત્મા જ્યોત્સનાબેનને કેટલીક અનુભૂતિઓ થઇ તેનું અક્ષરાંકન કરવામાં આવ્યું છે.

# બાળ વિભાગ

**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## સાચી વિદ્યા

સ્ત્રી-સાધ્વી રાબિયા પાસે કેટલાક ભક્તજનો ધર્મોપદેશ સાંભળી રહ્યા હતા. એવામાં સંત હસન ત્યાં આવી પહોંચ્યાં. કહેવાય છે કે સંત હસને પાણી પર ચાલવાની વિદ્યા પ્રાપ્ત કરી હતી અને એનું તેમનામાં ખૂબ અભિમાન પણ હતું.

અત્યારે પણ તેઓ અભિમાનથી બોલવા લાગ્યા, ''રાબિયાજી, અહીં ધર્મની ચર્ચા કરવાને બદલે મારી સાથે દરિયા પર ચાલો. પાણી પર ચાલવાની વિદ્યા મેં હસ્તગત કરી છે. મારી આ વિદ્યા કેવી મહાન છે એનો તમને ખ્યાલ આવશે! ''

ત્યાં બેઠેલાઓ તો અહોભાવથી સંત હસન સામે જોઈ રહ્યા.

પણ રાબિયાએ કહ્યું, ''સંત હસન! તમે પાણી પર ચાલવાની વિદ્યા પ્રાપ્ત કરી છે તો મેં આકાશમાં ઊડવાની વિદ્યા પ્રાપ્ત કરી છે. પણ એ વિદ્યાથી આપણને કશો ફાયદો નથી. ભૌતિક પ્રતિષ્ઠા ભલે એનાથી આપણને મળતી હોય, પણ એ વિદ્યા પ્રભુપ્રાપ્તિ માટે તો સાવ નિરર્થક છે! ઊલટાની એ વિદ્યા ખુદાની બંદગીમાં એક મોટો અવરોધ બની રહે છે.''

સંત હસન મૌન રહીને રાબિયાની વાત સાંભળી રહ્યાં.

રાબિયાએ પોતાની વાત આગળ ચલાવી , ''મને થાય છે કે આ વિદ્યા પ્રાપ્ત કરતાં આપણે આપણા ઘણાં કીમતી વરસો ગુમાવ્યાં! જુઓ, પાણીમાં સ્થિર રહેવાની શક્તિ તો એક માછલીમાં પણ હોય છે અને આકાશમાં ઊડવાની શક્તિ પંખીઓમાં પણ હોય છે. છતાં માછલી કે પંખીઓ આ વિદ્યાથી પ્રભુપ્રાપ્તિ કરી શકતાં નથી. એ જ વસ્તુ આપણા માટે પણ સત્ય છે! સાચી વિદ્યા તો એ જ ગણાય જે ઈશ્વરદર્શન કરાવી શકે. આપણા બંનેની વિદ્યા આ રીતે સાવ નિરર્થક છે! ''

કઈ વિદ્યા સાર્થક ગણાય અને કઈ નિરર્થક ગણાય તેનું સાચું જ્ઞાન સંત હસનને આજે રાબિયા પાસેથી પ્રાપ્ત થવા પામ્યું.

## ચાબૂકનો માર

કવિ નિરાલાજીને મળવા એક વાર કોઈ એક ઉચ્ચ અધિકારી એક કાર લઈને આવ્યા હતા. તેમણે પોતાની કાર નિરાલાજીના ઘર પાસેની સડકની વચ્ચોવચ પાર્ક કરી હતી. આમ, કાર પાર્ક કરીને જ તેમણે નિરાલાજીના ઘરમાં પ્રવેશ કર્યો હતો.

દરમ્યાન એક ગાડાવાળો ત્યાંથી પસાર થયો. તેણે બહુ સાચવીને પોતાનું ગાડું ચલાવ્યું, છતાં માર્ગ એટલો બધો સાંકડો હતો કે ગાડું કાર સાથે અથડાયું અને કારના આગળના ભાગે સાવ મામૂલી નુક્સાન થયું. પેલા અધિકારીએ નિરાલાજીના મકાનની બારીમાંથી આ જોયું કે તરત જ તેઓ બહાર આવ્યા અને પેલા ગાડાવાળા પાસે જઈ પહોંચ્યા. પહોંચીને તરત જ તેમણે ગાડાવાળાના હાથમાંથી ચાબૂક આંચકી લીધી અને એ જ ચાબૂકથી તેઓ ગાડાવાળાને ફટકારવા લાગ્યા.

આ બાજુ નિરાલાજી બારીમાંથી આ દૃશ્ય જોઈ રહ્યા હતા. તેમનાથી આ સહન થઈ શક્યું નહિ. તેઓ તે જ ક્ષણે દોડતા દોડતા સડક પર આવી પહોંચ્યા અને અધિકારીના હાથમાંથી ચાબૂક આંચકી લઈ, અધિકારીને જ ચાબૂક ફટકારવા માંડ્યા.

અધિકારી ચીસ પાડીને બોલી ઉઠ્યા, ''અરે નિરાલાજી, મને કાં ચાબૂક ફટકારો છો?''

નિરાલાજીએ અધિકારીને જવાબ આપતાં કહેવા માંડ્યું, ''જે મનુષ્ય હોવા છતાં, અને સભ્ય તથા સુશિક્ષિત હોવા છતાં અમાનુષી કાર્ય કરે છે તેની સાથે નિરાલાજીનો આવો જ વ્યવહાર રહે છે!

ગાડાવાળાને તમે ચાબૂક માર્યા તેની એને કેવી વેદના થતી હશે તેનો હવે તમને સાચો ખ્યાલ આવશે.''

## રાષ્ટ્રપ્રતિષ્ઠાનું મહત્વ

ભારતીય સંસ્કૃતિ અને વેદાંતના પ્રચારના અર્થે સ્વામી વિવેકાનંદ અમેરિકાની મુલાકાતે હતા તે સમયની એક વાત છે.

એક વાર કશાક કામવશાત્ તેમને એક નગરથી બીજા નગર જવાનું થયું. તેઓ સ્ટેશન પર આવ્યા અને ગાડી આવવાની રાહ જોતા પ્લેટફોર્મ પર એક બાંકડા પર બેઠા. ગાડીને આવવાને હજી ખાસ્સી વાર હતી. દરમિયાન સ્વામીજીને ફળ ખાવાની મનમાં ઈચ્છા થઈ આવી, પણ કોઈ ફળવાળો એમની નજરે પડ્યો નહિ કે જેની પાસેથી તેઓ ફળ ખરીદે.

કોઈ ફળવાળો નહિ દેખાવાથી તેઓ સ્વગત બોલી ઊઠ્યા કે, શું અમેરિકામાં ફળનો દુકાળ હશે?

તેઓ જે બાંકડા પર બેઠેલા એ જ બાંકડા પર કોઈ અમેરિકન સજ્જન બેઠા હતા. એ સજ્જનના કાને સ્વામીજીના આ શબ્દો પડ્યા કે તરત જ તેમણે પોતાની એક ટોપલીમાંથી એક ફળ કાઢી સ્વામીજીના હાથમાં ધર્યું અને કહ્યું, 'લ્યો, આ ફળ.'

પણ સ્વામીજી એમ સમજ્યા કે આ માણસ કોઈ ફળ વેચનારો છે, એટલે એમણે એ સજ્જન સામે થોડા પૈસા ધર્યા અને કહ્યું, ''લ્યો, આ ફળની કિંમત.''

''એક શરતે હું તમારી પાસેથી પૈસા લઈ શકું ! ''

સ્વામીજીને થયું કે ફળના પૈસા લેવામાં પણ શરત ! છતાં એમણે કહ્યું, ''બોલો, શી શરત ?''

પેલા સજ્જને સ્વામીજીને કહ્યું, ''આપ કોઈ ભારતીય જન લાગો છો, ખરું ને ? તમારા દેશ ભારતના લોકોને કદી તમારે એક વાત કહેવી નહિ.''

''કઈ વાત?''

''તમારે ભારતીય લોકોને કહેવું નહિ કે અમેરિકામાં ફળ મળતાં નથી અથવા તો અમેરિકામાં ફળનો દુકાળ છે.''

પોતાના રાષ્ટ્રની પ્રતિષ્ઠાની રખેવાળી કરવાની આ અમેરિકનની કેવી ચીવટ!

## શબ્દોનો જાદુ

ગાંધીજીએ જેમને પોતાના ગુરુ માન્યા હતા એ મહાન દેશભક્ત શ્રી ગોપાલકૃષ્ણ ગોખલેના વિશાળ મિત્રસમુદાયમાં શ્રીમતી રે નો પણ સમાવેશ થતો હતો.

ગોખલેજી અને શ્રીમતી રે વચ્ચે ઘણીવાર અનેક વિષયો પર વાર્તાલાપ થતો. એમાં રાજકીય અને ધાર્મિક પ્રશ્નો મુખ્ય રહેતાં.

એક દિવસ ચર્ચામાં જરા આવેશમાં આવી જઈને શ્રીમતી રે ગોખલેજીને કહેવા માંડ્યું, ''આપ દેશની સ્વતંત્રતા અને રાષ્ટ્રીય એકતાની મોટીમોટી વાતો કહ્યા કરો છો, પણ આપ ઈમાનદારીથી એમ કહી શકશો ખરા કે આપના સાથીઓ આપના વિચારોમાં સહમત છે? મારું માનવું છે કે દેશના નેતાઓમાં વાણી અને વર્તનની એકવાક્યતા નથી ! તેઓ બોલે છે કંઈક ને કરે છે કંઈક બીજું જ! આપનો જ દાખલો લઈએ. આપ આપની જાતને પ્રગતિવાદી ગણાવો છો, છતાં મને ખબર છે કે આપના ખમીશની નીચે જનોઈ છુપાઈ છે. આપ જ્ઞાતિવાદનો વિરોધ કરો છો, છતાં જનોઈ દૂર કરવાની આપનામાં હિંમત નથી. આમ, આપનામાં પણ વાણી અને વર્તનની એકવાક્યતા ક્યાં છે?'

બીજે દિવસે શ્રીમતી રેને ગોખલેજી તરફથી એક કવર મળ્યું. તેમાં જનોઈ ના ટુકડા હતા, સાથે એક પત્ર હતો.

પત્રમાં લખ્યું હતું, ''તમે મને જે શબ્દો કહ્યા તે બદલ તમારો હું ઋણી છું. હું સ્વીકારું છું કે આ ધાગો(જનોઈ) મારા ગળામાં પહેરવાનો મને કોઈ અધિકાર નથી. આજથી મારી વાણી અને વર્તનમાં એકવાક્યતા આવે તે માટેના પ્રયાસો કરતો રહીશ. ઈશ્વરની મારા પર કૃપા હશે તો મારા પ્રયાસો સફળ રહેશે.''

શબ્દોનો કેવો મોટો પ્રભાવ!

# જીવનસુમન : દિવાળી પુસ્તિકા

**વિ. સં. ૨૦૭૬**

(૧) કવર સાથે **'જીવનસુમન'** ગુજરાતી પુસ્તિકાની પડતર કિંમત એક નંગના રૂા. ૮/- (આઠ રૂપિયા પૂરા) રાખેલ છે.

(૨) નામ-સરનામું છાપવા માટે ઓછામાં ઓછો ૫૦૦ પુસ્તિકાઓનો ઓર્ડર હોવો જરૂરી છે. તેનો પ્રિન્ટીંગ ખર્ચ એક નંગના રૂા. ૧/- (અંકે એક પૂરા) ચૂકવવાના રહેશે.

(૩) ઓર્ડરફોર્મ મુજબ પુસ્તિકાની કિંમત તથા પ્રિન્ટિંગ ચાર્જ તેમજ પોસ્ટેજ ખર્ચની રકમ રૂબરૂ અથવા ડ્રાફ્ટ કે મનીઓર્ડર દ્વારા **શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**ના સરનામે ઓર્ડરફોર્મ સાથે જ મોકલવાની રહેશે. **ઓર્ડરફોર્મ સાથે જેમનું પેમેન્ટ આવશે, તેમના ઓર્ડર જ સ્વીકારવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.**

(૪) તા. ૨૦-૧૦-૨૦૧૯ સુધીમાં ઑર્ડરફોર્મ મોકલી આપવા વિનંતી છે. નામ અને સરનામું અંગ્રેજી કે ગુજરાતીમાં જે રીતે છાપવાનું હોય તે પ્રમાણે જ ફોર્મ ભરવું. **સંપર્ક : શ્રી વિજયભાઈ પટેલ : મો. ૯૩૨૭૦૯૦૩૯૩, ૭૬૯૮૭૫૭૩૧૯**

## દિવાળી પુસ્તિકા માટેનું ઓર્ડરફોર્મ

**કેટલા નંગનો ઑર્ડર છે ? ____________ નામ છાપવાનું છે ? ________હા/________ના**

**નામ/એડ્રેસ જે પ્રમાણે છાપવાનું હોય તેની વિગત આ બોક્સમાં બની શકે તો ટાઈપ કરીને આપો.**

**તમારું ઇ-મેલ એડ્રેસ :________________________ ફોનઃ ____________**

**નીચેના સેવાભાવી મહાનુભાવો પાસેથી દિવાળી પુસ્તિકાઓ પ્રાપ્ત થઈ શકશે.**

## સંપર્કસૂત્રો :

### AHMEDABAD

(૧) **શ્રી મુકેશભાઈ આર. શેઠ**
શેઠ સન્સ : ફોન : (ઓ) ૨૫૩૫૬૬૪૬
(ઘર) ૨૬૪૦૧૨૫૧
મો. ૯૮૨૫૫ ૧૮૮૦૦

(૨) **ડૉ. રાજેશભાઈ સોનેજી,** સોનેજી હૉસ્પિટલ
ફોન : ૨૫૩૨૩૪૫૪, ૯૮૨૪૦ ૪૭૬૨૧

(૩) **શ્રી જયેશભાઈ શાહ,** શાલિભદ્ર સ્ટેશનર્સ
ફોન : ૨૫૬૨૧૪૯૭, ૨૫૬૨૧૭૪૮
મો. ૯૯૦૯૦ ૦૬૦૪૮

(૪) **શ્રી સદ્ગુરુપ્રાસાદ** - પુષ્પવીલા, મીઠાખળી.
ફોન : ૨૬૫૬૮૪૨૩
ભૂપતભાઈ : મો. ૯૯૨૪૬૩૫૨૬૧

### MUMBAI

(૧) **શ્રી કાંતિભાઈ કારાણી** (રૂપમ ડ્રાયફ્રુટ્સ)
મોબાઈલ : ૯૦૦૪૦ ૪૪૪૦૫
ફોનઃ(૦૨૨)૨૮૮૨૯૨૪૯/૨૮૮૯૭૩૮૦

(૨) **શ્રી દીનાબેન નગીનભાઈ પંચમિયા**
વિનોદ ટી સેન્ટર, મો.૦-૯૨૨૨૦૭૭૬૩૯
ફોન : (૦૨૨) ૨૫૦૧૧૮૯૭
મો. ૦-૯૨૨૪૪૧૨૪૧૨

(૩) **શ્રી પુનિતભાઈ એસ. મહેતા**
C/o. મહેતા બ્રધર્સ એન્ડ કંપની
ફોન : (૦૨૨) ૨૨૬૭૪૯૪૦
મો. ૦-૯૮૨૦૪ ૦૦૨૬૭

(૪) **શ્રી નીતિનભાઈ પારેખ**
ફોન : (૦૨૨) ૨૪૦૭૬૨૦૦
મો. ૦-૯૮૨૦૩ ૨૯૨૭૭

**BANGLORE**

**શ્રી જયેશભાઈ જૈન** (સુજય એન્ટરપ્રાઈઝ)
ફોન : (૦૮૦) ૨૨૮૭૨૯૮૯,
મો. ૦-૯૩૪૧૦૪૧૮૪૭
૦-૯૯૪૫૮ ૨૨૮૫૬, ૦-૯૯૮૦૭ ૨૪૬૧૯

**CHENNAI**

**શ્રી નવનીતભાઈ પી. શાહ**
ફોન : (૦૪૪) ૨૮૩૪૦૭૩૦
મો. ૦-૯૮૪૦૯ ૮૫૦૯૮

**HIMATNAGAR**

**શ્રી જયંતીભાઈ કે. શાહ**
ફોન : (૦૨૭૭૨) ૨૩૪૬૪૮, મો. ૯૩૭૭૪ ૬૭૯૫૬

**KOLKATA**

**શ્રી અશ્વિનભાઈ ભાનુભાઈ દેસાઈ**
૩૫-૧, જવાહરલાલ નહેરુ રોડ,
કૈલાસ બિલ્ડીંગ, ફ્લેટ નં. ૧૧એ, કોલકાતા.
મો. ૦-૯૩૩૧૦ ૮૫૮૪૯/૪૭

**LAXMIPURA**

**શ્રી લાલજીભાઈ પટેલ** - ફોન : (૦૨૭૭૫) ૨૪૧૩૭૪
મો. ૯૯૨૪૭૪૨૨૭૫, ૭૬૯૮૨૮૪૭૪૫

**LIMBDI**

**શ્રી ડૉ. હેમંતભાઈ ડગલી**
ફોન : (૦૨૭૫૩) ૨૬૦૨૯૮૦
મો. ૯૩૭૬૬૫૫૭૦૧, ૯૩૭૬૬૫૫૫૦૨

**PUNE**

**શ્રી શૈલેષભાઈ પ્રતાપભાઈ મહેતા**
ફોન : (૦૨૦) ૨૪૪૫૪૪૬૪, ૦-૯૭૬૩૭૨૮૨૮૯

**RAJKOT**

**શ્રી નરેન્દ્રભાઈ વૃજલાલ શાહ**
ફ્લેટ નં. ૨, કૃતિ ગોલ્ડ એપાર્ટમેન્ટ,
૪, બાલમુકુંદ પ્લોટ, નિરમલા કોન્વેન્ટ રોડ,
રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૫૮૫૧૯૦
મો. ૯૪૨૭૨ ૫૪૫૫૯

**RAKHIYAL**

**શ્રી રામજીભાઈ પટેલ** (લોકનાદ શિક્ષણ સંકુલ)
ફોન : (૦૨૭૧૬) ૨૬૭૬૩૩, ૯૮૨૫૪૮૪૭૯૫

**SURENDRANAGAR**

**શ્રી અપૂર્વભાઈ સુરેશભાઈ શેઠ**
વર્ધમાન મૂળજી એન્ડ સન્સ
ફોન : (૦૨૭૫૨) ૨૩૨૩૦૬, ૨૮૫૧૭૮
મો. ૯૮૨૫૩ ૫૫૯૨૧, ૯૪૨૬૭ ૫૫૧૬૬

**VADODARA**

**શ્રીમતી શિલ્પાબેન પુલકિતભાઈ મહેતા**
C/o. ભારત ઉદ્યોગ હાટ
ફોન : (૦૨૬૫) ૨૪૨૬૭૯૭,
(ઘર) ૨૪૮૧૭૩૮, મો. ૯૩૭૬૨ ૧૬૨૬૬

**OVERSEAS**

**U. K. (0044)**

1. Mrs. Shrutiben Malde - Ph. 208-668-3057
2. Mr. Vinaybhai K. Shah
   Ph. 208-951-5424, 740-711-9456
3. Mr. Harshadbhai Sanghrajka
   Ph. 208-954-9632, 192-324-9898
   M. 0044-796-972-2109

**U.S.A. (001)**

4. Mr. Prafulbhai Lakhani
   Ph. 631-423-9647, (O) 516-679-1200
   M. 516-901-9368
5. Mr. Mahedrabhai Khandhar
   Ph. 714-894-2930, 714-376-5112
6. Mr. Birenbhai Pravinbhai Mehta
   Ph. 714-389-3672

**KENYA**

7. Mr. Manubhai S. Shah, Ph. 254-2375-1679

**CANADA (Toronto)**

8. Mr. Jyotindrabhai Soneji, Ph. 905-669-5318

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૧૪-૧૦-૨૦૧૯ | આસો વદ એકમ | સોમવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન તથા લઘુરાજ સ્વામીની જન્મતિથિ |
| ૨૬-૧૦-૨૦૧૯થી ૨૯-૧૦-૨૦૧૯ | આસો વદ તેરસથી કાર્તિક સુદ એકમ | શનિવારથી મંગળવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૧-૧૧-૨૦૧૯ | કાર્તિક સુદ પાંચમ | શુક્રવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૧૨-૧૧-૨૦૧૯ | કાર્તિક સુદ પૂનમ | મંગળવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતિ (દેવદિવાળી) |
| ૧-૧૨-૨૦૧૯થી ૩-૧૨-૨૦૧૯ | | રવિવારથી મંગળવાર | પૂજ્યશ્રીના જન્મદિન નિમિત્તે આધ્યાત્મિક શિબિર |

## સંસ્થામાં શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના સાનંદ સંપન્ન

સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજીની પાવન નિશ્રામાં તા. ૨૬-૦૮-૨૦૧૯ થી તા. ૦૨-૦૯-૨૦૧૯ દરમિયાન શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના સાનંદ સંપન્ન થઇ. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રતિભાવંત મુમુક્ષુ આદ. શ્રી શરદભાઇ ડેલીવાળાએ કર્યું હતું.

**સ્વાધ્યાય :** પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય વીડિયો કેસેટના આધારે યોજાયા હતા, જેમનો વિષય હતો શ્રી પદ્મનંદિપંચવિંશતિ - આલોચના અધિકાર.

સંસ્થાના સાધકવિશેષ, ત્યાગી અને પ્રતિભાસંપન્ન બા.બ્ર. આદ. સુરેશજીએ સિદ્ધર્ષિગણિની રૂપકકથા 'ઉપમિતિભવપ્રપંચકથા' ના આધારે સ્વાધ્યાય આપ્યા હતા. આ કથા અત્યંત વૈરાગ્યપ્રેરક છે. જીવની નિગોદથી માંડીને મોક્ષ સુધીની યાત્રાનું તેમાં રોચક વર્ણન કરવામાં આવ્યું છે. શ્રીમદ્ સિદ્ધર્ષિ ગણિ ૧૦ મી સદીમાં થઇ ગયા. તેમણે ૧૬,૦૦૦ શ્લોક પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે. શ્રી દેવેન્દ્ર મુનિએ ૬૦૦૦ શ્લોક પ્રમાણ આ ગ્રંથનું સંક્ષેપ્તીકરણ કર્યું છે. કથામાં ૨૫૦૦ પાત્રો અને આઠ વિભાગ (અધ્યાયો) છે. આદ. શ્રી સુરેશજીએ જણાવ્યું કે જે આત્માનું રંજન કરે તે ધર્મકથા. તેમાં શાંતરસની પ્રધાનતા હોય છે. ધર્મકથા ચાર પ્રકારે હોય છે - (૧) આક્ષેપિણી (૨) નિક્ષેપિણી (૩) નિર્વેદિની અને (૪) સંવેગિની કથા. ધ્યાન અને સમાધિ માટે મૌન એ ઉત્તમ સાધના છે. જીવ વેદના સાથે એવો એકમેક થઇ જાય છે કે વેદનાથી છૂટવાનો પણ તેને વિચાર આવતો નથી ! મનુષ્યભવની પ્રાપ્તિ દુર્લભ છે. તેમાં પણ સત્‌દેવ-ગુરુ-ધર્મનો સંયોગ તો ક્યારેક જ મળે. સંસારમાં નિઃસ્વાર્થ પ્રેમ કરનારા વીરલા છે. સદ્‌ગુરુના સાન્નિધ્યમાં અસંભવ લાગતી બાબતો પણ સંભવિત બની જાય છે. સર્વસંગપરિત્યાગ કરીને ખોટાં વિચારો, ખોટાં કાર્યો કરે તો ઘણું પાપ લાગે. મોક્ષની સામગ્રી ઉપલબ્ધ કરાવે તે ખરું પુણ્ય છે. શ્રી તીર્થંકર કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં

સુધી બોધ આપતા નથી. અયોગ્ય વ્યક્તિને સમજાવવા જતાં ઊલટું પરિણામ આવે છે. વ્યક્તિરાગ ન જાય ત્યાં સુધી તત્ત્વનિષ્ઠ થવાતું નથી. મોક્ષમાર્ગમાં અધિક ઉપયોગી જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે. આગમ (શાસ્ત્ર) ની ઉપાસના કરીએ તો સંકલ્પ-વિકલ્પો પરેશાન કરતા નથી. પૂજા-પ્રતિષ્ઠાનો લોભ છોડવો કઠિન છે. સંસારી જીવો માટે ત્રણ શ્રેષ્ઠ ઔષધિઓ (૧) વિમલાલોક અંજન; જેથી દષ્ટિદોષ દૂર થાય (૨) તત્ત્વપ્રીતિકર તીર્થજળ; જેનાથી ઉન્માદ, સંસારરોગ શાંત થાય (૩) મહાકલ્યાણક ભોજન (ચારિત્ર દશા); જેથી પૂર્ણપદની પ્રાપ્તિ થાય. સંસારમાં ત્રણ પ્રકારના રોગી જીવો છે : (૧) સુસાધ્ય (૨) કષ્ટસાધ્ય (૩) અસાધ્ય રોગી. શ્રી સત્‌દેવ-ગુરુ-શાસ્ત્ર વારંવાર જીવને જાગૃત કરે છે છતાં તેઓ જાગૃત થતા નથી. જે જીવો તીવ્ર મોહને આધીન તથા કઠોર હૃદયવાળા હોય છે તેઓ નિગોદમાં જાય છે. જેટલું જ્ઞાન વધે તેટલો વેદનાનો અનુભવ વધતો જાય છે. શ્રેયમાર્ગે ચાલનારને સંસારમાર્ગે લાવવાનો પ્રયત્ન કરવો નહિ. નિગોદમાંથી નીકળવા જીવનો બુદ્ધિપૂર્વકનો પુરુષાર્થ હોતો નથી, ભવિતવ્યતાના કારણે ત્યાંથી જીવ નીકળે છે. સાધનાનું માપદંડ-આપણા કેટલા દોષો ઘટ્યા ? કેટલી નિઃસ્પૃહતા આવી ? કેટલી નિરાકુળતા-સાચી શાંતિનો અનુભવ થયો ? વિવશતાવશ વિષયોને રોકવાથી જે શુભ અધ્યવસાય થાય છે તેથી અકામ નિર્જરા થાય. નાની ઉંમરથી જ બાળકોની ખોટી વૃત્તિઓને મનોવૈજ્ઞાનિક ઢંગે સુધારવા પ્રયત્ન કરવો. કર્મનો વિપરીત ઉદય હોય તે સમયે ધીરજ રાખવી. બધી ઇન્દ્રિયોમાં સ્પર્શેન્દ્રિયને જીતવી કઠિન છે. દોષોનો સ્વીકાર કરી જીવ નિંદા-ગર્હા કરે તો તે દોષો ઘટતાં જાય છે. મત્સર (ઇર્ષા) દોષને કાઢવા સામેવાળાના પુણ્યના ઉદય અને પોતાના પાપના ઉદયનો સ્વીકાર કરવો.

**ભક્તિસંગીત :** મહાપર્વ દરમિયાન ત્યાગી યુવા સાધક ગ્રુપ - કોબા, મુમુક્ષુવૃંદ-કોબા, શ્રી લાલજીબાપા મુમુક્ષુમંડળ તથા સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ ભાવવાહી ભક્તિ પીરસીને સૌને પ્રભુ-ગુરુમય બનાવ્યા હતા.

**શીઘ્ર વક્તવ્ય :** મુમુક્ષુ ભાઇ-બહેનો આપેલા વિષય પર ચિંતન કરીને તેને અભિવ્યક્ત કરી શકે તેવા હેતુથી શીઘ્ર વક્તવ્યનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો; જેનું સુંદર સંચાલન બા.બ્ર.કપિલભૈયાએ કર્યું હતું. કાર્યક્રમમાં ભાગ લેનારા મુમુક્ષુઓ તથા તેઓના વિષયો નીચે મુજબ છે :-

| | | | |
|---|---|---|---|
| (૧) | શ્રી મિતેશભાઇ શાહ | - | પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન |
| (૨) | શ્રી નવનીતભાઇ મિશ્રા | - | કર્મનું સ્વરૂપ |
| (૩) | શ્રી અરવિંદભાઇ પ્રજાપતિ | - | જીવનમાં ગુરુનું મહત્ત્વ |
| (૪) | શ્રી રેખાબેન પરમાર્થી | - | આત્મજ્ઞાનની પ્રાપ્તિના ત્રણ ઉપાયો |
| (૫) | શ્રી ધૈર્યભાઇ | - | ક્ષમા |
| (૬) | શ્રી હિતેશભાઇ | - | નિયમિતતા |
| (૭) | શ્રી અરવિંદભાઇ કારાણી | - | સત્સંગનું માહાત્મ્ય |
| (૮) | શ્રી વિપુલભાઇ પટેલ | - | સત્ય |

**'જીવન સુમન'- દિવાળી પુસ્તિકાનું વિમોચન :** સંસ્થા પ્રકાશિત ઓગણચાલીસમી નૂતન દિવાળી પુસ્તિકા 'જીવનસુમન' નું વિમોચન તા. ૦૧-૦૯-૨૦૧૯ ના રવિવારના દિવસે પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. શ્રી શરદભાઇ જશવાણીએ આ પુસ્તિકા અંગેની માહિતી સંક્ષિપ્તમાં પ્રસ્તુત કરી હતી. એક મુમુક્ષુ બહેન, અમદાવાદ તરફથી પુસ્તિકાની પ્રભાવના કરવામાં આવી હતી.

**સાંસ્કૃતિક કાર્યક્રમ :-** મહાપર્વ દરમિયાન મુંબઇના મુમુક્ષુઓએ 'સદ્‌ગુરુ સંગાથે સમ્યગ્‌દર્શન' નાટ્યપ્રયોગ

કર્યો હતો. શ્રી શરદભાઇ ડેલીવાલા, શ્રી શરદભાઇ જશવાણી, શ્રી પારૂલબેન જશવાણી, શ્રી ઈલાબેન ડેલીવાલા, શ્રી દીનાબેન પારેખ, શ્રી જ્યોતિબેન શાહ તથા શ્રી ધૈર્યભાઈએ ખૂબ પ્રેમપરિશ્રમ લઈને, સુંદર અભિનય સાથે આ નાટક પ્રસ્તુત કર્યું હતું. આ નાટક અંતર્ગત પૂજ્યશ્રી સાથેના સંસ્મરણો વાગોળવામાં આવ્યા હતા. આ નાટક અંતર્ગત જીવનમાં સદ્‌ગુરુનું મહત્ત્વ, આત્મદર્શનની અગત્યતા, સમ્યગ્‌દર્શન માટે કેવા પ્રકારનો પુરુષાર્થ કરવો, સદ્‌ગુરુના અલૌકિક ગુણો વગેરે બાબતોને સુંદર રીતે પ્રસ્તુત કરવામાં આવી હતી. નાટક નિહાળી સૌનો ભાવોલ્લાસ વધ્યો અને સાધનામાર્ગે આગળ વધવાની પ્રેરણા મળી.

**તપની આરાધના :** તપ કરવાથી કર્મોની નિર્જરા થાય છે. કર્મનિર્જરા અર્થે મુમુક્ષુ ભાઇ-બહેનોએ ઉપવાસ, એકાસણા, ઊણોદરી, રસપરિત્યાગ, વૃત્તિપરિસંખ્યાન વગેરે અનેક તપની આરાધના કરી હતી. સર્વે તપસ્વી ભાઇ-બહેનોના તપની હૃદયપૂર્વક અનુમોદના કરીએ છીએ.

**પ્રકીર્ણ :** પર્વ દરમિયાન આદ. શ્રી અશોકભાઇ પી. શાહ તથા બા.બ્ર. અલકાબેને સૌને ધ્યાનનો અભ્યાસ કરાવ્યો હતો. જિનાભિષેક, જિનપૂજા, પ્રાતઃકાળની ભક્તિ, બૃહદ્ આલોચના, દેવવંદન વગેરે કાર્યક્રમો નિયમિત યોજાયા હતા. પર્વ દરમિયાન શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતના વિવિધ પત્રાંકોનું વાંચન નીચેના મુમુક્ષુ ભાઇ-બહેનોએ કર્યુ હતું. (૧) પૂજ્ય બહેનશ્રી - પત્રાંક-૬૦૯ (૨) શ્રી અશોકભાઈ શાહ - પત્રાંક-૫૬૯ (૩) શ્રી મહેન્દ્રભાઈ ખંધાર-પત્રાંક-૪૯૩ (૪) શ્રી હીનાબેન હરિયા-પત્રાંક-૨૫૪ (૫) શ્રી મિતેશભાઈ શાહ-પત્રાંક-૫૨૫. પર્વ દરમિયાન સંસ્થાના પ્રકાશનો, વીડિયો કેસેટ વગેરે પર ૫૦% ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું. પર્વ દરમિયાન સ્વ. શ્રી સુમતિચંદ્ર એમ. દોશી, હસ્તે : નયનાબેન એમ. દોશી પરિવાર, મુંબઈ તરફથી તા. ૦૧-૦૯-૨૦૧૯ ના રોજ સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. તા. ૦૩-૦૯-૨૦૧૯ ના રોજ પારણાના દિવસે શ્રી ભાવનાબેન પ્રજ્ઞેશભાઈ પટેલ, કોબા તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. તા. ૦૩-૦૯-૨૦૧૯ ના દિવસે શ્રીમતી સરલાબેન બકુલભાઈ પારેખ, ચેન્નાઈ તથા શ્રીમતી મીનાબેન કિરણભાઈ તુરખિયા, ચેન્નાઈ તરફથી નૌકારશી/સામૂહિક પારણાનો લાભ આપવામાં આવ્યો હતો. આદ. રમાબેન પી. દેસાઇ (અમરેલી) તરફથી તા. ૦૧-૦૯-૨૦૧૯ ના રોજ નવકારશીમાં રાબ આપવામાં આવી હતી. તા. ૦૨-૦૯-૨૦૧૯ ના રોજ પ્રતિક્રમણ કરીને એકબીજાને 'મિચ્છામિ દુક્કડમ્' કહી સૌ છૂટા પડ્યા હતા. શ્રી ઈન્દિરાબેન ઝવેરી તરફથી સૌ માટે શ્રીફળની પ્રભાવના કરવામાં આવી.

## સંસ્થા સંચાલિત ગુરુકુળમાં જન્માષ્ટમીની ઉજવણી સાનંદ સંપન્ન

જૈન ધર્માનુસાર આવતી ચોવીશીમાં તીર્થંકર બનીને અજન્મા બનવાનું રિઝર્વેશન કરાવનાર શ્રીકૃષ્ણ મહારાજનો જન્મમંગળ દિન એટલે જન્માષ્ટમી. સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ-ગુરુકુળ' ના વિદ્યાર્થીઓએ ઉલ્લાસ અને ભક્તિપૂર્વક જન્માષ્ટમીની ઉજવણી માટે ઘણો પ્રેમપરિશ્રમ લીધો હતો. વિદ્યાર્થીઓએ ગૃહપતિશ્રી મેહુલભાઈ પંડ્યાના માર્ગદર્શન હેઠળ જાતે ગુરુકુળમાં ડેકોરેશન કરીને બ્રહ્માંડની પ્રતિકૃતિ બનાવી હતી. સુંદર ઝૂલો બનાવીને બાળકૃષ્ણને તેમાં બિરાજમાન કર્યા હતા. વિદ્યાર્થીઓના ઉત્સાહને વૃદ્ધિગત કરવા પૂજ્યશ્રી, પૂજ્ય બહેનશ્રી તથા સંસ્થાના મુમુક્ષુ ભાઇ-બહેનો ગુરુકુળમાં પધાર્યા હતા. વિદ્યાર્થીઓએ દાંડિયારાસ સાથે સૌનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. ભજનસંધ્યા અંતર્ગત ગૃહપતિશ્રી મેહુલભાઈએ ભજન પ્રસ્તુત કર્યા હતા. ઊછળતી ભાવોર્મિ સહ વિદ્યાર્થીઓએ રાસ તથા મટકીફોડના કાર્યક્રમો પ્રસ્તુત કર્યા. ભગતસિંહ વિશેના વક્તવ્યથી સૌમાં દેશપ્રેમની ભાવના પેદા થઈ. પૂજ્યશ્રી આત્માનંદજીએ 'ચલ ચલ રે નૌજવાન' શૌર્યગીત પ્રસ્તુત કરીને વિદ્યાર્થીઓને નીડરતાનો ગુણ કેળવવાનો અનુરોધ કર્યો હતો. પૂજ્ય બહેનશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે મહાપુરુષોની જન્મજયંતી ઉજવવાનું

મુખ્ય ધ્યેય તેમના જેવા ગુણો આપણા જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો તે છે. આદ. બા.બ્ર.શ્રી સુરેશજીએ જણાવ્યું કે અહિંસા માટે ભગવાન મહાવીર, કરુણા માટે મહાત્મા બુદ્ધ, મર્યાદા પુરુષોત્તમ તરીકે ભગવાન રામ જાણીતા છે તેમ પ્રેમાવતાર તરીકે શ્રીકૃષ્ણ ભગવાન પ્રસિદ્ધ છે. શ્રીકૃષ્ણના જીવનના બે મહત્ત્વના બિંદુ છે - પ્રેમ અને ન્યાયનો પક્ષ. પ્રેમને વશ થઇ તેઓએ દુર્યોધનના પકવાનનો ત્યાગ કરીને વિદૂરજીની ભાજી આરોગી હતી અને અન્યાયી કૌરવોને ત્યાગી ન્યાયી પાંડવોનો પક્ષ લીધો હતો.

વિદ્યાર્થીઓના સુંદર કાર્યક્રમથી અભિભૂત થઇ સંસ્થાના મુમુક્ષુ ભાઇ-બહેનોએ રૂા. ૨૨,૦૦૦/- ઈનામ તરીકે આપીને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરી હતી.

## આદ. શ્રી સવિતાબા / હંસાબેન ભાવસારની મુમુક્ષુકુટિરમાં પરમાત્માની મૂર્તિ, સંતોના ચિત્રપટાદિની સ્થાપનાનો મંગળ પ્રસંગ સાનંદ સંપન્ન

આદ. સવિતાબેન બળદેવભાઈ ભાવસાર તથા આદ. હંસાબેન ભાવસાર સંસ્થામાં મુમુક્ષુકુટિરમાં રહીને ઘણા વર્ષોથી સત્સંગ-સેવા-ભક્તિનો લાભ લે છે. સ્વ. બળદેવભાઈ ભાવસારે પણ સંસ્થામાં રહીને સત્સંગ-ભક્તિનો લાભ લઈ સારી સાધના કરી હતી. તેઓશ્રીની રિનોવેશન કરાવેલ મુમુક્ષુકુટિરમાં તા. ૧૮-૦૮-૨૦૧૯ ના રવિવારના દિવસે પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે ભગવાનની મૂર્તિ તથા સંતોના ચિત્રપટાદિની સ્થાપનાનો મંગલ પ્રસંગ યોજાઈ ગયો. ત્રણ મંત્રની માળા તથા ભાવવાહી ભક્તિપદો દ્વારા વાતાવરણમાં પવિત્રતાના સ્પંદનો પ્રસરી ગયા. આવા ભાવવાહી અને પવિત્ર વાતાવરણમાં પૂજ્યશ્રીની ૐકારના આલેખન દ્વારા પ્રભુ મહાવીરની મૂર્તિ તથા પરમકૃપાળુદેવના ચિત્રપટ આદિની સ્થાપના કરવામાં આવી. પૂજ્યશ્રી આત્માનંદજીએ આ પ્રસંગે જણાવ્યું કે મોક્ષમાર્ગમાં આગળ વધવા સંતોના આશીર્વાદ સાથે સત્પુરુષાર્થની આવશ્યકતા છે. પૂજ્યશ્રીએ આશીર્વચન આપીને સૂત્ર બોલાવ્યું હતું. પ્રસાદ લઈ સૌ સ્વસ્થાને ગયા.

## ગુરુકુળના વિદ્યાર્થીઓની સાયન્સ સીટીની મુલાકાત

સંસ્થામાં મુમુક્ષુશ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ / ભાવનાબેન પટેલ અવારનવાર પધારીને સત્સંગ-સેવા-ભક્તિનો લાભ લે છે. શ્રી પ્રજ્ઞેશભાઈ નિઃસ્વાર્થભાવે ગુરુકુળમાં સેવાઓ આપે છે. તેઓ વિદ્યાર્થીઓને ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયો ખૂબ સારી રીતે ભણાવે છે. ગુરુકુળના વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે હેતુથી આદ. શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલની પ્રેરણાથી તા. ૨૩-૦૮-૨૦૧૯ ના દિવસે સાયન્સ સીટીની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માટે તેઓશ્રીએ આર્થિક સહયોગ પણ આપ્યો હતો.

સાયન્સ સીટીમાં વિદ્યાર્થીઓએ એનર્જી પાર્ક (થર્મલ પાવર પ્લાન્ટ, હાઈડ્રો પાવર પ્લાન્ટ, સોલાર એનર્જી, વીન્ડ એનર્જી, એટોમીક એનર્જી), લાઈફ સાયન્સ પાર્ક (વનસ્પતિની વિવિધતા), આઈમેક્સ થીયેટર (થ્રી ડી થિયેટર) માં Born to the wild ફિલ્મ નિદર્શન, થ્રીલ રાઈડરનો અનુભવ, મિશન ટુ મંગળ, Hall of Space and Science વગેરે અનેક બાબતોની જાણકારી મેળવી - આનંદ માણ્યો.

ગુરુકુળના વિદ્યાર્થીઓને સાયન્સસીટીની મુલાકાત માટે વિશેષ યોગદાન આપવા બદલ શ્રી પ્રજ્ઞેશભાઈને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

| | | | |
|---|---|---|---|
| **જ્ઞાનદાન :** | (૧) | શ્રી સવિતાબેન એસ. શાહ, લંડન (સાધારણ ખાતું) | રૂા. ૯,૦૦,૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| **ગુરુકુળ :** | (૧) | શ્રી શૈલાદેવી નવલકિશોર સિદ્ધસેન જૈન<br>હસ્તે : શ્રી સુરેખાબેન પ્રદીપકુમાર જૈન, અમદાવાદ<br>(સાધક ઉત્કર્ષ, કાયમી તિથિ, વૈયાવચ્ચ, જીવદયા) | રૂા. ૫,૦૧,૦૦૦/- |
| | (૨) | શ્રી પ્રકાશભાઇ ડી. શાહ, મુંબઇ<br>હસ્તે : શ્રી ઉષાબેન કે. શેઠ | રૂા. ૩૧,૦૦૦/- |
| | (૩) | શ્રી સલોનીબેન જે. શાહ, (USA)<br>હસ્તે : શ્રી હર્ષદભાઇ શાહ | રૂા. ૨૯,૦૦૦/- |
| | (૪) | શ્રી દિનેશચંદ્ર એસ. બાવીસી, રાજકોટ | રૂા. ૨૦,૫૦૦/- |
| | (૫) | ડૉ. મધુકરભાઇ ડી. શાહ, મુંબઇ<br>હસ્તે : શ્રી ઉષાબેન કે. શેઠ | રૂા. ૨૦,૦૦૦/- |
| **ભોજનાલય :** | (૧) | શ્રી ભાવનાબેન પ્રજ્ઞેશભાઇ પટેલ, કોબા | રૂા. ૨૧,૦૦૦/- |
| | (૨) | શ્રી લક્ષ્મીબેન મણિલાલ શાહ, મુંબઇ<br>હસ્તે : શ્રી મણિલાલ શાહ | રૂા. ૨૧,૦૦૦/- |
| **દૈનિક ભક્તિ CD :** | (૧) | શ્રી અનુપમભાઇ આર. શાહ, કોબા | રૂા. ૧૧,૦૦૦/- |
| **સાધારણ ખાતું :** | (૧) | શ્રી સ્મિતાબેન શાહ, USA<br>હસ્તે : શ્રી પ્રફુલભાઇ લાખાણી | $ ૨૦૧/- |

## અનુમોદના



(૧) 'દિવ્યધ્વનિ' માં અવારનવાર ચિંતનાત્મક લેખો પ્રસ્તુત કરતા લેખક, સાહિત્યકાર આદ. શ્રી ગુણવંતભાઇ બરવાળિયાને ગુજરાતી સાહિત્ય અકાદમી, મહારાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૧૮ નો વાડીલાલ ડગલી પ્રથમ એવોર્ડ તેઓના પુસ્તક 'વિશ્વકલ્યાણની વાટે' માટે અર્પણ કરવામાં આવ્યો. તા. ૨૧-૦૮-૨૦૧૯ ના રોજ ઉપરોક્ત પુરસ્કાર અંતર્ગત ગુજરાત સાહિત્ય અકાદમી, મહારાષ્ટ્ર દ્વારા રૂા. ૧૫,૦૦૦/-, સન્માનચિહ્ન તથા સન્માપત્ર અર્પણ કરી શ્રી ગુણવંતભાઇનું બહુમાન કરવામાં આવ્યું. શ્રી ગુણવંતભાઇ જૈન કોન્ફરન્સના મંત્રી, મુનિશ્રી સંતબાલજી પ્રેરિત વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, મુંબઇ-ચીંચણી, કલ્પતરુ સાધના કેન્દ્ર - દેવલાલી, પારસધામ સંઘ - ઘાટકોપર શ્રી પ્રાણગુરુ જૈન સેન્ટર, એમ. બી. બરવાળિયા ફાઉન્ડેશનની સ્પંદન હોલીસ્ટિક ઇન્સ્ટિટ્યુટ વગેરે સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે નિઃસ્વાર્થભાવે સેવાઓ આપી રહ્યા છે. તેઓ જૈન વિશ્વકોશ તથા જૈન આગમ મિશન સાથે સંકળાયેલા છે. દેશ-વિદેશમાં તેઓના સફળ પ્રવચનો યોજાયા છે. અનેક પુસ્તકોના સર્જન અને સંપાદન તરીકે તેઓશ્રીએ સાહિત્યક્ષેત્રે આપેલી સેવાઓ નોંધપાત્ર છે. વિનમ્ર, સરળ, પ્રતિભાસંપન્ન, શાસનપ્રેમી તેમજ બહુમુખી પ્રતિભા ધરાવતા આદ. શ્રી ગુણવંતભાઇને ઝળહળતી સફળતા મેળવવા બદલ સમગ્ર કોબા પરિવાર અનેકશઃ ધન્યવાદ સહ અનુમોદના કરે છે અને તેઓશ્રીના સફળ જીવન માટેની શુભકામનાઓ પાઠવે છે.

(૨) સંસ્થાના સેવાભાવી અને ધાર્મિક-આધ્યાત્મિક દંપતી આદ. ઉષાબેન કિશોરભાઇ શેઠના દોહિત્રી કુ. ઝરીન સૈફી (ઉ.વ. ૧૫) અમેરિકાથી સાત દિવસ માટે સંસ્થા સંચાલિત ગુરુકુળના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર શીખવવા માટે સ્પેશ્યલ પધાર્યા હતા. ભાષાની મુશ્કેલી હોવા છતાં તેણે વિદ્યાર્થીઓને ઉત્સાહપૂર્વક કમ્પ્યુટર

શીખવવામાં મહત્ત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો. તેઓની હિંમત અને સેવાભાવનાની સંસ્થા હર્ષપૂર્વક અનુમોદના કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ કુ. ઝરીનના મોટા બહેન પણ ત્રણ અમેરિકન વિદ્યાર્થિનીઓ સાથે સંસ્થામાં પધારીને ૧૦ દિવસ સુધી ગુરુકુળમાં સેવાઓ આપી હતી.

**શ્રી સદ્‌ગુરુપ્રસાદ...**

(પાના નં. ૫ પરથી ચાલુ...)

વર્તીએ છીએ તે જગતને દેખાડવાની જરૂર નથી; પણ આત્માને આટલું જ પૂછવાની જરૂર છે, કે જો મુક્તિને ઇચ્છે છે તો સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષને મૂક અને તે મૂકવામાં તને કંઇ બાધા હોય તો તે કહે. તે તેની મેળે માની જશે અને તે તેની મેળે મૂકી દેશે.

જ્યાં ત્યાંથી રાગ-દ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે; અને તે તમને અત્યારે બોધી જઉં છું. પરસ્પર મળીશું ત્યારે હવે તમને કંઇ પણ આત્મત્વ સાધના બતાવાશે તો બતાવીશ. બાકી ધર્મ મેં ઉપર કહ્યો તે જ છે અને તે જ ઉપયોગ રાખજો. ઉપયોગ એ જ સાધના છે. વિશેષ સાધના તે માત્ર સત્પુરુષનાં ચરણકમળ છે; તે પણ કહી જઉં છું.

આત્મભાવમાં સઘળું રાખજો; ધર્મધ્યાનમાં ઉપયોગ રાખજો; જગતના કોઇ પણ પદાર્થ, સગાં, કુટુંબી, મિત્રનો કંઇ હર્ષ-શોક કરવો યોગ્ય જ નથી. પરમશાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મત ધર્મ છે અને એ જ ઇચ્છામાં તે મળી જશે, માટે નિશ્ચિંત રહો. હું કોઇ ગચ્છમાં નથી; પણ આત્મામાં છું; એ ભૂલશો નહીં.

દેહ જેનો ધર્મોપયોગ માટે છે, તે દેહ રાખવા જે પ્રયત્ન કરે છે, તે પણ ધર્મને માટે જ છે.

વિ૦ રાયચંદ્ર.

## ભીની પાંપણે ખમીએ આપણે

કાચના વાસણ કરતાંય નાજુક હોય છે મન... ।

આ મનને ક્યારેક વચનના વજનદાર પાષાણ ટકરાય છે અને આ નાજુક મન ખંડ ખંડમાં વહેંચાઇ જાય છે. ખંડ ખંડમાં વહેંચાયેલા આ મનને અખંડ કરી શકે એવું સોલ્યુશન આજ સુધી કોઇ વૈજ્ઞાનિક શોધી શક્યું નથી. પણ... પરમાત્માના શાસને આ તૂટેલા મનને, નંદવાયેલા દિલને ફરીથી અખંડ કરવાનો અદ્‌ભુત સફળ પ્રયોગ બતાવ્યો છે અને એ છે.... મિચ્છા મિ દુક્કડમ્, જેને આપણે ક્ષમાયાચના કહીએ છીએ.

પ્રભુ વીરના શાસનમાં આપણા સૌનું મધુર મિલન થયું છે. આ મિલનની પળોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ મનદુઃખ થવું એ સહજ અને સ્વાભાવિક છે. ક્યારેક આ મનદુઃખ મોટું સ્વરૂપ ધારણ કરી લે છે. પરિણામે અબોલા, નફરત, ઘૃણા, તિરસ્કાર અને વેરઝેર ઉત્પન્ન થઇ જાય છે. આ બધાથી મુક્ત થવા સમતાની સાધના આત્મસાત્ કરીએ તો ચિરકાળ સંઘરેલા વૈરભાવનું વિસર્જન શક્ય બને.

માત્ર આ જ ક્ષમાપનાની તાકાત છે કે મનની કરમાયેલી નાજુક વેલને નવપલ્લવિત કરી દે ! આવો, પર્વના પુનિત પ્રસંગે વૈરીને વહાલ કરી, વૈરનું વિસર્જન કરી મૈત્રીનું સર્જન કરીએ.

સંવત્સરી મહાપર્વની સંધ્યાએ ૮૪ લાખ જીવયોનિના જીવોને મન, વચન, કાયાના ત્રિયોગે અંતરના શુદ્ધ ભાવોથી ખમાવીએ છીએ.

**''ભીની ભીની પાંપણે, પર્વના આ ટાંકણે, પાર થવા ભવથી, ચાલો ખમીએ આપણે''**

જાણતાં-અજાણતાં અમારા તરફથી આપને કંઇ પણ મનદુઃખ થયું હોય તો 'દિવ્યધ્વનિ' ના સુજ્ઞ વાચકમિત્રોને અમારા મિચ્છા મિ દુક્કડમ્

**- તંત્રી, 'દિવ્યધ્વનિ' તથા સમસ્ત કોબા પરિવાર**

## આદ. સવિતાબા/હંસાબેન ભાવસારની મુમુક્ષુકુટિરમાં ભગવાનની મૂર્તિ, સંતોના ચિત્રપટાદિની સ્થાપના વેળાએ





## સંસ્થા સંચાલિત ગુરુકુળમાં જન્માષ્ટમીની ઉજવણી વેળાએ







સાહિત્યકારશ્રી
ગુણવંતભાઈ બરવાળિયાને
ગુજરાતી સાહિત્ય અકાદમી,
મહારાષ્ટ્ર
તરફથી વર્ષ ૧૯૧૮ નો
વાડીલાલ ડગલી
પ્રથમ એવોર્ડના
અર્પણ વેળાએ
(તા. ૨૨-૦૮-૨૦૧૯)



## સંસ્થા સંચાલિત ગુરુકુળના વિદ્યાર્થીઓની સાયન્સ સીટીની મુલાકાત





**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2018-2020**
**issued by SSP Ahmedabad valid upto 31-12-2020 - Publication Date 15th of every month**

## સંસ્થા પ્રકાશિત નૂતન દિવાળી પુસ્તિકા 'જીવનસુમન' ના વિમોચન વેળાએ (તા. ૧-૯-૨૦૧૯)






## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

૧ 'દિવ્યધ્વનિ' સપ્ટેમ્બર-૨૦૧૯ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ
**પૂજ્ય માતાપિતા કિરચંદભાઈ ધનકુંવરબેન કોઠારી, ગોંડલના આત્મશ્રેયાર્થે**
હસ્તે : ચંદ્રિકાબેન પ્રવીણચંદ્ર વીપાણી (USA) તરફથી
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' સપ્ટેમ્બર-૨૦૧૯ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ
**સ્વ. શ્રી મહેન્દ્રભાઈ જીવાલાલ શેઠના સ્મરણાર્થે**
હસ્તે : શ્રીમતી પદ્મિની અને જિજ્ઞાસુ શેઠ પરિવાર, USA તરફથી
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah

To,